MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શુક્રવાર । તા. ૨૦-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 ભારતમાં કોરોનાથી વધુ એક મોતઃ આંતરરાષ્ટ્રીય વિમાનોના લેન્ડિંગ પર પ્રતિબંધ

5 બોલિવૂડમાં કોરોનાવાઈરસનું ગ્રહણ, રિયા ચક્રવર્તી-ટીવી એક્ટ્રેસ ટીનાના લગ્ન મોકૂફ

7 રાજ્યસભા ચૂંટણીમાં ભાજપની જીત પાક્કી, કોંગ્રેસ હજુ તુટશેઃ રૂપાણી

11 રાજપીપળા આયુર્વેદ દવાખાના ખાતે આખરે આયુર્વેદ ઉકાળા વિતરણ શરૂ કરાયું...

કોરોના વાયરસના આતંક વચ્ચે મોદીનું રાષ્ટ્રને સંબોધન

૨૨મીએ જનતા કર્ફ્યુ રાખવાનું મોદીનું સૂચન

કોરોના વાયરસને સંકલ્પ, સંયમથી પરાજિત કરવામાં મદદ મળશે : જીવન જરૂરી ચીજવસ્તુનો સંગ્રહ ન કરવા તથા પોતાને આઈસોલેટ રાખવાનો અનુરોધ

નવીદિલ્હી

કોરોના વાયરસના વિશ્વની સાથે સાથે ભારતમાં વધી રહેલા કેસો વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અનેક પ્રકારની અટકળો વચ્ચે રાષ્ટ્રને નામ સંબોધન કર્યું હતું જેમાં મોદીએ કોરોના વાયરસનો સામનો કરવા શ્રેણીબદ્ધ સૂચનો કર્યા હતા. સાથે સાથે જનતા કર્ફ્યુની અપીલ કરી હતી. કોરોના વાયરસ સામે લડવાને લઈને દેશમાં થઈ રહેલા પ્રયાસોના મુદ્દા ઉપર મોદીએ વાત કરી હતી. સાવચેતી રાખવા માટે અપીલ કરીને જનતા કર્ફ્યુની મોદીએ વાત કરી હતી. મોદીએ પોતાના સંબોધનમાં રવિવારના દિવસે એટલે કે ૨૨મી માર્ચના દિવસે સવારે સાત વાગ્યાથી લઈને રાત્રે નવ વાગ્યા સુધી તમામ દેશવાસીઓને જનતા કર્ફ્યુ રાખવાની અપીલ કરી હતી. આ જનતા કર્ફ્યુના ભાગરુપે કોઈપણ નાગરિકોને પોતાના ઘરમાંથી બહાર ન નિકળવા, માર્ગો ઉપર ન જવા, મોહલ્લામાં એકત્રિત ન થવાની અપીલ કરી હતી. પોતાના ઘરમાં જ રહેવાની મોદીએ અપીલ કરી છે. તેમણે કહ્યું હતું કે, જે જરૂરી કામગીરી સાથે જોડાયેલા છે તેમને બહાર નિકળવાની ફરજ પડશે પરંતુ એક નાગરિક તરીકે તમામ લોકોને સાવચેતી રાખવાની જરૂર છે. એક નાગરિક તરીકે અમે બીજાને જોવા માટે પણ બહાર ન નિકળ્યે તે જરૂરી છે. તેમણે ઉમેર્યું હતું કે, આત્મસંયમ દેશહિતમાં કર્તવ્ય પાલનના સંકલ્પના મજબૂત પ્રતિક તરીકે રહેશે. આનાથી આમા મળનાર સફળતાથી આવનાર પડકારો માટે તૈયાર થવામાં મદદ મળશે. જનતા કર્ફ્યુને અમલી કરવા રાજ્ય સરકાર આગળ આવે તે જરૂરી છે. મોદીએ કોરોના વાયરસની દહેશતમાં જીવન જરૂરી ચીજવસ્તુઓની આડેધડ ખરીદી ન કરવા માટે પણ અપીલ કરી હતી અને કહ્યું હતું કે, જીવન જરૂરી ચીજવસ્તુઓનો પુરતો જથ્થો દેશમાં રહેલો છે. જરૂરી ચીજવસ્તુઓનો સંગ્રહ કરવાની કોઈ જરૂર દેખાઈ રહી નથી. નિયમિતરીતે જ ચીજવસ્તુઓ ખરીદવાની જરૂર છે. મોદીએ કહ્યું હતું કે, સામાન્યરીતે જ્યારે પણ કોઈ કુદરતી સંકટ આવે છે ત્યારે તે રાજ્ય અને દેશ સુધી મર્યાદિત રહે છે પરંતુ આ વખતે જે સંકટ છે તેનાથી સમગ્ર વિશ્વમાં માનવજાતિ સંકટમાં છે. જ્યારે પ્રથમ વિશ્વ યુદ્ધ થયું હતું ત્યારે અને જ્યારે બીજા વિશ્વ યુદ્ધની સ્થિતિ હતી ત્યારે પણ આટલા લોકો અને આટલા દેશો યુદ્ધથી પ્રભાવિત થયા ન હતા. છેલ્લા બે મહિનાથી અમે સતત કોરોના વાયરસ સાથે જોડાયેલી

અનુ. પાના નં. ૬ પર

મોદીના મુખ્ય સૂચનો...

- માનવજાતિ પર સંકટ વચ્ચે સંયમ અને સંકલ્પથી કોરોનાને પરાજિત કરી શકાય છે
- ૬૦થી ૬૫ વર્ષની વયના લોકોને આગામી થોડાક સપ્તાહ ઘરથી બહાર ન નિકળવા સૂચન
- આવનાર કેટલાક સપ્તાહ સુધી જરૂરી ન હોય તો ઘરથી બહાર ન નિકળવા અપીલ
- મિડિયાના લોકો, તબીબો અને જનપ્રતિનિધિઓ પોતાની ફરજ અદા કરતા રહેશે
- જનતા કર્ફ્યુ ૨૨મીએ રાખી પડકારનો સામનો કરવાની જરૂર
- જીવન જરૂરી ચીજવસ્તુનો પુરતો જથ્થો છે જેથી સંગ્રહખોરી ન કરવા અને નિયમિત ખરીદી કરવા અપીલ

મધ્યપ્રદેશ સંકટ મુદ્દે સુપ્રિમ કોર્ટનો મહત્ત્વપૂર્ણ આદેશ

કમલનાથ સરકારની અગ્નિ પરીક્ષાઃ આજે વિધાનસભામાં થશે ફ્લોર ટેસ્ટ

સાંજે પાંચ વાગ્યા સુધી તમામ પ્રક્રિયા પૂર્ણ કરવા,ફ્લોર ટેસ્ટની વિડીયોગ્રાફી થશે

ન્યુ દિલ્હી

મધ્યપ્રદેશમાં રાજકીય સંકટ મુદ્દેસુપ્રિમ કોર્ટે આજે મોટો ચુકાદો આપ્યો છે. મધ્યપ્રદેશ વિધાનસભામાં આજે ફ્લોર ટેસ્ટ થશે. સાંજે પાંચ વાગ્યા સુધી તમામ પ્રક્રિયા પૂર્ણ કરવા આદેશ કર્યોછે. અને સાથે-સાથે ફ્લોર ટેસ્ટની વિડીયોગ્રાફી કરવા પણ કહ્યું. આ અગાઉ સુપ્રીમ કોર્ટે ગુરુવારે મધ્ય પ્રદેશ વિધાનસભા અધ્યક્ષને પૂછ્યું કે શું તેઓ બેંગ્લોરમાં કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યો સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા વાત કરી શકે તેમ છે? સ્પીકરે ધારાસભ્યોને જાતે રાજીનામાંની પુષ્ટિ કરવા જણાવ્યું હતું, પરંતુ સુરક્ષા વ્યવસ્થાની ગેરહાજરીમાં ધારાસભ્યોએ તેમ કરવાનો ઇનકાર કર્યો હતો. મહત્વનું છે કે, આ ધારાસભ્યોના રાજીનામાને કારણે જ રાજ્યની કમલનાથ સરકાર ઓક્સીજન પર આવી ગઈ છે. બળવાખોર ધારાસભ્યોનો આક્ષેપ છે કે કોંગ્રેસ તેમને રાજીનામું પાછું ખેંચવા મજબૂર કરવા પ્રયાસ કરી રહી છે અને આ કારણે તેઓ પર ભારે દબાણમાં છે. જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડે કહ્યું, અમે બેંગલુરુ અથવા અન્ય કોઈ સ્થળે સુપરવાઈઝરની નિમણૂક કરી શકીએ છીએ પતે ઓ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા તમારો સંપર્ક કરી શકે છે, અને પછી તમે નક્કી કરી શકો છોપ" મધ્યપ્રદેશ વિધાનસભાના અધ્યક્ષે અંતિમ નિર્ણય લેવા માટે સુપ્રીમ કોર્ટ પાસે બે સપ્તાહનો સમય માંગ્યો છે. વરિષ્ઠ વકીલ અને કોંગ્રેસના નેતા અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે, મને નિર્ણય લેવા માટે બે અઠવાડિયાનો સમય આપો પ બળવાખોર ધારાસભ્યોને મધ્યપ્રદેશમાં તેમના ઘરે પરત ફરવા દોપ

અનુ. પાના નં. ૬ પર

આરોગ્યમંત્રીની જાહેરાતથી ભારે ખળભળાટ

કોરોનાનો ગુજરાતમાં પગ પેસારો : બે કેસો પોઝિટિવ

રાજકોટ અને સુરતમાં એક-એક કેસ પોઝિટિવ : અહેવાલ

અમદાવાદ

ગુજરાતમાં પણ કોરોના વાયરસનો પગપેસારો થઈ ગયો છે. છેલ્લા ઘણા સમયથી પોઝિટિવ કેસથી દૂર રહ્યા બાદ આખરે ગુજરાતમાં પણ બે કેસો નોંધાઈ ગયા છે. ગુજરાતમાં કોરોનાના બે પોઝિટિવ કેસો સપાટી ઉપર આવતા ખળભળાટ મચી ગયો છે. બે પોઝિટિવ કેસ પૈકી એક સુરતમાં અને એક રાજકોટમાં આવ્યો છે. બંનેની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે ટ્વિટ કરીને કહ્યું છે કે, રાજકોટ અને સુરતના બે શંકાસ્પદ કેસ પોઝિટિવ આવ્યા છે. ટીમ જરૂરી પગલા લઈ રહી છે. રાજ્યના આરોગ્ય સચિવ જયંતિ રવિએ આજે આ અંગેની સત્તાવાર જાહેરાત કરી છે. બંને દર્દીઓની હાલત સ્થિર છે. રાજકોટનો યુવક મક્કામદીનાથી આવ્યો હતો જ્યારે રાજ્યના આરોગ્યમંત્રી નીતીન પટેલે જાહેરાત કરી છે કે, રાજકોટના મેયરે પણ અહેવાલને સમર્થન આપ્યું છે. શહેરના જંગલેશ્વર વિસ્તારમાં રહેતા અને મક્કાથી આવેલા યુવાનના સેમ્પલ જામનગર લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા પરંતુ ત્યાનો રિપોર્ટ વધુ શંકાસ્પદ આવતા સેમ્પલ પુણેની લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. પોઝિટિવ કેસ માનીને તંત્રએ પહેલાથી જ યુવાનના પરિવારજનો અને અંગત લોકોને મળીને કુલ ૧૭ લોકોને પથિકાઆશ્રમ ખાતે ખસેડ્યા હતા. નાયબ આરોગ્ય અધિકારી પીપી રાઠોડે કહ્યું હતું કે, વધુ ચાર શંકાસ્પદ કેસ આજે નોંધાયા

અનુ. પાના નં. ૬ પર

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

આજે સવારે સાડા પાંચ વાગે ચાર નરાધમોને ફાંસીના માંચડે લટકાવી દેવાશે

નિર્ભયા ગેંગરેપ કેસઃ ચાર નરાધમોનો ખેલ 'ખતમ'..!

ગેંગરેપ વખતે સગીર હોવાનો દાવો કરતી પવનની ક્યૂરેટિવ પિટિશન પણ સુપ્રીમ કોર્ટે ફગાવી, મુકેશની રેકોર્ડની ફરી તપાસની માંગ કરતી અરજી પણ સુપ્રિમે રદ કરી, રાષ્ટ્રપતિએ પવન અને અક્ષય સિંહની બીજી અરજી નકારી કાઢતા નરાધમોની ફાંસીનો રસ્તો સાફ

ન્યુ દિલ્હી

નિર્ભયા કેસના નરાધમોને આખરે આવતી કાલે સાડા પાંચ વાગ્યે ફાંસીના માચડે ચડાવી દેવામાં આવશે. આ પહેલા પવન ગુપ્તાએ ફાંસીથી બચવા માટે કોર્ટમાં ક્યૂરેટિવ અરજી દાખલ કરી હતી. જે સુપ્રિમ કોર્ટ દ્વારા રદ કરવામાં આવી હતી. જે બાદ પટિયાલા હાઉસ કોર્ટે ૪ આરોપીઓને ડેથવોરંટ રોકવા માટે સાફ ઈન્કાર કર્યોછે. કોર્ટે આ મામલે કરાયેલી પીટિશન ફગાવી દીધી હતી. પટિયાલા હાઉસ કોર્ટમાં હાઈવોલ્ટેજ ડ્રામા ભજવાયો હતો. કોર્ટરૂમમાં જ અક્ષયની પત્નીએ જજના સામે રોવાનું શરૂ કરી દીધું હતું. ત્યાર બાદ અક્ષયની પત્નીએ નિર્ભયાની માતા આશાદેવીના પગે લાગીને ફાંસી રોકવા આજીજી કરી હતી. તો બીજી બાજુ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પવન અને અક્ષય ઠાકુરની બીજી અરજીને નામંજૂર કરી દીધી છે.

નિર્ભયા ગેંગરેપ અને હત્યા મામલે આરોપી પવન ગુપ્તાને સુપ્રીમ કોર્ટે મોટો ઝટકો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે પવનની ક્યુરેટિવ અરજી ફગાવી દીધી હતી. પવને ઘટના સમયે પોતે સગીર હોવાનો દાવો કરી આ મામલે સુપ્રીમ કોર્ટમાં ક્યુરેટિવ પિટીશન દાખલ કરી હતી. પરંતુ કોર્ટે પવનની અરજી ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે આરોપી પવન ગુપ્તાની ક્યુરેટિવ પિટીશન પર ઈન-ચેમ્બર સુનાવણી કરી. જે દરમ્યાન સુપ્રીમ કોર્ટના ૬ જજો

અનુ. પાના નં. ૬ પર



- તિહાર જેલમાં પ્રથમ વખત એક સાથે ચારને ફાંસી,ઈંદિરા ગાંધીના હત્યારાઓ અને રંગા બિલ્લાને ફાંસીએ લટકાવનારા જલ્લાદનો પૌત્ર પવન ચારેયને ફાંસી આપશે
- ફાંસી પહેલાં ત્રણ દોષિતો સાથે પરિવારજનોએ મુલાકાત કરી,અક્ષયને પરિવારના સભ્યો મળ્યા ન આવ્યા
- પટિયાલા હાઉસ કોર્ટે ૪ આરોપીઓના ડેથવોરંટ પર રોક લગાવવાની મનાઈ કરી

વાયરસથી પંજાબમાં ૭૨ વર્ષના વૃદ્ધનું મોત,૧૨ દિવસ પહેલાં જ વિદેશથી પરત ફર્યા હતા

ભારતમાં કોરોનાથી વધુ એક મોત: આંતરરાષ્ટ્રીય વિમાનોના લેન્ડિંગ પર પ્રતિબંધ



૨૨ માર્ચથી એક અઠવાડિયા માટે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટના ભારતમાં લેન્ડીંગ પર પ્રતિબંધ,દિલ્હીમાં ૩૧ માર્ચ સુધી રેસ્ટોરાં બંધ

ન્યુ દિલ્હી

કોરોના વાયરસ વચ્ચે સરકારે મોટો નિર્ણય લીધો છે. કોરોના વાયરસને કારણે ૨૨ માર્ચથી એક સપ્તાહ સુધી આંતરરાષ્ટ્રીય કોમર્શિયલ ફ્લાઈટને ભારતમાં લેન્ચ કરવા દેવામાં આવશે નહીં. સાથે ૬૫ વર્ષથી વધુ ઉંમરના લોકો અને ૧૦ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ઘરમાં રહેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. પરંતુ મેડિકલ સ્ટાફ અને સરકારી કર્મચારીને તેનાથી છૂટ આપવામાં આવી છે. રાજ્ય સરકારોને કહેવામાં આવ્યું છે કે તે ખાનગી કંપનીઓ પર વર્ક ફ્રોમ હોમ લાગૂ કરે, જેથી કર્મચારીઓ ઓફિસ ન જાય અને ઘરેથી કામ કરે. આ સિવાય રેલવે અને વિમાનોમાં મળનારી છૂટને સમાપ્ત કરી દેવામાં આવી છે, જેથી લોકો ઓછામાં ઓછી યાત્રા કરે અને કોરોનાને ફેલાતો રોકવામાં મદદ કરે.

આ સાથે વિદેશ મંત્રાલયે કહ્યું કે, અમે ઈરાનથી ૫૯૦ લોકોને રેસ્ક્યૂ કર્યા છે, ત્યાં સ્થિતિ ગંભીર છે. ઈરાનમાં કોરોનાથી પીડિત ભારતીયોને અલગ કરીને રાખવામાં આવ્યા છે અને ત્યાં તેની દેખભાળ કરવામાં આવી રહી છે. અમને વિશ્વાસ છે કે તે જલદી સ્વસ્થ થઈ જશે અને અમે તેને પરત લાવીશું.

દિલ્હીમાં કેજરીવાલ સરકારે તમામ રેસ્ટોરાં ૩૧ માર્ચ સુધી બંધ રાખવાનો આદેશ આપ્યો છે. અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધોને ઘરમાં રહેવા સલાહ અપાઈ છે. પંજાબનાં નવાંશહેર જિલ્લાની એક હોસ્પિટલમાં જીવ ગુમાવનારો ૭૨ વર્ષનો વ્યક્તિ કોરોના વાયરસની તપાસમાં સંક્રમિત મળી આવ્યો હતો. વરિષ્ઠ અધિકારીએ ગુરૂવારનાં જણાવ્યું કે આ વ્યક્તિ બે અઠવાડિયા પહેલા ઈટાલી થઈને જર્મનીથી પરત ફર્યો હતો અને છાતીમાં પીડા થતા હોસ્પિટલમાં ભરતી થયો હતો. પીજીઆઈએ મઈઆરનાં નિર્દેશક જગત રામે જણાવ્યું કે મૃતક ડાયાબિટિઝ અને હાઈ બ્લડપ્રેશરથી પણ પીડિત હતો અને તપાસ માટે મોકલવામાં આવેલા તેના નમૂનામાં કોરોના વાયરસ સંક્રમણની પુષ્ટી થઈ છે. બુધવારનાં બાંગા સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્રમાં તેનું મોત થયું હતુ. સ્વાસ્થ્ય અધિકારીઓએ તેના મોતના ખરા કારણોની પુષ્ટિ નથી કરી અને ના કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી આ સંબંધમાં તાત્કાલિક કોઈ જાણકારી મળી શકી છે.

જિલ્લાનાં સિવિલ સર્જન પ્રસાદ ભાટિયાએ જણાવ્યું કે આ વ્યક્તિ ૭ માર્ચનાં ઈટાલી થઈને જર્મનીથી આવ્યો હતો. ભાટિયાએ જણાવ્યું કે બાંગા નિવાસી બુધવારનાં છાતીમાં દુ:ખાવાનાં કારણે સ્વાસ્થ્ય કેન્દ્રમાં ભરતી થયો હતો અને તરત જ બેભાન થઈ ગયો હતો, તે જ દિવસે તેનું મોત થઈ ગયું હતુ. ઉલ્લેખનીય છે કે ભારતમાં કોરોનાને લીધે મૃત્યું પામેલા તમામની ઉંમર ૬૦ વર્ષથી વધુ હતી.

આ પહેલા મહારાષ્ટ્રમાં મંગળવારે કોરાના વાયરસના સંક્રમણને કારણે એક ૬૪ વર્ષીય વૃદ્ધનું મોત થયું છે. જે પહેલા દિલ્હીમાં અને કર્ણાટકમાં ૧-૧ મોત થયું છે.

સરકારની એડવાઈઝરી

૧. ૧૦ વર્ષથી ઓછી ઉંમરના બધા બાળકો ઘરમાં રહે
૨. રાજ્ય સરકારો ૬૫ વર્ષથી વધારેની ઉંમરના વડીલોને ઘરમાં રહેવા માટે એડવાઈઝરી જાહેર કરે. આ એડવાઈઝરી મેડિકલ સ્ટાફ, ગવર્મેન્ટ સ્ટાફ અને જનપ્રતિનિધિઓ પર લાગૂ નથી થતી.
૩. રેલવે અને સિવિલ એવિએશન વિદ્યાર્થીઓ, બીમાર લોકો અને દિવ્યાંગ કેટેગરીમાં પ્રવાસ કરવા પર મળતી છૂટ સસ્પેન્ડ કરવામાં આવે.
૪. માસ્ક અને સેનિટાઈઝર્સની વધારે કિંમત વસૂલનારા પર ફાર્મા ડિપાર્ટમેન્ટ અને કન્ઝ્યૂમર્સના મામલાઓનું વિભાગ કાર્યવાહી કરે.

લોકોની જિંદગી કિંમતી હોવાથી આ નિર્ણય લેવાયો છે : ટ્રસ્ટી

કોરોના વાયરસને પગલે મુંબઈ હાજી અલી અને માહિમ દરગાહ બંધ કરાઈ

મુંબઈ

કોરોના વાયરસને પગલે મુંબઈની હાજી અલિની દરગાહ તેમજ માહિતની પ્રસિદ્ધ દરગાહને બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. કોરોના મહામારીએ દેશમાં ભરડો લીધો છે તેમજ મહારાષ્ટ્રમાં સૌથી વધુ પોઝિટિવ કેસો નોંધાયા છે જેને પગલે ગુરુવારે હાજી અલિની દરગાહ અને માહિમ દરગાહમાં લોકોને એકત્ર થવા પર રોક લગાવવામાં આવી છે. માહિમ દરગાહ તેમજ હાજી અલીના ટ્રસ્ટી સુહેલ ખંડવાણીએ જણાવ્યું હતું કે જાહેર સ્થળોએ એકત્ર થવા પર મહારાષ્ટ્ર સરકારે પ્રતિબંધ મૂક્યો છે જેનું પાલન કરતા આગામી નોટિસ સુધી બન્ને દરગાહ પર પ્રવેશ પ્રતિબંધ રહેશે.

ઉલ્લેખ્નીય છે કે દર વર્ષે હાજી અલી દરગાહ તેમજ માહિમ દરગાહ પર લાખો શ્રદ્ધાળુઓ આવતા હોય છે. આ અંગે સત્તાધીશોએ જણાવ્યું કે અમે છેલ્લા કેટલાક દિવસોથી તંત્ર સાથે વાતચીત કરી રહ્યા હતા. શહેરના લોકોના સ્વાસ્થ્યના હિતમાં આ નિર્ણય અનિવાર્ય છે. લોકોની જિંદગી સૌથી કિંમતી છે અને શ્રદ્ધાળુઓ આમાં સહકાર આપશે.

કોરોના વાઈરસ સામે લડવા બિલ ગેટ્સે ૭૫૧ કરોડની જાહેરાત કરી

વૉશિંગ્ટન

માઈક્રોસોફ્ટના ફાઉન્ડર બિલ ગેટ્સે કહ્યું છે કે બિલ એન્ડ મેલિંડા ગેટ્સ ફાઉન્ડેશન વિશ્વભરમાં કોરોનાવાઈસ સામે ટક્કર આપવા કટિબદ્ધ છે. બુધવારે સોશિયલ મીડિયા પર ગેટ્સે વાઈરસનો પ્રતિકાર કરવા માટે ૧૦૦ મિલિયન ડોલર(૭૫૧ કરોડ રૂપિયા)ની મદદની જાહેરાત કરી છે. પોતાના શહેર વોશિંગ્ટન માટે ૫૦ કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. ગેટ્સે કહ્યું કે તેમનું ફાઉન્ડેશન વિશ્વભરમાં કોરોનાની દવા અને તેની રસી વિકસિત કરનારની સાથે મળીને કામ કરી રહ્યું છે. હાલના સમયમાં સંક્રમણના મોટાભાગના મામલાઓ અમીર દેશોમાં છે. તેમણે તેને રોકવા માટે યોગ્ય રીતે કામ કરવું જોઈએ.

ગેટ્સે કહ્યું કે અમે ઈચ્છીએ છીએ કે તમામ દેશોમાં કોરોનાથી બચી શકાય તેવા ઉપકરણો ઉપલબ્ધ હોય. અમે ફેબ્રુઆરીમાં ઘણી ચીજો માટે ૧૦૦૦ કરોડ રૂપિયા આપ્યા હતા અને આમ કરતા રહીશું. અમારી પ્રાથમિકતા છે કે દવા અને રસીના નિર્માણની ક્ષમતા પુરતી હોય, જેથી વધુમાં વધુ લોકોની મદદ કરી શકાય.

કોરોનાના સંદિગ્ધે હોસ્પિટલના સાતમાં માળેથી કૂદીને આત્મહત્યા કરી

ન્યુ દિલ્હી

દિલ્હીના સફદજંગ હોસ્પિટલમાં બુધવારના રોજ એક વ્યક્તિએ સાતમાં માળેથી કૂદીને પોતાનું જીવન ટૂંકાવી દીધું હતું. આ વ્યક્તિને કોરોના વાયરસનું સંક્રમણ હોવાની આશંકામાં હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર ૩૫ વર્ષીય આ વ્યક્તિને એરપોર્ટ અધિકારીઓએ હોસ્પિટલમાં દાખલ કર્યો હતો ત્યાર બાદ તેણે આત્મહત્યા કરી લીધી હતી.

હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર આ વ્યક્તિને એરપોર્ટના અધિકારીઓએ કોરોનાનો સંદિગ્ધ હોવાની શંકામાં હોસ્પિટલના આઈસોલેશન વિભાગમાં દાખલ કરાવ્યો હતો. પોલીસે જણાવ્યું કે નોડલ અધિકારીએ અમને જણ કરી હતી કે તેઓ ૩૫ વર્ષના એક કોરોના વાયરસના સંદિગ્ધ વ્યક્તિને દિલ્હીના ઈન્દિરા ગાંધી એરપોર્ટ પરથી હોસ્પિટલમાં ખસેડી રહ્યા છે.

કોરોના વાયરસના આ સંદિગ્ધે સુપર સ્પેશિયાલિટી બ્લોક બિલ્ડિંગથી કૂદીને આત્મહત્યા કરી લીધી છે.

ફ્રાન્સમાં ૮૯ લોકોના મોત,ચીનમાં વિદેશથી આવેલા ૩૪ કેસ પોઝિટિવ

યુરોપમાં કાળ બન્યો કોરોના: ઈટલીમાં એક જ દિવસમાં ૪૭૫ના મોત

રોમ

ચીનથી પ્રસરેલા કોરોના વાયરસે દુનિયાના ૧૫૦થી વધુ દેશોમાં પોતાનું વર્ચસ્વ સ્થાપી દીધું છે. ચીનમાં જન્મેસો વાયરસ યૂરોપ માટે કાળમુખો સાબિત થઈ રહ્યો છે. યૂરોપનું ઈટાલી કોરોના વાયરસનું કેન્દ્ર બિંદુ બની ગયું છે. ઈટાલીમાં બુધવારના રોજ એક જ દિવસમાં ૪૭૫ લોકોના મોત નિપજ્યા છે. કોરોનાના કારણે આ અગાઉ કોઈ પણ દેશમાં આજ સુધીમાં એક દિવસમાં આટલી મોટી સંખ્યામાં મોત નિપજ્યા હોય તેવું નથી બન્યું. યૂરોપના અન્ય મોટા દેશ ફ્રાન્સમાં પણ કોરોના કારણે એક જ દિવસમાં ૮૯ લોકોના મોત નિપજ્યા છે. બીજી તરફ બ્રિટનમાં પણ મોતનો આંકડો ૧૦૦ના આંકડાને પાર કરી ચૂક્યો છે. બીજી તરફ ચીનમાં આ વાયરસ પર લગભગ કાબુ મેળવી લેવાયો છે. નેશનલ હેલ્થ કમીશનના જણાવ્યા અનુસાર ચીનમાં ઘરેલું સ્તર પર કોઈ પણ નવો કેસ પ્રકાશમાં નથી આવ્યો. જાન્યુઆરીમાં કોરોનાની શરૂઆત બાદ પહેલી વખત એવું બન્યું છે કે જ્યારે ચીનમાં કોરોનાનો એક પણ નોંધાયો ન હોય. જોકે ત્યાં પણ વિદેશથી આવ્યા હોય તેવા લોકોના ૩૪ કેસ પોઝિટિવ આવ્યા છે. એ પણ છેલ્લા બે અઠવાડિયામાં પોઝિટિવ કેસનો સૌથી મોટો આંકડો છે.

કોરોના વાયરસના વધતા જતા પ્રકોપના કારણે ઈઝરાયલે પણ પોતાના ત્યાં વિદેશની નાગરિકોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દીધો છે. ઈઝરાયલના વિદેશ મંત્રાલય અનુસાર ક્વોરેન્ટાઈન માટે સંમતિ આપ્યા પછી પણ વિદેશી નાગરિકોને દેશમાં પ્રવેશ આપવાની પરવાનગી આપવામાં નહીં આવે.

વિશ્વભરમાં હાહાકર મચાવનાર કોરોના વાયરસને પગલે

ઈતિહાસમાં ત્રીજી વખત ન્યૂયોર્કે સ્ટોક એક્ચેન્જ પર ટ્રેડિંગ થશે બંધ

વૉશિંગ્ટન

દુનિયાનાં સૌથી મોટા અર્થતંત્ર મનાતા અમેરિકા પર પણ કોરોનાની અસર જોવા મળી રહી છે,દુનિયાભરમાં અમેરિકાનાં સ્ટોક એક્સચેન્જ ન્યુંયોર્ક સ્ટોક એક્ચેન્જનાં જાણીતા ટ્રેડિંગ ફ્લોરને અસ્થાઈ પણે બંધ કરવામાં આવ્યું છે,

પરંતું ત્યાં ઈ ટ્રેડિંગ ચાલું રહેશે, આવું અમેરિકાનાં ઈતિહાસમાં ત્રીજી વખત થયું છે, જયારે એક્ચેન્જ પર ટ્રેડિંગ રોકવું પડ્યું હોય, ન્યુયોર્ક સ્ટોક એક્ચેન્જ દ્વારા જારી કરાયેલું આ નિવેદન બે જણાને કોવિડ-૧૯નો ચેપ લાગવામાં આવ્યા બાદ સાવચેતીનાં પગલારૂપે લેવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનિય છે કે અમેરિકાનાં શેર બજારનાં અગ્રણી બેંચમાર્ક ઈન્ડેક્સ ડાઓ જોન્સ ૨૦ ટકા બંધ રહ્યો છે, તે ફેબ્રુઆરી ૨૦૧૭ બાદનાં નીચલા સ્તરે છે, એક મહિનામાં ઈન્ડેક્સ ૩૦ ટકા તુટ્યો છે, આવી જ સ્થિતિ ભારત સહિતનાં દુનિયાભરનાં શેરબજારોની થઈ છે.

ન્યુંયોર્ક સ્ટોક એક્સચેન્જની પેરેન્ટ કંપની ઈન્ટરનેશનલ એક્સચેન્જનાં જણાવ્યા પ્રમાણે ન્યૂયોર્ક સ્ટોક એક્ચેન્જનાં ટ્રેડિંગ ફ્લોર કમ્યુનિટીનાં એક સભ્ય અને એક્સચેન્જનાં એક કર્મચારીમાં કોરોના વાયરસનો ટેસ્ટ પોઝીટીવ આવતા આ પગલું લેવામાં આવ્યું છે.

ન્યુંયોર્ક સ્ટોક એક્ચેન્જ અને ટ્રેડિંગ ફ્લોર પર હજારો બ્રોકર્સ ટ્રેડિંગ કરે છે, અથવા અન્ય માટે ટ્રેડિંગ કરે છે, ન્યુંયોર્ક સ્ટોક એક્ચેન્જ પર બીજા વિશ્વ યુધ્ધ અને ૯/૧૧નાં હુમલા બાદ પણ ટ્રેડિંગ સંપુર્ણપણે રોકવામાં આવ્યું હતું.

અમેરિકામાં કોરોનાથી ૧૫૫ લોકોના મોત, ૯૦૦૦થી વધારે લોકો સંક્રમિત

૧૩૭ દેશોમાં કોરોનાની એન્ટ્રી: ૮૯૦૦થી વધુ લોકોના મોત

ચીનમાં છેલ્લા ૨૪ કલાકમાં એક પણ નવો કેસ નોંધાયો નથી,બ્રિટનમાં તમામ સ્કૂલો બંધ, અહીં ૧૦૪ લોકોના મોત અને ૨૬૨૬ કેસ પોઝિટિવ

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસ હવે દુનિયાના લગભગ તમામ દેશોમાં પહોંચી ગયો છે. ગુરૂવાર સવાર સુધી કુલ ૧૭૩ દેશ તેની ચપેટમાં આવી ચુક્યાં છે. અત્યાર સુધી ૮૯૫૨ લોકોના મોત અને ૨,૧૯,૯૫૨ કેસ સામે આવી ચુક્યાં છે. રાહતના સમાચાર એ છે કે ૮૪,૭૯૫ દર્દી સાજા પણ થઇ ગયા છે. ચીને ગુરુવારે સવારે કહ્યું છે કે પોતાને ત્યાં છેલ્લા ૨૪ કલાકમાં સંક્રમણનો એક પણ કેસ સામે આવ્યો નથી. જોકે, વિદેશમાંથી આવેલા ૩૪ લોકો સંક્રમિત હોવાનું ધ્યાનમાં આવ્યું છે. પાકિસ્તાનમાં સ્થિતિ ગંભીર બની રહી છે. સંક્રમિતોનો આંક ૩૦૭ થયો છે. બુધવારે વધુ એક દર્દીનું મૃત્યુ થયું હતું. ઈરાનમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૭ લોકોના મોત થયા છે.

બાંગ્લાદેશમાં પહેલુ મોત

બાંગ્લાદેશના અધિકારીઓએ કહ્યું છે કે અત્યાર સુધી કોરોના સંક્રમણના કુલ ૧૪ કેસ નોંધાયા છે. ઈન્સ્ટિટ્યુટ ઓફ એપિડેમિયોલોજી ડિસિસ કન્ટ્રોલ એન્ડ રિસર્ચે બુધવારે રાત્રે કહ્યું છે કે ૭૦ વર્ષિય એક વ્યક્તિનું મોત થયું છે.

રશિયામાં કોરોનાને લીધે પ્રથમ મોત

રશિયામાં કોરોના વાઈરસને લીધે પ્રથમ મૃત્યુ નોંધાયું છે. રશિયામાં ૭૯ વર્ષિય એક મહિલાનું મૃત્યુ થયું, આ મહિલાનો કોરોના વાઈરસનો પોઝીટીવ ટેસ્ટ આવ્યો હતો. દેશમાં અત્યાર સુધીમાં ૧૪૭ કેસ નોંધાયા છે.

વિશ્વ બેન્કે વાયરસનો સામનો કરવા રિસ્પોન્સ પેકેજ વધારી ૧૪ અબજ ડોલર કર્યું

વિશ્વ બેન્કે કોરોના વાઈરસની પ્રતિકૂળ અસરનો સામનો કરી રહેલા કારોબાર અને અર્થતંત્રો માટે તેના સહાયક પેકેજમાં વધારો કર્યો છે અને આ પેકેજ વધારીને ૧૪ અબજ ડોલર કર્યું છે.

અમેરિકાના બે સાંસદને પણ કોરોના વાઈરસની ઝપટમાં આવી રહ્યા છે.

અમેરિકાના વોશિંગ્ટનમાં આવેલું કિંગ કાઉન્ટી ફુટબોલ મેદાન હોસ્પિટલમાં ફેરવાયું છે. જેમાં ૨૦૦ બેડની સુવિધા ઉભી કરવામાં આવી છે. અહીં ફક્ત શંકાસ્પદ દર્દીઓને જ રાખવામાં આવશે. જે દર્દીનો રિપોર્ટ પોઝિટીવ આવશે તેની સારવાર હોસ્પિટલમાં કરવામાં આવશે. અમેરિકામાં કોરોનાના કેસની સંખ્યામાં ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે. તેને પગલે હોસ્પિટલમાં બેડની ઓછાના ન પડે તે માટે આ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. કોરોના વાઈરસના જોખમને ધ્યાનમાં રાખીને બ્રિટનમાં તમામ સ્કૂલોને બંધ રાખવાની સરકારે જાહેરાત કરી છે. બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસને આ જાહેરાત કરતા કહ્યું હતું કે કોરોના વાઈરસ સામે લડવાની જરૂર છે. દરેક સ્થિતિની સમિક્ષા કરવામાં આવી રહી છે.

સવારે ૧૧થી બપોરના ૨ સુધી તાપમાં ઉભા રહો કોરોના દૂર થઈ જશે

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના વધી રહેલા દર્દીઓ વચ્ચે મોદી સરકારના રાજ્ય કક્ષાના હેલ્થ મિનિસ્ટરે આશ્ચર્યજનક દાવો કરતા કહ્યુ છે કે, સવારે ૧૧ થી ૨ વાગ્યા સુધી તાપમાં ઉભા રહેવાના કારણે શરીરમાં લાગેલો કોઈ પણ પ્રકારનો ચેપ દુર થઈ જાય છે. રાજ્યકક્ષાના મંત્રી અશ્વિની ચૌબેએ કહ્યુ હતુ કે, કોઈ પણ જાતનો પેનિક કરવાની જરુર નથી.સરકાર તરફથી યોગ્ય પગલા ભરવામાં આવી રહ્યા છે. હું તમામને અપીલ કરુ છું કે સવારે ૧૧થી બપોરે ૨ વાગ્યા સુધી તાપમાં ઉભા રહો અને તેનાથી તમામ ચેપ દુર થશે અને શરીર પણ સ્વસ્થ રહેશે. તેમણે દાવો કર્યો હતો કે, જેટલા પણ કોરોના પોઝિટિવ દર્દીઓ છે તેમાંથી મોટાભાગના હવે સાજા થવાની તૈયારીમાં છે. સરકારે સેમ્પલ ટેસ્ટ કરવા માટે ૧૦ લાખ કીટ મંગાવી છે. પ્રાઈવેટ હોસ્પિટલ અને લેબોરેટરીને પણ તૈયાર રહેવા કહેવાયુ છે. કોરોનાની સારવાર માટેના સાધનોની ખોટ નથી.સરકાર તરફથી તમામ ખાનગી ઓફિસોને પણ કહેવાયુ છે કે, સ્ટાફને ઘરેથી કામ કરવાના આદેશ આપે.



આઇસીએસઇ બોર્ડે ધો.૧૦-૧૨ની પરીક્ષાઓ ટાળી

કોરોના કહેર: મહારાષ્ટ્રમાં વધુ પાંચ કેસ,કુલ સંક્રમિતોની સંખ્યા ૧૭૭

ચંદીગઢ-છત્તીસગઢમાં ૧-૧ કેસ પોઝિટિવ, મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૪૯ કેસ નોંધાતા હાહાકાર, મુંબઈમાં ડબ્બાવાળાઓએ પોતાની સેવા બંધ કરી, જેઈઈની નવી તારીખ સમીક્ષા બાદ જાહેર થશે

ન્યુ દિલ્હી

કોરોનાવાઈરસના વધતા પ્રકોપને જોતા ICSE બોર્ડે ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાઓ ટાળી છે. આ પહેલા કેન્દ્ર સરકારે CBSEને તેના દ્વારા લેવાતી પરીક્ષાઓ ટાળવા માટે કહ્યું છે. દેશમાં ગુરુવારે કોરોનાવાઈરસ સંક્રમિતોની સંખ્યા ૧૭૭ થઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં ૫, ચંદીગઢ અને છત્તીસગઢમાં ૧-૧ નવા કેસ પ્રકાશમાં આવ્યા છે. ચંદીગઢમાં ૨૩ વર્ષની મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તે તાજેતરમાં જ બ્રિટનથી પરત ફરી છે. JEEની મુખ્ય પરીક્ષાની નવી તારીખ પણ ૩૧ માર્ચે સ્થિતિની સમીક્ષા કર્યા બાદ જાહેર કરવામાં આવશે. મુંબઈમાં ડબ્બાવાળાએ પણ પોતાની સેવાઓ બંધ કરી છે. અહીં રોજ ૫૦૦૦થી વધુ ડબ્બાવાળા ૬૦ કિલોમીટરના અંતરમાં બે લાખ લોકો સુધી ઘરનું ખાવાનું પહોંચાડે છે. ડબ્બાવાળા એસોસિએશને જણાવ્યું કે જો સ્થિતિ સારી રહી તો એક એપ્રિલથી સેવાઓ શરૂ કરવામાં આવશે. મહારાષ્ટ્રમાં કોરોના ગ્રસ્તનો આંક વધીને ૪૯ થઈ ગયો છે. જ્યારે દેશની રાજધાની દિલ્હીમાં કોરોના વાયરસના ૧૨ કેસ નોંધાયા છે. કેરળમાં ૨ વિદેશી નાગરિકો સહિતના ૨૭ કેસ નોંધાયા છે જ્યારે હરિયાણામાં અત્યાર સુધીમાં ૧૪ વિદેશી નાગરિકો સહિત ૧૭ કેસ નોંધાયા છે. તે જ સમયે, યુપીમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૧૭ કેસ નોંધાયા છે. રાજસ્થાનમાં ૭ કેસ નોંધાયા છે જ્યારે કર્ણાટકમાં ૧૪ કેસ નોંધાયા છે. તે જ સમયે, તેલંગાણામાં ૬ અને તમિળનાડુમાં ૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત પંજાબ, ચંદીગઢ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, ઉત્તરાખંડ, પુડુચેરી અને આંધ્રપ્રદેશમાં એક-એક કેસ નોંધાયો છે.

૧૬૮ ટ્રેન આજથી ૩૧ માર્ચ સુધી રદ રહેશે

રેલવેએ મુસાફરોની અછતને જોતા ૨૦ માર્ચથી ૩૧ માર્ચ સુધી ૧૬૮ ટ્રેનને બંધ કરવાનો નિર્ણય કર્યો છે. સાવચેતીના પગલા તરીકે જમ્મુના રઘુનાથ મંદિર અને દિલ્હીના ઈસ્કોન મંદિરમાં પણ દર્શન બંધ કરવામાં આવ્યા છે. ઉતરાખંડના હરિદ્વારમાં જિલ્લા એડમિનિસ્ટ્રેશને ૩૧ માર્ચ સુધી ગંગા આરતીમાં આમ લોકોના જવા પર પ્રતિબંધ લગાવ્યો છે. જોકે આ દરમિયાન આરતી નિયમત રીતે થશે. બીજી તરફ ચેન્નાઈ એરપોર્ટ પરથી ઉડાન ભરતી ૫૦ ઈન્ટરનેશનલ અને ૩૪ ડોમેસ્ટિક ફ્લાઈટ્સને રદ કરવામાં આવી છે.

ટિકિટ કેન્સલ કરવા પર કોઈ ચાર્જ નહિ લાગે, ૧૦૦ ટકા રિફંડ મળશે

ભારતીય રેલવેએ કહ્યું કે રદ થયેલ ૧૫૫ ટ્રેનની ટિકિટ કેન્સલ કરવા પર કોઈ ચાર્જ લગાવવામાં નહિ આવે અને યાત્રીઓને ૧૦૦ ટકા રિફન્ડ મળશે. કોરોનાવાઈરસને કારણે આ મહિને ૬૦ ટકા ટિકિટ રદ કરવામાં આવી છે. રેલવેએ કોરોનાવાઈરસને જોતા તમામ ઝોનને એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. કોરોનાવાઈરસને ધ્યાનમાં રાખી રેલવે મંત્રી પીયૂષ ગોયલે પણ ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી હતી અને અધિકારીઓને ઉચિત દિશા-નિર્દેશ જાહેર કર્યા હતા.

કેદીઓને મળવા પર રોક

કોરોના વાઈરસથી બચવાના ઉપાય અંતર્ગત તિહાર જેલ ઓથોરિટીએ અનેક પગલા ભર્યા છે. અત્યાર સુધી જેલમાં એક આઈસોલેશન વોર્ડની સ્થાપના કરવામાં આવી હતી. હવે જેલ મહાનિર્દેશક સંદીપ ગોયલે બુધવારે મોડી રાત્રે જણાવ્યું કે, ૧૯ માર્ચ ૨૦૨૦થી કેદીઓને પોતાના પરિવારજનો સાથેની મુલાકાત પર પ્રતિબંધ મૂકલવામાં આવ્યો છે. આ પગલુ તકેદારીના ભાગરુપે લેવામાં આવ્યું છે, જે ૩૧ માર્ચ સુધી યથાવત રહેશે.

લખનૌમાં વધુ બે ડોક્ટરોમાં કોરોનાના લક્ષણો

લખનૌ

લખનૌની કેજીએમયુ હોસ્પિટલમાં કોરોના વાયરસના દર્દીઓની સારવારમાં લાગેલી એક ટીમના રેસિડેન્ટ ડોક્ટરને પણ કોરોનાનો ચેપ લાગ્યો હતો. આ જ ટીમના બીજા બે ડોક્ટરોમાં પણ આ વાયરસના લક્ષણો જોવા મળતા હવે ચિંતાનુ મોજુ પ્રસરી ગયુ છે.એ પછી દર્દીઓની સારવાર કરનાર આખી ટીમને હટાવીને તેની જગ્યાએ બીજી ટ્રીમને સારવાર માટે કામે લગાડાઈ છે. બીજી તરફ આ બે ડૉક્ટરોને આઈસોલેશન વોર્ડમાં ભરતી કરાવવામાં આવ્યા છે. હવે કેજીએમયુમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ત્રણ થઈ ગઈ છે.

હરિદ્વારમાં ગંગા આરતી માટે શ્રદ્ધાળુઓની એન્ટ્રી બંધ

હરિદ્વાર

ઉત્તરાખંડમાં કોરોના વાઈરસને ફેલાતો અટકાવવા માટે જિલ્લા પ્રશાસને બુધવારે અહીં હર કી પૌડી પર દરરોજ થતી ગંગા આરતીમાં લોકોને સામેલ થવા પર ૩૧ માર્ચ સુધી પ્રતિબંધ લગાવી દીધો છે. ગંગા સભાના પદાધિકારીઓ દ્વારા ૩૧ માર્ચ સુધી ગંગા આરતી કરવામાં આવશે જેમાં સામાન્ય લોકો નહીં જોડાય. લોકોની સુવિધા માટે ગંગા સભા દ્વારા આરતીનું લાઈવ સ્ટ્રીમિંગનું આયોજન કરવામાં આવ્યું છે. જેથી શ્રદ્ધાળુઓ ઈન્ટરનેટ પર લાઈવ જોઈ શકશે. મહત્વનું છે કે, આ પહેલા આંધ્રપ્રદેશના તિરુપતિ તિરુમાલામાં પણ શ્રદ્ધાળુઓને પણ લાઈનમાં ઉભા રહેવાની મનાઈ કરવામાં આવી છે.

સ્થિતિ ચિંતાજનક પરંતુ નાજુક નથી: ઉદ્ધવ ઠાકરે

ભારતમાં કોરોના વાયરસના સૌથી વધુ કેસ અત્યારે મહારાષ્ટ્રમાં આવ્યા છે. દર્દીઓની સંખ્યા વધતા ઉદ્ધવ ઠાકરે સરકાર સક્રિય થઈ ગઈ છે. સીએમ ઉદ્ધવે પીએમ મોદી સાથે સ્થિતિ પર વિસ્તારથી ચર્ચા કરી. ઉદ્ધવે કહ્યું કે અમે કોરોના વાયરસ સામે જંગ લડી રહ્યા છીએ. અમે જરૂરી તમામ પગલાં ઉઠાવ્યા છે. સ્થિતિ નાજુક નથી પરંતુ ચિંતાજનક ચોક્કસ છે. રાજ્ય સરકારે કહ્યું કે દુકાનો સવારે ખૂલશે અને બપોરે બંધ થઈ જશે. સીએમ ઠાકરેએ કહ્યું કે રાજ્યમાં જરૂકી સામાનનો પુરવઠો છે એટલે કોઈએ ગભરાવાની જરૂર નથી.

મુંબઈની લાઈફ-લાઈન ગણાતી લોકલ ટ્રેન બંધ થાય તેવી શક્યતા

કોરોના વાયરસનો સૌથી વધારે કહેર મહારાષ્ટ્રમાં જોવા મળી રહ્યો છે. આ સંજોગોમાં વાયરસને પ્રસરતો અટકાવવા માટે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉધ્વ ઠાકરેએ મુંબઈ સહિત રાજ્યના લોકોને પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ નહી કરવા માટે અપીલ કરી છે. મહારાષ્ટ્રના સ્વાસ્થ્ય મંત્રી રાજેશ તોપેએ કહ્યુ છે કે, મુંબઈની લાઈફ લાઈન ગણાતી લોકલ ટ્રેન એક કે બે દિવસમાં બંધ કરવા માટે નિર્ણય લેવાઈ શકે છે.

રાજસ્થાનમાં એક જ પરિવારના ત્રણ સભ્યોનો કોરોના ટેસ્ટ પોઝિટિવ

જયપુર

દેશભરમાં પ્રસરી રહેલા કોરોના વાયરસના અહેવાલો વચ્ચે રાજસ્થાનના એક ગામમાં એક જ પરિવારના ત્રણ સભ્યો કોરોના પોઝિટિવ હોવાનુ બહાર આવ્યા બાદ આખી સરકાર ઉપર નીચે થઈ ગઈ છે. ઝુંઝણુ નામના નાનકડા ગામમાં સરકારે ૩૫૦ ડોક્ટરોની ટીમ રવાના કરી છે. જે ગામની આસપાસના પાંચ કિલોમીટર વિસ્તારમાં સ્ક્રનિંગ કરશે. હાલમાં અહીંયા જતી બસોને રોકી દેવામાં આવી છે. અત્યાર સુધીમાં રાજસ્થાનમાં કોરોનાના સાત કેસ સામે આવી ચુક્યા છે ત્યારે એક જ પરિવારના ત્રણ સભ્યોને કોરોના પોઝિટિવ હોય તેવો કદાચ આ પહેલો મામલો છે.

RBIએ પોતાના કર્મચારીઓને ઘરેથી જ કામ કરવા આપી મંજૂરી

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ગુરુવારે ભારતમાં કોરોના વાયરસનાં પ્રકોપને ધ્યાનમાં રાખીને કર્મચારીઓને ઘરેથી કામ કરવાની મંજૂરી આપી હતી. તેમાં મુંબઈની સેન્ટ્રલ ઓફિસ અથવા હેડક્વાર્ટરમાં કામ કરતા કર્મચારીઓ પણ શામેલ છે. આરબીઆઈએ જણાવ્યું છે કે, નાણાકીય સ્થિરતાની બાબતમાં તમામ જરૂરી બેઠકો રાબેતા મુજબ ચાલુ રહેશે અને આ બેઠકો વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા થશે.

એરલાઈન ઈન્ડિગોએ કર્મચારીઓના પગારકાપની જાહેરાત કરી

દેશની સૌથી મોટી પ્રાઈવેટ એરલાઈન ઈન્ડિગોના સીઈઓએ કોરોના વાયરસના કારણે સર્જાયેલી સ્થિતિ બાદ પગારકાપની જાહેરાત કરી છે. પોતાના ખર્ચા ઘટાડવા માટે ઈન્ડિગો દ્વારા કર્મચારીઓના પગારમાં ૫ ટકાથી ૨૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. સીઈઓ રોનો દત્તાનો પગાર પણ ૨૫ ટકા ઘટ્યો છે. કોરોના વાયરસના ડરને લીધે લોકો મુસાફરી કરવાનું તો ઠીક, ઘરની બહાર નીકળવાનું પણ ટાળી રહ્યા છે જેના કારણે ઉડ્ડયન કંપનીઓને જોરદાર ફટકો પડ્યો છે.

ગોગોઈએ નિષ્પક્ષ રીતે રાજ્યસભામાં પોતાની વાત રજૂ કરવાની રહેશે: પ્રસાદ

રાજ્યસભામાં હોબાળા વચ્ચે ગોગોઈએ શપથગ્રહણ કર્યા: કોંગ્રેસનું વોકઆઉટ

વિરોધ કરનારા લોકો જ બહુ જલ્દી મારુ સ્વગત કરશે: ગોગોઈ

ન્યુ દિલ્હી

ભારતના પૂર્વ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ ગુરૂવારના રોજ રાજ્યસભાન સભ્ય તરીકે આજે શપથ ગ્રહણ કરી લીધા છે. આ દરમિયાન વિપક્ષોએ જબરજસ્ત હોબાળો મચાવ્યો હતો. ગોગોઈના શપથગ્રહણના વિરોધમાં કોંગ્રેસે સંસદમાંથી વોકઆઉટ કરી દીધું હતું.

ગુરૂવારના રોજ પૂર્વ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ શપથ ગ્રહણ કરવા માટે સમયસર નક્કી કરેલા સ્થળ પર પહોંચી ગયા હતા. વિપક્ષના સભ્યોએ નારાબાજી લગાવવાની શરૂ કરી દીધી હતી. દેશના ૪૬માં ચીફ જસ્ટિસ તરીકે ફરજ બજાવી ચૂકેલા રંજન ગોગોઈના શપથ ગ્રહણ દરમિયાન જ કોંગ્રેસના સભ્યોએ સંસદમાંથી વોક આઉટ કરી લીધું હતું. વિપક્ષી સાંસદોના આવા વર્તનને સભાપતિ વૈંકેયા નાયડૂએ અસંતોષજનક ગણાવ્યો.

૩ ઓક્ટોબર ૨૦૧૮થી ૧૭ નવેમ્બર ૨૦૧૯ સુધી દેશના ચીફ જસ્ટીસના પદ પર ફરજ બજાવી ચૂકેલા ગોગોઈના નામને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે રાજ્યસભા માટે સૂચવ્યું હતું. વિપક્ષના હોબાળા બાદ કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે સંસદમાં કહ્યું કે રાજ્યસભાની પરંપરા રહી છે કે અહીં પ્રતિષ્ઠિત લોકો જ સભ્ય બન્યા છે. ચીફ જસ્ટિસ તરીકે ફરજ બજાવી ચૂકેલા ગોગોઈને નિષ્પક્ષ રીતે રાજ્યસભામાં પોતાની વાત રજૂ કરવાની રહેશે. તેના પર રંજન ગોગોઈએ જવાબ આપતા કહ્યુ છે કે, વિરોધ કરનારા લોકો જ બહુ જલ્દી મારુ સ્વગત કરશે. અહીંયા કોઈ મારૂ ટીકાકાર નથી.

એસબીઆઈ યસ બેન્કને ૬૦ હજાર કરોડની ક્રેડિટ સહાય આપી..!!

મુંબઈ

ભારતીય રિઝર્વ બેંકે કથિત રૂપે ૬૦,૦૦૦ કરોડ રૂપિયાની યસ બેંકને લાઈન ઓફ ક્રેડિટ સહાયતા આપી છે કેમ કે, સંકટગ્રસ્ત બેંકે ૧૮ માર્ચે પોતાનું પરિચાલન પૂર્વવત કરી દીધુ છે. મીડિયા અહેવાલ અનુસાર, લાઈન ઓફ ક્રેડિટને એ સુનિશ્ચિત કરવા માટે આપવામાં આવ્યા હતા કે બેંક જમાકર્તાઓ પ્રત્યે પોતાનું દાયિત્વ પુરૂ કરવામાં સક્ષમ રહે.

ગત ૧૬ માર્ચે આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યાનુસાર, જો જરૂર પડે તો કેન્દ્રીય બેંક જરૂરી પ્રવાહિતા મદદ કરવા તૈયાર હશે અને થાપણદારોને કોઈ મુશ્કેલી પડવી ન જોઈએ. મૂડીઝે પણ યસ બેંકની રેટિંગ સુધારીને પોઝિટિવ કરી હચી અને આરબીઆઈ પ્રેસર બાદ પોતાનો દ્રષ્ટીકોણ સકારાત્મક કરી રેટિંગ વધાર્યા હતા.

જો કે કેન્દ્રીય બેંક દ્વારા આ લાઈન ઓફ ક્રેડિટ એક ચેતવણી સાથે આપવામાં આવી છે. આરબીઆઈ લેન્ડર ઓફ ધ લાસ્ટ રિસોર્ટ હોઈ વ્યવસ્તાની શરતો પ્રમાણે યસ બેંકે ભંડોળ એક્સેસ કરતા પહેલા તાત્કાલિક પ્રવાહી સંપતિઓ કાઢવી પડશે. સૂત્રો અનુસાર, ભૂતકાળમાં આરબીઆઈએ ઈલિક્વિડ-ઈનસોલ્વેન્ટ બેંકોને મર્જ કરવાનું પસંદ કર્યું હતું.યસ બેંકને જારી રાખવાની અનુમતિ અપાઈ છે. અંતિમ ઉપાય રિસોર્ટ લેન્ડર ફંક્શન એક એલઓસીની જોગવાઈ છે.

સરકારે ૧૪ માર્ચે ભારતીય સ્ટેટ બેંકના નેતૃત્વમાં યસ બેંક માટે એક બચાવ યોજનાને અધિસૂચિત કરી અને અન્ય લેન્ડર્સ દ્વારા આમાં સામેલ થઈ, કેમ કે આ બેંકિંગ ક્ષેત્રને વ્યાપક સંકટથી બચાવવા માટે જોવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા મંજૂરી આપવામાં આવી જે અંતર્ગત પુનઃનિર્માણ યોજના ૧૩ માર્ચથી અમલી બની.

દિલ્હીમાં રેસ્ટોરન્ટમાં જમવા પર પ્રતિબંધ, ૨૦ લોકોથી વધારે લોકો ભેગા થઈ નહિ શકે

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના વધતા ભયના કારણે દિલ્હી સરકારે મોટા નિર્ણય કર્યા છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગુરુવારે પત્રકાર પરિષદ કરીને જણાવ્યું હતું કે, દિલ્હીમાં ૨૦ લોકોથી વધારે લોકો ભેગા થઈ શકશે નહિ.

આ સિવાય અરવિંદ કેજરીવાલે વધુમાં જણાવ્યું હતું કે, ગુરુવારથી રેસ્ટોરન્ટમાં પણ સાથે બેસીને જમવા પર પ્રતિબંધ ફરમાવી દીધો છે. દિલ્હીમાં હોમ ક્વોરેન્ટાઇન લાગુ કરવામાં આવશે. ખાનગી કંપનીમાં કામ કરતા દરેક કર્મચારીઓને ઘરે બેસીને "વર્ક ફ્રોમ હોમ" કાર્ય કરવું પડશે. દિલ્હીમાં કોરોનાના ૧૦ દર્દીઓ છે, અમારી પાસે ૭૬૮ બેડની કેપેસિટી છે જેમાંથી ૭૧૧ બેડ હાલમાં ખાલી છે. ક્વોરેન્ટાઇન કરેલા લોકોને ઘરે રહેવા માટે અપીલ કરવામાં આવી છે, જો તેઓ આ સૂચનાનો કડકાઈથી અમલ કરી રહ્યા નથી તો તેમની સામે કાયદેસરના પગલાં હાથ ધરવામાં આવશે તથા તેમની સામે ફરિયાદ નોંધી ધરપકડ પણ કરવામાં આવશે તેવું પણ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

બે કિમી ઘેરાવો ધરાવતો ઉલ્કાપિંડ ૨૮ એપ્રિલે પૃથ્વી નજીકથી પસાર થશે

વૉશિંગ્ટન

આગામી ૨૯મી એપ્રિલ, ૨૦૨૦ના રોજ એક અવકાશીય ઘટના બનશે જેમાં એક વિશાળ ખગોળીય ઉલ્કાપિંડ પૃથ્વીની નજીકથી પસાર થશે. આ ઘટનાના પર અવકાશશાસ્ત્રીઓ અને સંબંધિત પ્રોફેશનલની ચાપતી નજર છે. નિષ્ણાતોના મતે આ અવકાશી ઉલ્કાપિંડની પહોંળાઈ ઓછામાં ઓછા એક માઈલ એટલે કે ૧.૮ કિમી છે. આ અવકાશી ઉલ્કાપિંડને જોવા માટે વર્ચ્યુઅલ ટેલિસ્કોપ પ્રોજેક્ટ જાહેર જનતા માટે ઉપલબ્ધ બનશે, જોકે કોરોનાને પગલે આ યોજના પડતી મુકવામાં આવે તેવી શક્યતા છે. આ અવકાશી ઉલ્કાપિંડ પૃથ્વીથી આશરે ૪ મિલિયન માઈલ (૬ મિલિયન કિમી) દૂર થશે. પૃથ્વી-ચંદ્ર વચ્ચે રહેલા અંતરના લગભગ ૧૬ ગણુ છે. અવકાશીય સ્થિતિની વ્યાખ્યામાં આ અંતર ખૂબ જ ઓછું કહી શકાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે નજીકના ભવિષ્યમાં એવા કેટલાક અવકાશી ઉલ્કપિંડ પૃથ્વીથી ખૂબ નજીકથી પસાર થશે. વર્ષ ૨૦૨૯માં એટેરોઈડ (૪૧૫૦૨૯) ૨૦૧૧ યુએલ૨૧ પણ ૪૧૫૦૨૯ માઈલ અંતરથી પસાર થવાનો છે.

શ્રીનગરમાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો, અફવાહ ફેલાવનારની ધરપકડ

શ્રીનગરના ખાનયાર વિસ્તારમાં ૬૭ વર્ષિય મહિલામાં કોરોનાનો પોઝિટિવ કેસ સામે આવ્યો

જમ્મૂ

જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં બુધવારે કોરોના વાઈરસનો સૌપ્રથમ કેસ સામે આવ્યો છે. આ શખ્સ કોરોનાથી સંક્રમિત હોવાથી તાત્કાલિક આઈસોલેટ કરવામાંની પ્રક્રિયા હાથ ધરાઈ છે અને ૩૦૦ મીટરના વિસ્તાર પર નજર રાખવામાં આવી રહી છે. સરકારે કહ્યું છે કે આ દર્દીના ટ્રાવેલ હિસ્ટ્રી અંગે માહિતી મળી છે કે તે ૧૬ માર્ચના રોજ કાશ્મીર આવી હતી. સૌ પ્રથમ કેસ સામે આવ્યા બાદ સરકારે ગુરુવારથી જાહેર પરિવહન અને ટોળા એકત્ર થવા પર પ્રતિબંધ મુક્યો છે. રાજ્યપાલના પ્રવક્તા રોહિત કંસલે જણાવ્યું હતું કે સંક્રમણનો સામનો કરવા માટે અમે સાવચેતીના પગલાં ભર્યા છે. બીજીતરફ કોરોના વાયરસને લઈને અફવાહ ફેલાવવા બદલ કિશ્તવાડમાંથી એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે. સોશીયલ મીડિયા પર કોરોનાથી મૃત્યુની ખોટી અફવાહ ફેલાવનારની પોલીસે ધરપકડ કરી છે. કિશ્તવાડના જિલ્લા વિકાસ કમિશ્નર રાજિન્દર સિંહ તારાએ લોકોને સલાહ આપી છે કે ખોટી અફવાહોમાં દોરવાવું નહીં. જિલ્લા કચેરીએ સ્પષ્ટતા કરી છે કે મૃત્યુ કોરોનાને લીધે નહીં પરંતુ અન્ય કારણોસર થયું હતું. કિશ્તવાડના પાલમર્દના વ્યક્તિનું જમ્મુની હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

અધિકારીઓએ કહ્યું છે કે શ્રીનગરના ખાનયાર વિસ્તારમાં ૬૭ વર્ષિય મહિલામાં કોરોનાનો પોઝિટિવ કેસ સામે આવ્યો છે. શ્રીનગરના એસ કે આઈ એમ એસ હોસ્પિટલના એક ડોક્ટરનું કહેવું છે કે આ મહિલા ૧૬ માર્ચના રોજ સાઉદી અરબથી પરત આવી હતી. મહિલા ત્યાં ઉમરા માટે ગઈ હતી. જ્યારે મહિલાની તપાસ થઈ તો બન્ને અહેવાલમાં સંક્રમણની પુષ્ટિ થઈ છે.

ઈડીએ અનિલ અંબાણીની પૂછપરછ કરી

મુંબઈ

યસ બેંકની કટોકટી મામલે કેન્દ્રીય તપાસ એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની ઓફિસે રિલાયન્સ ગ્રૂપના ચેરમેન અને ઉદ્યોગપતિ અનિલ અંબાણી હાજર થયા હતા. યસ બેંકની કટોકટી મામલે તપાસ એજન્સી દ્વારા તેમની પુછપરછ કરવામાં આવી હતી. ઈડીએ યસ બેંકના પ્રમોટર રાણાકપૂર વિરુદ્ધ મની લોન્ડરિંગની તપાસ કરી રહી છે. નોંધનિય છે કે અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રૂપની ૯ કંપનીઓ ઉપર હાલ નાણાંકીય કટોકટીમાં ફસાયેલી યસ બેંકનું રૂ. ૧૨,૮૦૦ કરોડનું બાકી લેણું છે.

નોંધનિય છે કે, થોડાંક દિવસ પહેલા જ યસ બેંકની કટોકટી મામલે ઈડીએ અનિલ અંબાણી સહિત ઘણા ઉદ્યોગપતિઓને ગુરુવારે હાજર થવા માટે સમન્સ બજાવ્યા હતા. હાલ રાણા કપૂર ઈડીની કસ્ટડીમાં છે.

અનિલ અંબાણીના નેતૃત્વ હેઠળના એડીએજી ગ્રૂપે ગત સપ્તાહે સ્પષ્ટતા કરી હતી કે રાણા કપૂર, તેમની પત્ની અને દિકરીઓ કે તેમના અંકુશ હેઠળની કોઈ કંપની સાથે અમારા ગ્રૂપની કોઈ સાંઠગાંઠ નથી. ઉપરાંત એવું પણ કહ્યું કે યસ બેંકનું સંપૂર્ણ દેવું સુરક્ષિત છે.

ઈડીએ યસ બેંકના મોટા લોનધારકો હોય તેવા કોર્પોરેટ્સને થોડાંક દિવસ પૂર્વે સમન્સ બજાવ્યા હતા. જેમાં એસ્સેલ ગ્રૂપના ચેરમેન સુભાષચંદ્રા, જેટ એરવેઝના સ્થાપક નરેશ ગોયલ, ડીએચએફએલના પ્રમોટર કપિલ વાધવાન, અવંતા રિયાલિટીના પ્રમોટર ગૌતમ થાપર પણ સામેલ છે. નોંધનિય છે કે, ૧૦ મોટા બિઝનેસ ગ્રૂપની ૪૪ કંપનીઓમાં યસ બેંકની રૂ. ૩૪,૦૦૦ કરોડની લોન ફસાયેલી છે.

સરકાર કોરોનાને લઈ લોકડાઉન કરતા કેમ ખચકાઈ છે ?: પી.ચિદમ્બરમનો સવાલ

ન્યુ દિલ્હી

લોકડાઉન મુદ્દે ચિદમ્બરમે કેન્દ્ર સરકારને સવાલ કર્યો છે. સરકાર કોરોનાને લઈને લોકડાઉન કરવામાં કેમ ખચકાઈ રહી છે. પૂર્વ કેન્દ્રીય પ્રધાન અને કોંગ્રેસના નેતા પી. ચિદમ્બરમે કહ્યું હતું કે ડબ્લ્યુએચઓ ડાયરેક્ટર જનરલના નિવેદન બાદ આપણા બધા શહેરોમાં તાત્કાલિક ૨ થી ૪ અઠવાડિયાના લોકડાઉનનો હુકમ કરવામાં કોઈ ખચકાટ થવો જોઈએ નહીં.

કોંગ્રેસના નેતા પી. ચિદમ્બરમે ટ્વિટ કર્યું છે. આઈસીએમઆરની રેન્ડમ સેમ્પલ ટેસ્ટથી જાણ થઈ છે કે હવે કોઈ સામુદાયિક ટ્રાન્સમિશન (સ્ટેજ ૩) નથી. તેથી હવે કામચલાઉ લોકડાઉનની જાહેરાત કરવાનો અને સ્ટેજ ૨ માં રોગને રોકવાનો સમય છે.

તંત્રી લેખ

જવાબદારી વધુ મોટી છે

જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ એકપછી એક પગલા મોદી સરકાર દ્વારા સતત લેવામાં આવી રહ્યા છે. થોડાક દિવસ પહેલા નેશનલ કોન્ફરન્સના નેતા અને જમ્મુ કાશ્મીરના સૌથી મોટા લીડર તરીકે ગણાતા ફારૂખ અબ્દુલ્લાને મુક્ત કરવામાં આવી ચુક્યા છે. તેમની મુક્તિ બાદ લોકશાહી સ્થાપના માટેની દિશામાં વધુ પગલા લેવાની દિશામાં નવી પહેલ થઈ ગઈ છે. નજર કેદમાં રાખવામાં આવેલા અન્ય નેતાઓને પણ છોડવાની માંગ થઈ રહી છે ત્યારે કેન્દ્ર સરકાર વિશ્વાસ નિર્માણની દિશામાં આગળ વધી રહી છે તે બાબત તો દેખાઈ રહી છે. તમામ રાજકીય પંડિતો પણ માને છે કે સ્થાનિક નેતાઓ અને લોકોને વિશ્વાસનિર્માણની પ્રક્રિયામાં સામેલ કર્યા વગર દરેક બાબત શક્ય દેખાતી નથી. કલમ ૩૭૦ની નાબુદી બાદ આ ઐતિહાસિક અને સાહસી નિર્ણય બાદ જવાબદારી પણ મોટી આવી ગઈ છે. જેટલો મોટો નિર્ણય છે તેટલી જ મોટી જવાબદારી પણ આવી ગઈ છે. પૂર્વાગ્રહને છોડીને સીધી રીતે ઉશ્કેરણી કરતા લોકોને નિયંત્રણમાં રાખવાની જરૂર છે. આવા લોકોથી સામાન્ય લોકોને પણ રક્ષણ આપવાની જરૂર છે. સાથે સાથે સામાન્ય લોકોને કોઇ અસર ન થાય તે જરૂરી છે. કલમ ૩૭૦ની નાબુદી બાદ તેમની પ્રગતિના રસ્તા ખુલી જશે તે બાબત લોકો સુધી સરળ રીતે પહોંચાડી દેવાની જરૂર છે. રસ્તો ભુલી ગયેલા યુવાનોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે તેમના માટે પણ અસરકારક પગલા લેવાની જરૂર દેખાઈ રહી છે. સામાન્ય જનજીવન માટે સરકાર સક્રિય દેખાઈ રહી છે. આના સંકેત પણ મળી રહ્યા છે. જો કે હજુ વધારે ધ્યાન આપવાની જરૂર છે. ભાષાના ઉપયોગને લઈને પણ સાવધાની રાખવી પડશે. કાશ્મીર ભારતના મસ્તક તરીકે છે. આના માથાને ઉપર રાખવા માટેના પ્રયાસ પણ કરવા પડશે.કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ જમ્મુ કાશ્મીરમાં જનજીવનને પાટા પર લાવવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાજ્યના લોકોમાં આત્મવિશ્વાસ જગાવવા માટેના તમામ પ્રયાસો કરવાની જવાબદારી ટોપ અધિકારીઓને સોંપવામાં આવી છે. કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ ત્રાસવાદીઓની ઘુસણખોરીને રોકવા માટેના પણ તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આમાં તો સફળતા મળી છે. લોકશાહી સ્થાપના કરવાની પણ વધારે જરૂર દેખાઈ રહી છે. કાશ્મીરમાં હાલમાં જનજીવનને પાટા પર લાવવા માટેના તમામ પ્રયાસો ચાલી રહ્યા છે. ખીણમાં સુરક્ષા અભૂતપૂર્વ રાખવામાં આવી છે. ત્રાસવાદના કારણે વિકાસની દોડમાં પાછળ રહી ગયેલા કાશ્મીરના ઝડપી વિકાસ માટે હવે સતત પગલા લેવાના રહેશે. કેન્દ્ર સરકારને પણ સાબિતી આપી દેવી પડશે કે તે કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ તે રાજ્યના સર્વાગી વિકાસ માટે કેટલી ગંભીર છે. ટુંકમાં જેટલો મોટો નિર્ણય કરવામાં આવ્યો છે તે મુજબ મજબુત ઇચ્છાશક્તિ સાથે રાજ્યના વિકાસને ઝડપથી આગળ વધારી દેવાની જરૂર છે. કાશ્મીર હવે બદલાશે. સાથે સાથે સામાન્ય લોકો અને પ્રવાસીઓ પહોંચે તેવા માહોલની રચના કરવી પડશે. કેન્દ્ર સરકારની સાથે સાથે સ્થાનિક લોકો મુખ્યપ્રવાહમાં રહે તે જરૂરી છે.

ફારૂકની મુક્તિ બાદ હજુય સ્થાનિક નેતાને મુક્ત કરવાની જરૂર : વાતચીત મહત્વપૂર્ણ

હાહાકાર મચાવનારી બિમારી

હાલમાં દુનિયાના દેશોમાં કોરોના વાયરસનો હાહાકાર મચેલો છે. મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. કેદુનિયાના ૧૭૬થી વધુ દેશોમાં કાળો કેર વર્તાવી રહેલા જીવલેણ કોરોના વાયરસના કારણે હજુ સુધી ૮૯૬૯ લોકોના મોત થઈ ચુક્યા છે અને ૨૧૯૩૩૨ કેસો સપાટી પર આવ્યા છે. કોરોના પહેલા પણ અનેક બિમારી અને વાયરસે દુનિયાના દેશોમાં હાહાકાર મચાવ્યો છે જે નીચે મુજબ છે

- **૨૦૧૯થી લઈને હજુ સુધી કોરોના વાયરસના લીધે નવ હજાર જેટલા લોકોના મોત થયા અને અને આ વાયરસે દુનિયાના ૧૬૭ દેશોમાં આતંક મચાવી દીધો છે. કોરોનાના ફેલાવાને રોકવા માટે દુનિયાના દેશો યુદ્ધના ધોરણે પગલા લઈ રહ્યા છે.**
- **વર્ષ ૨૦૧૫થી હજુ સુધી મર્સ વાયરસરના કારણે ૮૫૦ લોકોના મોત થયા છે**
- **વર્ષ ૧૯૮૧માં શરૂ થયા બાદ એચઆઈવી એઈડ્સના કારણે હજુ સુધી ૩.૫ કરોડ લોકોના મોત થઈ ચુક્યા છે. લાખો કેસ હજુ સપાટી પર છે**
- **વર્ષ ૨૦૦૯થી ૨૦૧૦ વચ્ચેના ગાળામાં સ્વાઈન ફ્લુના કારણે બે લાખના મોત થયા હતા**
- **હોંગકોંગમાં ૧૯૬૮થી ૧૯૭૦ના ગાળામાં ૧૦ લાખ લોકોના મોત થયા હતા અને લાખો કેસ નોંધાઈ ગયા હતા**
- **વર્ષ ૧૯૫૭થી ૧૯૫૮માં એશિયન ફ્લુના કારણે ૧૧ લાખના મોત થયા હતા અને કેસો પણ મોટી સંખ્યામાં નોંધાયા હતા**
- **૨૦૦૨થી ૨૦૦૩ વચ્ચે સાર્સે આતંક મચાવીને ૭૭૦ લોકોને શિકાર બનાવ્યા હતા**
- **વર્ષ ૧૯૧૮-૧૯માં સ્પેનિશ ફ્લુના કારણે ૪-૫ કરોડ લોકોને અસર થઈ હતી**
- **૧૭ અને ૧૮મી સદીમાં યુરોપના કેટલાક દેશો ગ્રેટ પ્લેગના સકંજામાં આવી ગયા હતા અને આના કારણે ૩૦ લાખ લોકોને અસર થઈ હતી.૧૬૦૦ લોકોના મોત થયા હતા**
- **૧૮મી સદીના ગ્રેટ પ્લેગના કારણે છ લાખને અસર થઈ હતી. હજારોના મોત થયા હતા**
- **૧૯મી સદીની શરૂઆતમાં યેલો ફિવરે લાખો લોકોને ટાર્ગેટ બનાવ્યા હતા**

મોટી જવાબદારીને છોડીને આગળ વધવાની બાબત બિલકુલ અયોગ્ય

કોરોના વચ્ચે મિડ ડે મીલ કઈ રીતે મળે

સુપ્રીમ કોર્ટે હવે તમામ રાજ્યોને નોટીસ જારીને પ્રશ્ન કર્યો છે કે જ્યારે સ્કુલો બંધ કરવામાં આવી રહ્યા છે ત્યારે બાળકોના મિડ ડે મીલને લઈને શુ આયોજન થઈ રહ્યા છે. બાળકો માટે મિડ ડે મીલની વ્યવસ્થાની ખાતરી કરવા માટે ક્યા પગલા લેવામાં આવી રહ્યા છે તેવી બાબત જાણવા માટેની ઈચ્છા સુપ્રીમ કોર્ટ દ્વારા વ્યક્ત કરવામાં આવી ચુકી છે. આ પ્રશ્ન એકબાજુ તો કોરોનાના કારણે હાલમાં કરવામાં આવી રહ્યો નથી. જો કે બાળકોની ભોજનની વ્યવસ્થાની ખાતરી કરવાની બાબત ઉપયોગી છે. સરકારોએ કોરોનાના ભયના કારણે સાવચેતીના પગલારૂપે સ્કુલો તો બંધ કરી દીધી છે પરંતુ આ વ્યવસ્થા કરવાનુ ભુલી ગઈ છે કે મિડ ડે મીલમાં સામેલ રહેલા બાળકો માટે શુ વ્યવસ્થા કરવાની છે. આખરે આ બાળકો મિડ ડે મીલથી દુર કઈ રીતે રહી શકશે. આ નિર્ણય તેમના ભાવિ માટે યોગ્ય નિર્ણય રહેશે કે કેમ તે પણ પ્રશ્ન સતાવી રહ્યો છે. આ તમામ પ્રશ્નો એટલા માટે ઉભા થઈ રહ્યા છે કે મોટા ભાગના રાજ્યોમાં કોરોનાના ભયના કારણે હાલમાં સાવચેતીના પગલારૂપે આંગણવાડીઓ અને સ્કુલોને બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આવી સ્થિતીમાં બાળકોને મિડ ડે મીલની વ્યવસ્થા કઈ રીતે કરવામાં આવી રહી છે તે પ્રશ્ન થઈ રહ્યો છે. આંગણવાડીઓની જવાબદારી હેઠળ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં કુપોષિત બાળકોને વધુ યોગ્ય પૌષણની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાની રહેલી છે. મિડ ડે મીલ મારફતે એવા બાળકોને સ્કુલ સુધી લાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે જે બાળકો ભોજનની શોધમાં નિકળી ગયા છે અને સ્કુલ આવી શકતા નથી. ભોજનની સમસ્યાના કારણે જે બાળકો સ્કુલ સુધી પહોંચી શકતા નથી તે બાળકોને પણ સ્કુલ સુધી લાવવાની



અમને કોરોનાની સામે લડત પણ ચલાવવી છે અને બાળકો માટે ભોજનની વ્યવસ્થા પણ કરવાની છે તે યાદ રાખવાની જરૂર છે

જવાબદારી તમામની રહેલી છે. બાળ મજુરી રોકવાના ઈરાદા સાથે સર્વશિક્ષા અભિયાન હેઠળ મિડ ડે મીલને જોડી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આનો અર્થ એ થયો કે જે બાળકો ભોજનની શોધમાં સ્કુલ આવી શકતા નથી તે બાળકોને સ્કુલોમાં ભોજનની ઉપલબ્ધતા આપવામાં આવશે. આ શાનદાર પહેલના કારણે મિડ ડે મીલ સ્કીમ અસરકારક સાબિત થઈ રહી છે. હાલમાં દેશમાં આશરે ૧૨ લાખ સ્કુલોમાં દરરોજ આશરે ૧૨ કરોડ બાળકોને મિડ ડે મીલ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. કોરોના વાયરસના કારણે મોટા ભાગની સ્કુલો દેશના જુદા જુદા ભાગોમાં હાલમાં બંધ કરી દેવામાં આવી છે. કોરોનાના ફેલાવાને રોકવા માટે એક જગ્યા પર વધારે લોકો અને બાળકો ન આવે તે માટે સ્કુલો બંધ કરી દેવામાં આવી છે. આ આદેશ હેઠળ તમામ રાજ્યોએ હાલમાં સ્કુલો બંધ કરી દીધી છે. આમાં એ સ્કુલો પણ છે જેમાં મિડ ડે મીલ સ્કીમ ચાલી રહી છે. આ બાબતોને ધ્યાનમાં લઈને જ સુપ્રીમ કોર્ટે હવે તમામ રાજ્ય સરકારો પાસેથી જવાબની માંગ કરી છે., આખરે આવી જગ્યાએ મિડ ડે મીલની વ્યવસ્થા હવે કઈ રીતે કરી શકાય છે તે અંગે માહિતી આપવા માટે રાજ્યોને કહેવામાં આવ્યુ છે. સુપ્રીમ કોર્ટની આ પહેલ ચોક્કસપણે સ્વાગતરૂપ છે. આખરે કોરોનાના ભય વચ્ચે અમે અમારી સામાજિક જવાબદારીને કઈ રીતે ભુલી શકીએ છીં. આખરે સ્કુલોને બંધ કરતી વેળા બાળકોના ભોજનને લઈને કેમ વિચારણા કરી નથી. આ બાળકોને મિડ ડે મીલ મારફતે જ સ્કુલમાં લાવવામાં આવ્યા છે. આવા બાળકોની ભોજનની વ્યવસ્થા કરવાની બાબત ખુબ મહત્વપૂર્ણ છે. તેમના પોષણ ભોજનની ચિંતા કરવાની બાબત સરકારની જવાબદારી છે. કોઈ પણ નિર્ણનય કરતી વેળા સરકાર તેમના આગળ પાછળને ધ્યાનમાં લઈને આગળ વધે તે જરૂરી છે. આખરે પોતાની મહત્વની જવાબદારી છોડીને કઈ રીતે આગળ વધારી શકાય છે. ન્યાયપાલિકાને આવા મામલામાં દરમિયાનગીરી ન કરવી પડે તે બાબતને પણ ધ્યાનમાં લેવાની જરૂર છે. મિડ ડે મીલ સાથે લાખોની સંખ્યામાં બાળકો જોડાયેલા છે. સાથે સાથે ૧૨ કરોડ બાળકોને મિડ ડે મીલની વ્યવસ્થા દરરોજ કરવામાં આવી રહી છે ત્યારે તેમના ભોજનની ચિંતા કોરોનાના ફેલાવાના કારણે સ્કુલોને બંધ કરતી વેળા કરવામાં આવી નથી. મિડ ડે મિલ સ્કીમને દેશની સૌથી મોટી સ્કીમ પૈકી એક તરીકે જોવામાં આવે છે. તેનો લાભ મેળવી રહેલા બાળકોની સંખ્યા પણ કરોડોમાં છે. જેથી તમામ બાબતોને ધ્યાનમાં લઈને બાળકોના ભોજનની ઉપલબ્ધતાની પાકી ખાતરી કરવી જ જોઈએ.

મર્સ, ઈબોલા, સાર્સ, પ્લેગ, એઈડ્સનો પહેલા આંતક રહી ચુક્યો છે

કોરોના પહેલા ઘણી બિમારી આવી

દુનિયાભરના દેશોમાં કોરોના વાયરસનો આંતક જારી રહ્યો છે. કુલ ૧૬૬ દેશો કોરોના વાયરસના સકંજામાં આવી ગયા છે. કોરોના વાયરસના કારણે લાખો કેસ દુનિયાના દેશોમાં નોંધાઈ ચુક્યા છે. કોરોના વાયરસને રોકવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. જો કે ચીનમાં કેટલાક હદ સુધી કોરોના વાયરસ પર અંકુશ મુકવામાં આવ્યા બાદ દુનિયાના અન્ય દેશોમાં જોરદાર રીતે આતંક જારી છે. દુનિયાના ૧૬૬થી વધારે દેશો હાલમાં કોરોના વાયરસના કારણે ગ્રસ્ત છથે. જુદા જુદા દેશોની સરકારો આને રોકવા માટે બનતા તમામ પ્રયાસ કરી રહી છે. સામાન્ય લોકોને જાગરૂક કરવામાં આવી રહ્યા છે. વર્તમાન આંકડા દર્શાવે છે કે સ્થિતીને કાબુમાં લેવામાં હજુ સમય લાગી શકે છે. ગંભીર રીતે અસરગ્રસ્ત દર્દીઓની સંખ્યા પણ હજારોમાં રહેલી છે. કોરોના વાયરસ જેવા વાયરસે અને અન્ય બિમારીઓને તેમજ વાયરસે વિશ્વના દેશોમાં પહેલા પણ ભારે હાહાકાર મચાવી દીધો છે. ૧૧મી માર્ચના દિવસે જ્યારે વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા સત્તાવાર રીતે જ્યારે કોરોના વાયરસને વૈશ્વિક હોનારત તરીકે જાહેર કરી ત્યારે તેની ચર્ચા વધી ગઈ છે. ઈતિહાસ પર અને દુનિયાના આંકડા પર નજર રાખનાર સંસ્થાઓએ માહિતી આપતા કહ્યુ છે કે વિતેલા વર્ષોમાં અને સદીઓમાં એચાઈવી એઈડ્સ, મર્સ, ઈબોલા, સ્વાઈન ફ્લુ, બ્લેક ડેથ, એન્ટોનિન પ્લેગ, એશિયન ફ્લુ, રશિયન ફ્લુ, હોંગકોંગ ફ્લુ પણ આતંક મચાવી ચુક્યા છે. સાર્સે પણ ભારે આંતક મચાવ્યો હતો. વર્ષ ૨૦૦૨થી લઈનવે ૨૦૦૩ સુધી સાર્સના કારણે દુનિયાના દેશોમાં હાહાકાર રહ્યો હતો. આના કારણે ૭૭૦થી વધુ લોકોના સત્તાવાર રીતે મોત થયા હતા. જ્યારે વર્ષ ૨૦૦૯થી ૨૦૧૦ વચ્ચે સ્વાઈન ફ્લુના કારણે બે



વર્ષ ૧૯૮૧ બાદથી એચઆઈવી એઈડ્સથી ૩.૫ કરોડ લોકોના મોત થઈ ચુક્યા છે : સાર્સ વાયરસે ૧૭ દેશોમાં સકંજો જમાવ્યો હતો

લાખ લોકોના મોત થયા હતા. ઈબોલા વાયરસના કારણે વર્ષ ૨૦૧૪થી વર્ષ ૨૦૧૬ વચ્ચેના ગાળામાં ૧૧૩૦૦ લોકોના મોત થયા હતા. મર્સથી વર્ષ ૨૦૧૫ બાદથી હજુ સુધી ૮૫૦ના મોત થઈ ચુક્યા છે. એચઆઈવી એઈડ્સની વાત કરવામાં આવે તો આ જીવલેણ બિમારીના કારણે વર્ષ ૧૯૮૧માં તેનો પ્રથમ કેસ સપાટી પર આવ્યા બાદ હજુ સુધી ૨.૫ કરોડથી ૩.૫ કરોડ લોકોના મોત થઈ ચુક્યા છે. એઈડ્સની સારવાર કરવી આજે પણ મુશ્કેલ બનેલી છે. દુનિયાના દેશોમાં છેલ્લા કેટલાક વર્ષોમાં એઈડ્સના કેસો ઘટ્યા છે. આના માટેના કારણો એ છે કે આના સંબંધમાં વ્યાપક જાગૃતિ ફેલાવવામાં આવી હતી. સીડીસી, ડબલ્યુઓઓ, બીબીસી, વિકિપિડિયા અને અન્ય તમામ સોર્સ મારફતે આ બિમારીના સંબંધમાં આંકડા હાથ લાગ્યા છે. થોડાક સમય પહેલા સૌથી વધારે ચર્ચા સાર્સ અને ઈબોલાની રહી હતી.વર્ષો પહેલા સાર્સે દુનિયાના ૧૭ દેશોમાં આતંક મચાવી દીધો હતો. આમાં મૃત્યુ દર ૯.૬ ટકા રહ્યો હતો. આ રોગમાં મુખ્ય કેસો ચીન અને હોંગકોંગમાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૭ના અંત સુધી ચીની વૈજ્ઞાનિકોએ વ્યાપક અભ્યાસ બાદ કેટલીક બાબતોને શોધી કાઢી હતી. આવી જ રીતે એઈડ્સના કારણે વર્ષોથી મોટી સંખ્યામાં લોકોના મોત થઈ રહ્યા છે. એઈડ્સની સારવારમાં એન્ટીરેટ્રોવાઈરલ થેરાપી આપવામાં આવે છે. એઈડ્સને સુરક્ષિત સેક્સ, નિડલ એક્સચેંમડ જેવી બાબતોથી રોકી શકાય છે. એચઆઈવી મુખ્ય રીતે બિનસુરક્ષિત સેક્સ અને ઓરલ સેક્સના કારણે ફેલાયેલી બિમારી છે. વર્ષ ૨૦૧૮ના આંકડા પર નજર કરવામાં આવે તો કેસોની સંખ્યા ૩૭.૯ મિલિયન હાલમાં રહેલી છે. ૭૭૦૦૦૦ લોકોના મોત થઈ ચુક્યા છે. એવો અંદાજ છે કે પૂર્વીય અને સાઉધર્ન આફ્રિકામાં ૨૦.૬ મિલિયન દર્દીઓ છે. એચઆઈવી એઈડ્સની સમાજ પર ખુબ માઠી અસર થઈ છે. નવેસરના આંકડા દર્શાવે છે કેદુનિયાના ૧૭૬થી વધુ દેશોમાં કાળો કેર વર્તાવી રહેલા જીવલેણ કોરોના વાયરસના કારણે હજુ સુધી ૮૯૬૯ લોકોના મોત થઈ ચુક્યા છે અને ૨૧૯૩૩૨ કેસો સપાટી પર આવ્યા છે.મોતનો આંકડો ક્યાં જઈને અટકશે તે વાત કરવી હાલમાં મુશ્કેલ છે. કારણ કે દુનિયાના દેશોમાં ૬૮૧૪થી વધુ દર્દીઓ તો ગંભીર હાલતમાં છે. જેથી મોતનો આંકડો ખુબ વધારે પહોંચનાર છે. દુનિયાના દેશોમાં કોરોના વાયરસને રોકવા માટે લેવામાં આવી રહેલા યુદ્ધના ધોરણના પગલાના કારણે રિક્વર થયેલા લોકોની સંખ્યા પણ વધીને ૮૫૭૪૫ થઈ ગઈ છે. જો કે સ્થિતી સુધારવામાં હજુ સમય લાગી શકે છે.

વજન ઉતારવા માટે રોજ સવારે પીવો ભીંડાવાળું પાણી

તમે ભીંડાનું શાક જરૂરથી ખાતા હશો. પરંતુ શું તમે ક્યારેય ભીંડાના પાણી વિશે સાંભળ્યું છે? ભીંડાનું પાણી આપણા શરીર માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. દરરોજ સવારે નરણા કોઠે એક ગ્લાસ ભીંડાનું પાણી પીવાથી તમે અનેક પ્રકારના રોગોમાંથી મુક્ત રહી શકો છો. આયુર્વેદમાં પણ ભીંડાના પાણીને કોલેસ્ટ્રોલ અને હૃદયરોગથી બચવા માટે તથા ડાયાબીટીસ માટે એક મુખ્ય ઉપાય માનવામાં આવે છે. દુનિયાના અનેક દેશોમાં વજન ઘટાડવા માટે ભીંડાના પાણીને ઉત્તમ માનવામાં આવે છે. અંગ્રેજીમાં તેને "ઓકરા વોટર" ના નામથી ઓળખવામાં આવે છે.

ભીંડાનું પાણી તમે પોતાના ઘરે સરળતાથી બનાવી શકો છો. ભીંડામાં પ્રોટીન, ચરબી, ફાઇબર, કાર્બોહાઈડ્રેટ, ફોસ્ફરસ, આયર્ન, કેલ્શિયમ, મેગ્નેશિયમ, પોટેશિયમ, સોડિયમ અને ત્રાબું મળી આવે છે. ડાયાબિટીસના દર્દીઓ માટે ડોક્ટરો પણ ભીંડાને ખૂબ જ ફાયદાકારક માને છે. ભીંડા નું પાણી સુગરને બ્લડમાં સાંભળવાની પ્રક્રિયાને ધીમી બનાવે છે, જેનાથી તમારું બ્લડમાં શુગરનું લેવલ ઓછું થાય છે. તો અમે તમને આ આર્ટિકલમાં બતાવશો કે ભીંડાનું પાણી કેવી રીતે બનાવશો અને તેનાથી શું ફાયદા થશે.

સૌથી પહેલા ૪-૫ મીડિયમ કદની ભીંડી લો અને તેને સારી રીતે ધોઈ લો. આ ભીંડાને લંબાઈની દિશામાં (ઉપરથી નીચે સુધી) કાપો અને તેને બે ભાગોમાં વહેંચો. હવે આ સમારેલી ભીંડીને બરણીમાં નાંખો. બરણીમાં ૧ થી ૧.૫ લિટર પાણી ઉમેરો. હવે બરણીને ઝીણા કપડા અથવા ચાળણીથી ઢાંકી દો જેથી તે બાષ્પીભવન કરે. ભીંડાને ૮ થી ૨૪ કલાક આ પાણીમાં રહેવા દો. નક્કી સમય બાદ, ભીંડાને પાણીમાં નિચોવીને બકાર કાઢો જેથી તેનો બધો જ અર્ક નીકળી જાય. હવે ભીંડીને ફેંકી દો અને પાણીનું સેવન કરો.

ભીંડાથી બનેલું આ 'ઓકરા વોટર' ઘણાં ગંભીર રોગોમાં ફાયદાકારક છે. તે ડાયાબિટીઝને નિયંત્રણમાં રાખે છે, શરીરનું કોલેસ્ટ્રોલ ઘટાડે છે અને કિડનીના રોગો સામે રક્ષણ આપે છે. જો તમે તેનું નિયમિત સેવન કરો છો, તો તે વજન ઘટાડવામાં પણ મદદ કરે છે અને શરીરને સ્વસ્થ રાખે છે. આ 'ઓકરા વોટર' સવારે ખાલી પેટ પર પીવો અને ૩૦ મિનિટ પીધા પછી જ નાસ્તો કરો. તેને સવારે પીવા માટે સવારે પલાળી રાખો જેથી ભીંડાને ઓછામાં ઓછી ૮-૧૦ કલાક પાણીમાં રહે અને તેનો અર્ક યોગ્ય રીતે કાઢી શકાય.

ભીંડો એ પૌષ્ટિક તત્વોનો ભંડાર છે, તેથી તેનું પાણી શરીરને ઘણાં આરોગ્ય લાભ આપે છે. જો તમે એક ગ્લાસ 'ઓકરા વોટર' પીવો છો, તો શરીરને તેનાથી નીચે દર્શાવેલા ઘણા બધા તત્વો મળે છે.

જો તમે આ 'ઓકરા વોટર' નું નિયમિતપણે સેવન કરો છો, તો તમારે કોઈ પણ મલ્ટિવિટામિન કેપ્સ્યુલ્સ અથવા એનર્જી ડ્રિંક લેવાની જરૂર નથી કારણ કે આ પાણીમાં પહેલાથી જ ઘણા બધા ઘટકો હોય છે, જે તમારા શરીરને દિવસ દરમિયાન ઉર્જા આપે છે અને તેનાથી થાક, સુસ્તી અને આળસ ખતમ થાય છે.

ભીંડામાં ઘણાં એન્ટીઓક્સીડન્ટ્સ હોય છે જે આપણને ડાયાબિટીઝ અને હાર્ટ રોગોથી બચાવે છે. ભીંડામાં હાજર એન્ટીઓક્સીડન્ટ્સ આપણને ફ્રી રેડિકલથી થતા નુકસાનથી બચાવે છે અને શરીરના આંતરિક ભાગોને સ્વસ્થ રાખે છે. તેના એન્ટીઓકસીડન્ટ્સને લીધે કેન્સરના કોષોનો વિકાસ દર પણ ધીમો છે, તેથી તે કેન્સરના દર્દીઓ માટે પણ ફાયદાકારક છે. ભીંડામાં ઘણાં ઘટકો છે જે ઈન્સ્યુલિનના ઉત્પાદનમાં સહાયક હોય છે. ગ્લુકોઝને કાર્બોહાઈડ્રેટથી અલગ કરવા માટે, આપણા શરીરને ઈન્સ્યુલિન નામના હોર્મોનની જરૂર હોય છે. તે સ્વાદુપિંડ દ્વારા શરીરમાં મુક્ત થાય છે. આપણા શરીરમાં ડાયાબિટીઝ આ ઈન્સ્યુલિનની ઉણપને કારણે થાય છે. ભીંડો સ્વાદુપિંડમાં બીટા કોષોને સુધારે છે, જેનાથી ઈન્સ્યુલિનનું ઉત્પાદન વધે છે.

કોરોના વાયરસને કારણે જીવન એકદમ બદલાઈ ગયું છેઃ પ્રિયંકા ચોપરા



મુંબઈ

કોરોના વાયરસના કારણે અનેક સેલેબ્રિટીએ પોતાની જાતને રૂમમાં બંધ કરી દીધી છે. કોરોનાનો કહેર દુનિયાભરમાં ફેલાઈ રહ્યો છે. તેના કેસની સંખ્યા પણ વધી રહી છે. અને આ સમયે ઓછામાં ઓછા લોકોના સંપર્કમાં આવવું તે જ શ્રેષ્ઠ ઉપાય છે તેમ જાણકારો કહી રહ્યા છે. જેના પોતાની સલામતી માટે ગ્લોબલ આઈકોન બની ગયેલી પ્રિયંકા ચોપરા અને તેમના પતિ નિક જોનાસ પણ સેલ્ફ આઈસોલેશનમાં પોતાને રાખવાનું નક્કી કર્યું છે. અને તે ગત ૮ દિવસથી આ કરી રહ્યા છે. ત્યારે પ્રિયંકા ચોપરાએ આ અંગે તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટથી લાઈવ કરીને જાણકારી આપી હતી.

પ્રિયંકાએ જણાવ્યું કે તે પોતાના પતિ સાથે છેલ્લા ૮ દિવસથી સેલ્ફ આઈસોલેશનમાં છે. સાથે જ તેણે જણાવ્યું કે કોરોના વાયરસના કારણે તેમનું જીવન એકદમ બદલાઈ ગયું છે. વધુમાં ફેન્સ માટે તેણે ડોક્ટર્સની એક ટીમ સાથે લાઈવ આવવાની જાહેરાત પણ કરી છે.

પ્રિયંકાએ ઈન્સ્ટા લાઈવ પર કોરોનાથી તેમનું જીવન કેવી રીતે બદલાઈ ગયું છે તે અંગે વાત કરતા કહ્યું કે "અમારું જીવન એકદમ બદલાઈ ગયું છે. તેવું લાગે છે કે કોઈ ફિલ્મ ચાલી રહી હોય. નિક અને હું એક સપ્તાહથી ઘર પર જ છીએ. અને આ અમારો ૮મો દિવસ છે. અમે હંમેશા એટલા વ્યસ્ત રહીએ છીએ અને લોકો પણ હંમેશા અમારી આસપાસ ફરતા હોય છે જેના કારણે અચાનક જ અમારા જીવનની હકીકત બદલાઈ ગઈ છે. અને આ બધુ ખૂબ જ અજીબ છે.



બોલીવુડ અભિનેત્રી ઉર્વશી રૌતેલાએ મુંબઈમાં યોજાયેલા 'બોમ્બે ટાઈમ્સ ફેશન વીક' દરમિયાન રેમ્પ વોક કર્યો હતો.

આપણો પહેરવેશ સંસ્કૃતિની સૌથી સારી બાબતઃ સલમાન ખાન

મુંબઈ

સલમાન ખાન 'રાધે' ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત હતો. જોકે, કોરોનાવાઈરસને કારણે ફિલ્મના શૂટિંગ બંધ હોવાથી એક્ટર પોતાના મુંબઈ સ્થિત ગેલેક્સી એપાર્ટમેન્ટમાં છે. ઘરમાં સલમાન ખાન પોતાનો પેઈન્ટિંગ શોખ પૂરો કરી રહ્યો છે. સલમાને સોશિયલ મીડિયામાં વીડિયો શેર કર્યો હતો. સલમાને સ્ત્રી તથા પુરુષનો સ્કેચ બનાવ્યો હતો.

સલમાન ખાને સ્ત્રી તથા પુરુષ બંનેને બ્લેક રંગથી રંગ્યા છે. તેણે બંનેના ચહેરા કવર કરી રાખ્યા છે. મહિલાનો



ચહેરો અડધો ઢંકાયેલો છો. સ્કેચ બનાવતા પહેલાં સલમાન ખાન કહે છે કે આપણે જે રીતે કપડાં પહેરીએ છીએ તે આપણી સંસ્કૃતિની સૌથી મોટી દેન છે. સલમાનની આ વાત પરથી માનવામાં આવે છે કે એક્ટર ચાહકોને ગ્લોવ્સ તથા માસ્ક પહેરીને સાવચેતી રાખવાનું કહી રહ્યો છે.

સલમાન જ્યારે સ્કેચ બનાવે છે ત્યારે રીતિક રોશનની ફિલ્મ 'કહોના પ્યાર હૈં'નું ટાઈટલ સોંગ ગાતો જોવા મળે છે. ચાહકોએ આ વીડિયોને લઈ રિએક્શન આપ્યા છે અને સલમાનની પેઈન્ટિંગ સ્કિલના વખાણ કર્યા છે. નોંધનીય છે કે ઈદ પર એટલે કે ૨૨ મેના રોજ સલમાન ખાનની ફિલ્મ 'રાધેઃ યોર મોસ્ટ વોન્ટેડભાઈ' રિલીઝ થવાની છે. આ ફિલ્મમાં દિશા પટની જેકી શ્રોફ, રણદીપ હુડા જેવા કલાકારો છે. આ ફિલ્મને પ્રભુદેવા ડિરેક્ટ કરી રહ્યો છે.

કોરોનાનો ડરઃ પૂનમ પાંડેએ બોયફ્રેન્ડ કિસ કરવાનો ડેમો બતાવ્યો

મુંબઈ

પોતાની અદા અને બોલ્ડ ફોટો તેમજ વીડિયોને કારણે હંમેશા ચર્ચામાં રહેતી અભિનેત્રી પૂનમ પાંડે ફરી એકવાર ચર્ચામાં આવી છે. તેણે તેના પતિ સાથે કોરોના કિસ કરીને લોકોને ચોંકાવી દીધા છે. હાલમાં કોરોનાને લઈ ફફડાટ મચી ગયો છે અને લોકો એકબીજાથી અંતર રાખી રહ્યા છે. પૂનમ પાંડે પોતાના બોયફ્રેન્ડ સાથે એક ફોટો શેર કર્યો છે જેમાં તે કોરોના કિસ કરતી જોવા મળી છે.



સોશિયલ મીડિયા પર પૂનમ પાંડેના આ અંદાજને લોકોએ વખાણ્યો છે. જે રીતે તે પોતાનો પ્રેમ જાહેર કરી રહી છે એ રીત લોકોને પસંદ પડી છે અને ફોટો શેર થઈ રહ્યો છે. ફોટો જોઈને લોકો કોમેન્ટ પણ કરી રહ્યા છે. ભલે બન્ને પ્રેમમાં ગળાડૂબ છે પણ કોરોનાની બીક તો સાફ સાફ દેખાઈ રહી છે. બન્નેએ મોઢા પર રુમાલ બાંધી રાખ્યો છે. આ ફોટો શેર કરીને પૂનમે લોકોને કેપ્શન આપવાની માગ કરી છે. તો સામે ફેન્સ પણ પૂનમ પાંડેને એકથી એક ચડિયાતી કોમેન્ટ આપી રહ્યાં છે. એક યુઝરે લખ્યું કે, કોરોના કિસ. તો બીજાએ લખ્યું- માસ્ક વાલા કલવ. તો ત્રીજાએ લખ્યું કે, આગ લગે બસતીમે, હમ હે અપની મસ્તી મે. તો અન્ય એક યુઝરે લખ્યું કે, જો માસ્ક માટે પૈસા ન હોય તો મોકલાવું.

પ્રિતિ ઝિન્ટા ઘરમાં કેદઃ માતાને માલિશ કરતો વીડિયો બનાવ્યો



મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ પ્રીટિ ઝિન્ટા કોરોનાવાઈરસને કારણે છેલ્લાં આઠ દિવસથી ઘરમાં બંધ છે. જોકે, તે ઈન્સ્ટાગ્રામ પર સતત એક્ટિવ છે અને તસવીરો તથા વીડિયો શેર કરે છે. હાલમાં જ પ્રીટિએ એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તે તેની માતાને માથામાં તેલ નાખતી જોવા મળે છે.

વીડિયો શેર કરીને પ્રીટિ ઝિન્ટાએ કહ્યું હતું, હોમ ક્વોરન્ટાઈન દરમિયાન આપણે આપણાં મગજને ઠંડું રાખવાની જરૂર છે. એટલે જ હું મોમને ક્લાસિક ચંપી કરી રહી છું. ઘરે રહીને આપણે સંબંધોને વધુ મજબૂત કરી શકીએ છીએ. કારણ કે, 'સર જો તેરા ચકરાયે યા દિલ ડૂબા જાએ આ જા પ્યારે પાસ હમારે, કાહે ઘબરાએ...' આ સમય પણ પસાર થઈ જશે. હોમ ક્વોરન્ટાઈનનો આઠમો દિવસ. સુરક્ષિત રહો.

આવતા વર્ષે ૨ એપ્રિલે ફિલ્મ રિલીઝ થશે

ફિલ્મ બેલ બોટમમાં વાણી કપૂર લીડ રોલમાં ચમકશે



મુંબઈ

વાણી કપૂર છેલ્લે 'વોર' ફિલ્મમાં હ્રિતિક રોશન અને ટાઈગર શ્રોફ સાથે દેખાઈ હતી. તેની આગામી ફિલ્મ અક્ષય કુમાર સ્ટારર 'બેલ બોટમ' છે. ફિલ્મમાં તે અક્ષયની પત્નીના રોલમાં હશે. મેકર્સ હાલ તેના લુક ટેસ્ટ પર કામ કરી રહ્યા છે. અત્યારે તો કોરોના વાઈરસને કારણે ટ્રાવેલ રિસ્ટ્રિક્શન છે. જ્યારે પરિસ્થિતિ સામાન્ય થશે ત્યારબાદ ટીમ શૂટિંગ લોકેશન ફાઈનલ કરવાનું કામ શરૂ કરશે.

આ ફિલ્મ ૮૦ના દાયકામાં સેટ છે અને આ સ્ટોરી ભારતના જે ભૂલાઈ ગયેલ હીરોઝ છે તેમાંના એકની સ્ટોરી છે. આ સ્ટોરી સત્ય ઘટનાઓથી પ્રેરિત છે. આ સ્પાય થ્રિલર ફિલ્મને રણજિત તિવારી ડિરેક્ટ કરવાના છે. નિખિલ અડવાણી અને જેકી ભગનાની સાથે મળીને આ ફિલ્મ પ્રોડ્યૂસ કરી રહ્યા છે. 'બેલ બોટમ' ફિલ્મ આવતા વર્ષે ૨ એપ્રિલના રોજ રિલીઝ થવાની છે. વાણી કપૂર આ સિવાય રણબીર કપૂર સ્ટારર 'શમશેરા' ફિલ્મમાં પણ જોવા મળશે. આ ફિલ્મમાં રણબીર કપૂર પહેલીવાર ડબલ રોલમાં દેખાશે. આ ગેંગસ્ટર ડ્રામા ફિલ્મમાં તે પિતા અને દિકરાનો રોલ પ્લે કરશે.

બોલિવૂડમાં કોરોનાવાઈરસનું ગ્રહણ, રિચા ચઢ્ઢા-ટીવી એક્ટ્રેસ ટીનાના લગ્ન મોકૂફ

મુંબઈ

કોરોનાવાઈરસને કારણે મુંબઈમાં લોકડાઉન જેવી સ્થિતિ છે. બોલિવૂડ એક્ટ્રેસ રિચા ચઢ્ઢા તથા અલી ફઝલના ૧૫ એપ્રિલે લગ્ન હતાં પરંતુ તેમણે લગ્ન હાલ પૂરતા મોકૂફ રાખી દીધા છે.

એક્ટર્સના સ્પોકપર્સને કહ્યું હતું, હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અલી તથા રિચાએ લગ્ન પોસ્ટપોન કર્યા છે અને જૂન પછી લગ્ન કરશે. રિચા તથા અલીએ તમામને હેલ્થી તથા સલમાત રહે તેવી શુભેચ્છા પાઠવી છે. ઉલ્લેખનીય છે કે ફેબ્રુઆરીમાં



રિચા તથા અલીએ મેરેજ રજિસ્ટ્રેશન માટે અપ્લાય કર્યું હતું. તેઓ એપ્રિલ એન્ડ સુધીમાં કોર્ટ મેરેજ કરવાના હતાં. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, અલી તથા રિચાએ બાંદ્રા ફેમિલી કોર્ટમાં મેરેજ રજિસ્ટ્રેશન માટે અરજી આપી હતી. 'એક ભ્રમ...સર્વગુણ સંપન્ન'માં જોવા મળેલી ટીવી એક્ટ્રેસ ટીનાના લગ્ન ચાર એપ્રિલના રોજ હતાં. ગયા વર્ષે તેણે એક્ટર નીખિલ શર્માને ડેટ કરતી હોવાની વાતની જાહેરાત કરી હતી. નીખિલ શર્મા 'એક આસ્થા ઐસી ભી'માં જોવા મળ્યો હતો. બંનેએ ગયા વર્ષે ઓગસ્ટમાં સગાઈ કરી હતી. જોકે, હવે ટીના તથા નીખિલે લગ્ન પોસ્ટપોન કરી દીધા છે.

આલિયા-રણબીર કપૂરના સંબંધોનો અંત..? બ્રેકઅપની થતી ચર્ચા



મુંબઈ

રણબીર કપૂર અને આલિયા ભટ્ટ બી-ટાઉનના સૌથી ચર્ચિત કપલ છે. આલિયા અને રણબીરના ફેન્સ તેમના લગ્નની રાહ જોઈ રહ્યા છે. આલિયા અને રણબીર ડિસેમ્બરમાં ફેરા ફરશે તેવી ચર્ચા છે ત્યારે ફેન્સને ઝટકો લાગી શકે તેવા સમાચાર છે. બંનેના લગ્નની જાહેરાત થાય તેવી રાહ જોવાઈ રહી છે પરંતુ અહીં તો બંનેના સંબંધો પર પૂર્ણ વિરામ મૂકાઈ ગયું હોવાના અહેવાલો છે. ૨ વર્ષ સુધી રિલેશનશીપમાં રહ્યા બાદ આલિયા-રણબીરે એકબીજાને 'બાય-બાય' કહી દીધું છે.

અયાન મુખર્જીની ફિલ્મ 'બ્રહ્માસ્ત્ર'ના સેટ પર પાંગરેલા પ્રેમનો કડવો અંત આવ્યો છે. જેનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. એટલું જ નહીં એક મીડિયા રિપોર્ટમાં તો એવો દાવો કરવામાં આવ્યો છે કે, રણબીરનો આલિયા પ્રત્યેનો 'ઠંડો પ્રતિસાદ' કથિત બ્રેકઅપનું કારણ છે.

સૂત્રના જણાવ્યા પ્રમાણે, "આ તમામ અહેવાલો પાયાવિહોણા છે. આલિયા અને રણબીર એકબીજાના ગળાડૂબ પ્રેમમાં છે અને એકબીજા સાથે ખુશ છે." ત્યારે હવે સવાલ ઊભો થાય કે આવી અફવાને હવા ક્યાંથી મળી? તો જણાવી દઈએ કે, આલિયાએ હાલમાં જ ૧૫ માર્ચે પોતાનો જન્મદિવસ મનાવ્યો હતો. આલિયાએ પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર પોતાની ગર્લગેંગ સાથેના બર્થ ડે સેલિબ્રેશનના ફોટોઝ અને ટીકટોક વિડીયો શેર કર્યો હતો. આલિયાએ પોતાના ખાસ દિવસ પર શું કર્યું તેની ઝલક ફેન્સને બતાવી હતી.

અભિનેત્રી જસલીન મથારૂ અને તેના પરિવારને જાનથી મારી નાંખવાની ધમકી

મુંબઈ

બિગ બોસથી સ્વયંવર શો મુજસે સાદી કરોગે સુધીનો ભાગ રહેલી અભિનેત્રી જસલીન મથારૂનો પરિવાર હાલમાં ભારે ડરેલો છે. હેરાન પરેશાન થઈ ગયો છે. કારણ કે જસલીન મથારૂના પિતા કેસર મથારુને હાલમાં ધમરી ભર્યા ફોન કોલ આવી રહ્યા છે. ત્યારથી જ આખો પરિવાર વધારે પડતાં ટેન્શનમાં છે.



ફોન કરનાર માણસે કેસર મથારૂ પાસે રૂપિયા માંગ્યા છે. અને કહ્યું છે જો પૈસા નહીં આપે તો તે તેના પરિવારને મારી નાખશે. કેસર મથારુએ ઓશિવારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી છે. એક રિપોર્ટમાં કેસર મથારુએ જણાવ્યું કે, આ કોલ જસલીનને નહીં પણ મને આવ્યા હતા.

આગળ વાત કરતાં કેસર મથારુએ કહ્યું કે, પોલીસ એના પછી મારી બિલ્ડીંગની સિક્યોરીટી ચેક કરવા આવી હતી. તે માણસ મને અને મારા પરિવારને મારી નાખવાની ધમકી આપી રહ્યો હતો. કેસર મથારુએ જણાવ્યું કે, આ શખ્સે મને ઘણી વખત કોલ કર્યા છે. પોલીસ હાલમાં આ કેસ અંગે વધારે તપાસ કરી રહી છે.

રોગચાળાને ગંભીરતાથી લોઃ ટીમ પેન

મેલબર્ન

ઓસ્ટ્રેલિયાના ટેસ્ટ સુકાની ટીમ પેને જણાવ્યું હતું કે કોરોના વાઈરસના રોગચાળાને ગંભીરતાથી લેવાની જરૂર છે. તેણે જણાવ્યું હતું કે કોરોના વાઈરસનો રોગચાળો ક્રિકેટની રમત કરતાં વધુ મોટો છે.

તેણે ટ્વિટર પર મૂકેલા વીડિયોમાં જણાવ્યું હતું કે બધા ક્રિકેટર માટે હાલમાં તકેદારી રાખવાનો અને આરામ કરવાનો સમય છે. બધાએ પોતાના અને અન્ય લોકોના આરોગ્યનું ધ્યાન રાખવાની જરૂર છે.

ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ત્રણ એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચની શ્રેણી રદ કરાઈ હતી, જ્યારે ૨૪મી માર્ચથી શરૂ થનારી ત્રણ ટ્વેન્ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચની શ્રેણી મુલતવી રખાઈ હતી. આ ઉપરાંત, શેફિલ્ડ શિલ્ડ સ્પર્ધા પણ રદ કરાઈ હતી.

ઓસ્ટ્રેલિયાના ટેસ્ટ સુકાની ટીમ પેને જણાવ્યું હતું કે સાર્વજનિક આરોગ્યને ધ્યાનમાં રાખીને બધી ક્રિકેટ સ્પર્ધા રદ કરાઈ છે. ભારતીય ક્રિકેટર સચિન તેંડુલકરે પણ ટ્વિટર પર કોરોના વાઈરસના રોગચાળા અંગે જનતાને માહિતી આપી હતી.

એનબીએના ચાર ખેલાડીઓનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવતા ઓઈસોલેટ કરાયા

વૉશિંગ્ટન

કોરોના વાયરસની મહામારીને પગલે અમેરિકાએ તેની હાઈપ્રોફાઈલ નેશનલ બાસ્કેટબોલ લીગ સ્થગિત કરવાનો નિર્ણય લઈ લીધો હતો. જે પછી બ્રૂક્લીન નેટ્સ ટીમના ચાર ખેલાડીઓના કોરોના વાયરસનો ટેસ્ટ પોઝિટીવ આવતા ચિંતા વધી હતી. આ ચાર ખેલાડીઓમાં ટોચનો બાસ્કટેબોલ સ્ટાર કેવિન ડુરંટ પણ સામેલ છે.

એનબીએના ચારેય ખેલાડીઓને તત્કાળ એકાંતવાસમાં મોકલવામાં આવ્યા છે અને તેમની સારવાર શરૂ કરી દેવામાં આવી છે. નેટ્સે હજુ ચારેય ખેલાડીઓના નામ જાહેર કર્યા નથી. જોકે ડુરંટે સામે ચાલીને જાહેરાત કરી હતી કે, તે આ ચારમાંનો એક ખેલાડી છે કે, જેને કોરોના વાયરસનો ચેપ લાગ્યો છે. તેણે કહ્યું કે, બધાએ અત્યારે સાવધ રહેવાની જરુર છે અને કોરેન્ટાઈન થવું જોઈએ. અમે હાલ તેમાંથી પસાર થઈ રહ્યા છીએ. બ્રૂક્લીન નેટ્સ ટીમની છેલ્લી એનબીએ મેચ તારીખ ૧૦મી માર્ચે લોસ એંજલસ લેકર્સની ટીમ સામે રમાઈ હતી. લોસ એંજલસ લેકર્સમાં લેબ્રોન જેમ્સ અને એન્થોની ડેવિસ જેવા સુપરસ્ટાર્સ છે. બ્રૂક્લીન નેટ્સના ખેલાડીના કોરોના વાઈરસના ટેસ્ટ પોઝિટીવ આવ્યા બાદ હવે લોસ એંજલસ લેકર્સે પણ તેના તમામ ખેલાડીઓના કોરોના વાઈરસના ટેસ્ટ કરાવવાનું નક્કી કર્યું છે.

ઓસ્ટ્રેલિયાના ક્રિકેટર માર્કસ સ્ટોઈનિસના મતે

ભારતીય ટીમની બહાર બેઠેલા ખેલાડીઓ મારા કરતાં પણ વધુ પ્રતિભાશાળી



મેલબર્ન

ઓસ્ટ્રેલિયાના ઓલરાઉન્ડર માર્કસ સ્ટોઈનિસના મતે ટીમ ઈન્ડિયાની બહાર બેસનારા ખેલાડીઓ પણ તેના કરતા વધુ પ્રતિભાશાળી છે. તાજેતરમાં રિલીઝ થયેલી ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમની ડોક્યુમેન્ટ્રી 'ધ ટેસ્ટ'માં તેણે આ વાત કરી હતી. સ્ટોઈનિસે કહ્યું કે, "મને ભારતમાં રમવાની મજા આવે છે. મને અહીંની સંસ્કૃતિ ગમે છે. તેની શક્તિનો સામનો કરવો અશક્ય છે. તમે તેનો યોગ્ય રીતે ઉપયોગ કરીને સારું પ્રદર્શન કરી શકો છો."

સ્ટોઈનિસે વધુમાં કહ્યું કે ભારતીય ક્રિકેટ ટીમ વિશ્વની સૌથી પ્રતિભાશાળી છે. તેની સાથે સ્પર્ધા કરવી હંમેશાં મજેદાર રહે છે. ભારતે ૨૦૧૮માં ટેસ્ટ શ્રેણીમાં ઓસ્ટ્રેલિયાને ૨-૧થી હરાવ્યું હતું. આ પહેલી વખત હતું જ્યારે ટીમ ઈન્ડિયાએ ઓસ્ટ્રેલિયાની ટીમને ટેસ્ટ સિરીઝમાં પરાજિત કરી હતી. ભારતે આ ટૂર પર યજમાન વિરુદ્ધ ટી-૨૦ શ્રેણી ૧-૧થી બરાબર કરી હતી અને ૩ મેચની વનડે શ્રેણીની પહેલી મેચ હાર્યા પછીની બે મેચ જીતી લીધી હતી. ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર તાજેતરમાં સમાપ્ત બિગ બેશ લીગમાં મેલબોર્ન સ્ટાર્સ માટે રમ્યો હતો. તે આ સિઝનમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી પણ રહ્યો હતો. તેણે ૧૭ મેચમાં ૫૪.૨૩ની સરેરાશથી ૭૦૫ રન બનાવ્યા. તેણે સમગ્ર સીઝનમાં ૨૮ સિક્સર ફટકારી હતી.

કોરોના વાયરસ વચ્ચે હાર્દિક પંડ્યાએ ગર્લફ્રેન્ડ સાથે વીડિયો બનાવ્યો

મુંબઈ

કોરોના વાયરસના કારણે દુનિયાભરની સાથે દેશમાં પણ મોટાભાગે રમત આયોજન રદ કરવામાં આવી રહ્યા છે. ત્યારે બધી ક્રિકેટ મેચ પણ કોરોનાના કારણે રદ થઈ છે. એવામાં ખેલાડીઓને પોતાના પરિવાર સાથે સમય પસાર કરવાની સારી તક મળી છે. ટીમ ઈન્ડિયનો ઓલરાઉન્ડર ખેલાડી હાર્દિક પંડ્યા અને તેનો ભાઈ કૃણાલ પંડ્યા પણ ફેમિલી સાથે હાલ ક્વોલિટી ટાઈમ વીતાવી રહ્યા છે.



કૃણાલ પંડ્યાની પત્ની પંખુડી શર્મા એક પોતાના સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે. જેમાં આખું પંડ્યા પરિવાર એન્જોય કરતા નજરે આવી રહ્યું છે. વીડિયોમાં તમે જોઈ શકો છો કે હાર્દિક પંડ્યા અને તેની ગર્લફ્રેંડ નતાશા સ્ટાનકોવિચ, કૃણાલ પંડ્યા અને પંખુડી શર્મા પણ નજરે આવી રહ્યા છે. આ વીડિયો પોસ્ટ કરતા પંખુડીએ કેપ્શનમાં લખ્યું કે, 'સુરક્ષિત રહો, પોઝિટિવ રહો.'

આપણે જણાવી દઈએ કે ગંભીર બીમારી બાદ હાર્દિક પંડ્યા છ મહિના પછી ટીમ ઈન્ડિયામાં વાપસી કરવાનો હતો. તે સાઉથ આફ્રિકા વિરુદ્ધ વન ડે શ્રેણીમાં ટીમનો ભાગ હતો. પરંતુ હવે કોરોના વાયરસના કારણે બીસીસીઆઈએ આ સીરીઝ રદ કરી છે. સીરીઝની પહેલી મેચ ધર્મશાળામાં થવાની હતી. જે પણ વરસાદના કારણે રદ થઈ હતી.

પીસીએલ સાથે જોડાયેલા તમામ ૧૨૮ ખેલાડીઓનો કોરોના ટેસ્ટ નેગેટિવ

લાહોર

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે પાકિસ્તાન સુપર લીગ સાથે જોડાયેલા તમામ ખેલાડીઓ અને બાકી સપોર્ટ સ્ટાફનો કોરોના વાયરસનો ટેસ્ટ કરાવ્યો હતો. મંગળવાર ૧૭ માર્ચે ૧૨૮ લોકોનો કોરોના વાયરસનો ટેસ્ટ થયો હતો, જેમાં મોટા ભાગના ખેલાડી હતા. ગુરૂવારે ૧૯ માર્ચે બોર્ડે આ વાતની પુષ્ટિ કરી છે કે પીએસએલ સાથે જોડાયેલ એકપણ વ્યક્તિમાં કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો નથી.



પીસીબી પ્રમાણે, ૧૨૮ કોવિડ-૧૯ ટેસ્ટ નેગેટિવ આવ્યા છે. પીસીબીએ પીએસએલના ખેલાડીઓ, સપોર્ટ સ્ટાફ, મેટ ઓફિશિયલ્સ, બ્રોડકાસ્ટર્સ અને ટીમ માલિકોને કોરોના ટેસ્ટ માટે ૧૭ માર્ચે બોલાવ્યા હતા, જે તમામના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. આ પહેલા મુલ્તાન સુલ્તાન ટીમના ૧૭ ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફને ટેસ્ટ માટે લઈ જવાયા હતા જેનો પણ રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. તો ૨૫ વિદેશી ખેલાડી, સપોર્ટ અને મેચ ઓફિશિયલ પહેલા જ પોતાના દેશ જઈ ચુક્યા છે, જેનો ટેસ્ટ પાકિસ્તાનમાં થયો નથી.

હનુમા વિહારીએ તમિલનાડુ સીએ લીગમાં બેવડી સદી ફટકારી



ચેન્નાઇ

આખી દુનિયામાં હાલ કોરોના વાયરસને લઈ ડરનો માહોલ છે. જીવલેણ કોરાના વાયરસના કારણે દુનિયાભરમાં અત્યાર સુધી ૮,૫૦૦થી વધુ લોકોના મોત થયા છે. ત્યારે લાખો લોકો આ વાયરસની ચપેટમાં છે. કોરોનાના જોખમને જોતા વિવિધ દેશોની સરકાર પણ સાવચેતીના પગલા ભરી રહી છે અને લોકોમાં કોરોના અંગે જાગૃતિ લાવવા પ્રચાર-પ્રસાર કરી રહી છે. એક ક્રિકેટર એવો છે જેને મેદાન પર ધમાકેદાર બેટિંગ કરી બેવડી સદી ફટકારી છે. આ ખેલાડી અન્ય કોઈ નહીં પણ હનુમા વિહારી છે. હનુમા વિહારી હાલ ભારતીય ટેસ્ટ ટીમનો એક મહત્વપૂર્ણ ખેલાડી છે. તે એક દિવસ પણ ક્રિકેટથી દૂર રહેતો નથી. હાલ દુનિયાભરમાં કોરોનાનો કહેર છે ત્યારે હુનમાએ મંગળવારે તમિલનાડુ સીએ લીગમાં નેલ્સન સીસી તરફથી રમતા અલવરપેટ સીસી વિરુદ્ધ ડ્રો મેચમાં ૨૦૨ રન ફટકાર્યા હતા. મીડિયા રિપોર્ટ મુજબ હનુમાએ કહ્યું કે,'હું નેલ્સન માટે કામ કરું છું અને ઉપલબ્ધ રહેતા તેના તરફથી રમવા પ્રતિબદ્ધ છું. આ સારી મેચ અભ્યાસ હતી. હવે હું હૈદરાબાદ પરત ફરી રહ્યો છું અને થોડા સમય માટે બ્રેક લઈ રહ્યો છું.' હનુમા ઇંગ્લિશ કાઉન્ટી ક્રિકેટમાં પણ રમવાનો હતો પરંતુ કોરોનાના કારણે હાલ તે મુલતવી થઈ છે.


ધોની ભારતીય ટીમ માટે અનમોલ : વસીમ જાફર



મુંબઈ

ભારતીય ટીમના પૂર્વ ઓપનર વસીમ જાફરે કહ્યું કે, એમએસ ધોની ટીમ ઇન્ડિયા માટે અનમોલ છે. જો તે ફિટ અને ફોર્મમાં હોય તો આગામી ટી-૨૦ વર્લ્ડ કપમાં તેનો કોઈ વિકલ્પ નથી. તે વિકેટ પાછળ અને નીચલા ક્રમે ટીમ માટે મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. તે ટીમમાં હશે તો લોકેશ રાહુલ પણ વિકેટકીપિંગનું દબાણ નહિ રહે. તેમજ રુષભ પંત બેટ્સમેન તરીકે ટીમમાં રમી શકશે. ૩૮ વર્ષીય ધોની છેલ્લે ૨૦૧૯માં ઇન્ટરનેશનલ મેચ રમ્યો હતો. ત્યારે તે વનડે વર્લ્ડ કપની સેમિફાઇનલમાં કિવિઝ સામે રમ્યો હતો. તે પછી ક્રિકેટના મેદાનથી દૂર રહ્યો છે. આ વર્ષે જાન્યુઆરીમાં બીસીસીઆઇએ તેને સેન્ટ્રલ કોન્ટ્રાકટ લિસ્ટમાંથી બહાર કરી દીધો હતો. ત્યારબાદ તે નિવૃત્તિ લેશે તેવી અટકળો શરૂ થઈ ગઈ હતી. જોકે ધોનીએ આ અંગે કોઈ ટિપ્પણી કરી નથી. તે આઇપીએલ દ્વારા ક્રિકેટ મેદાન પર વાપસી કરશે. કોરોનાવાઇરસના કારણે ચેન્નાઇની ટીમનો ટ્રેનિંગ કેમ્પ બંધ થયો તે પહેલા તેણે ટ્રેનિંગ સેશનમાં ભાગ લીધો હતો.

ધોનીની વાપસી પંત-રાહુલના પ્રદર્શન પર આધાર રાખે છેઃ સેહવાગ



ન્યુ દિલ્હી

ભારતના પૂર્વ સ્ફોટક બેટ્સમેન વીરેન્દ્ર સહેવાગને મહેન્દ્રસિંહ ધોનીની વાપસીને લઈને સવાલ પૂછવામાં આવ્યા હતા. સહેવાગે તેની પર ખૂબ જ ચોંકાવનારો જવાબ આપ્યો. સહેવાગે કહ્યું કે ધોનીની વાપસી કે.એલ. રાહુલ અને પંતના પ્રદર્શન પર આધાર રાખે છે. વીરેન્દ્ર સહેવાગે વધુમાં કહ્યું કે તેમની પાસે એક પણ એવું કારણ નથી જેના કારણે કે.એલ. રાહુલ અને પંતને ટીમથી બહાર કરવામાં આવે. બંને ઘણું સારું પ્રદર્શન કરી રહ્યા છે અને યુવા પણ છે.

સહેવાગે ધોનીને લઈને કહ્યું કે જો ધોની ટીમમાં વાપસી કરે છે તો તેઓ ક્યાં ફિટ થશે. પંત અને કે.એલ. રાહુલ પહેલાથી જ ટીમમાં રમી રહ્યા છે. એવામાં મને નથી લાગતું કે કોઈ પણ આ બંને યુવા બેટ્સમેનોની વિરુદ્ધ વિચારશે.

ધોનીએ ચેન્નઈમાં આવીને આઈપીએલની તૈયારી શરૂ કરી દીધી હતી પરંતુ કોરોના વાયરસના ડરથી આઈપીએલને ૧૫ એપ્રિલ સુધી રદ કરી દેવામાં આવી છે. તેના કારણે એ ટીમોના અભ્યાસ સેશન પણ રદ કરી તમામ ખેલાડીઓને પોતાના ઘરે પરત જવા કહેવામાં આવ્યું છે. એવામાં ધોની પણ પરત રાંચી જતો રહ્યો છે.

સરકારે લોકસભામાં માહિતી આપી

માછીમારો સહિત ૩૩૭ ભારતીય નાગરિક પાકિસ્તાનની કસ્ટડીમાં

ન્યુ દિલ્હી

માછીમારો સહિત ૩૩૭ ભારતીય નાગરિક પાકિસ્તાનની કસ્ટડીમાં હોવાનું રાજ્ય કક્ષાના વિદેશી બાબતોના પ્રધાન વી. મુરલીધરને લોકસભામાં કહ્યું હતું. ૨૬૧ જણ તેમની કસ્ટડીમાં હોવાના અહેવાલને પાકિસ્તાને સમર્થન આપ્યું હોવાનું તેમણે કહ્યું હતું.

લોકસભામાં આપેલા લેખિત ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે ૨૭૦ માછીમાર પાંચ કરતા ઓછા વર્ષથી પાકિસ્તાનની કસ્ટડીમાં છે. જોકે, ૨૦૭ ભારતીય માછીમાર તેમની કસ્ટડીમાં હોવાનાં અહેવાલને પાકિસ્તાને સમર્થન આપ્યું છે, એમ તેમણે કહ્યું હતું.

જોકે, અમારા સતત પ્રયાસ છે કે દુશ્મનાવટ અને આતંકવાદ મુક્ત તેમ જ શાંતિપૂર્વ વાતાવરણમાં બંને દેશ વચ્ચેના પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આવે, એમ તેમણે કહ્યું હતું.

આ પ્રકારનું વાતાવરણ ઊભું કરવાની જવાબદારી હવે પાકિસ્તાન પર છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ભારત વિરુદ્ધ કોઈપણ પ્રકારના આતંકવાદ માટે પાકિસ્તાને તેનાં અંકુશ હેઠળના પ્રદેશનો ઉપયોગ કરવાની પરવાનગી આપવી ન જોઈએ અને એ મામલે તેમણે વિશ્વવસનીય પગલાં લેવાં જોઈએ.

ભારત સરકારે કરેલા સતત પ્રયાસોને કારણે વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં પાકિસ્તાનની કસ્ટડીમાં રહેલા ૨૧૦૦ માછીમારોને મુક્ત કરાવી સ્વદેશ પાછા લાવવામાં સફળતા મળી છે, એમ તેમણે કહ્યું હતું.

જનતા કર્ફ્યુ
પહેલા પાનાથી ચાલુ

ચિંતાજનક રિપોર્ટ વાંચી રહ્યા છે.

આ બે મહિનાના ગાળામાં ભારતના ૧૩૦ કરોડ નાગરિકોએ કોરોના વાયરસના ખતરાનો સામનો કર્યો છે. બચવાના તમામ પ્રયાસો કર્યા છે પરંતુ છેલ્લા કેટલાક દિવસથી લાગી રહ્યું છે કે, અમે સંકટથી બચી જઈશું તે માનવા માટે કોઇ કારણ નથી. ચોક્કસપણે દરેક ભારતવાસીને સાવચેત રહીને આગળ વધવાની જરૂર છે. દેશવાસીઓએ જ્યારે પણ તેઓએ કોઇ અપીલ કરી છે તેની અસર થઇ છે. લોકોએ તેમની વાત માની છે. આવનાર કેટલાક સપ્તાહ સુધી વધુ સાવચેત રહેવાની જરૂર છે. વિશ્વના દેશોમાં જ્યારે કોરોના વાયરસ ફેલાયો છે ત્યારે આ દેશોમાં અસરગ્રસ્તોની સંખ્યામાં એકાએક જોરદાર વધારો થયો છે. ભારત સરકાર આ વૈશ્વિક બિમારીના ફેલાવવાના ટ્રેક રેકોર્ડ ઉપર નજર રાખી રહી છે. કેટલાક દેશ એવા પણ છે જે લોકોએ પ્રયાસો પણ કર્યા છે પરંતુ ભારત સરકારે ખુબ જ ગંભીરતાપૂર્વક આગળ વધવાના પ્રયાસો કર્યા છે. ભારતીય નાગરિક કર્તવ્યને પાળીને બીજાને પણ બચાવી શકે છે. આજે જ્યારે મોટા અને વિકસિત દેશો પણ કોરોના વાયરસની વ્યાપક અસરના સકંજામાં આવી ગયા છે.

ભારત પર તેની કોઇ અસર થશે નહીં તેમ માનવાનું કોઇ કારણ નથી. કોરોનાનો સામનો કરવા માટે સંકલ્પ અને સંયમ જરૂરી બાબત છે. અમને સંકલ્પ લેવાની જરૂર છે કે, અમે અસરગ્રસ્ત થવાથી બચીશું અને અન્યોને પણ બચાવીશું. બીજી બાબત અનિવાર્ય સંયમની છે. ભીડથી દૂર રહેવાની બાબત, સોશિયલ અંતર રાખવાની બાબત મહત્વપૂર્ણ છે. સંકલ્પ અને સંયમ વૈશ્વિક બિમારીના પ્રભાવને મોટી ભૂમિકા અદા કરી શકે છે. બજારમાં અમે એમ જ ફરતા રહીશું. કંઇપણ થશે નહીં તેમ માનવા માટે કારણ નથી. ખુબ જરૂરી કામ હોય ત્યારે જ ઘરમાંથી બહાર નિકળવું જોઇએ નહીં.

કોરોના ગુજરાતમાં
પહેલા પાનાથી ચાલુ

છે. લોહીના નમૂના જામનગર પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. જંગલેશ્વર આરોગ્ય વિભાગની ૪૦ ટીમોએ ૧૮૦૦૦થી વધુ ઘરોમાં સર્વે કામગીરી હાથ ધરી છે. મક્કા પહોંચેલો યુવાન ચાર દિવસ પહેલા જ રાજકોટ પહોંચ્યો છે.

કમલનાથ
પહેલા પાનાથી ચાલુ

તેઓ તેમના પરિવારથી દૂર રહી રહ્યા છેપવિડિઓ કોન્ફરન્સિંગનો વિચાર મારી ચિંતાઓની પુષ્ટિ કરે છે.

આ મુદ્દે ન્યાયમૂર્તિ ચંદ્રચુડે કહ્યું કે, આ અઠવાડિયું ખરીદ-વેચાણ માટેના સોનાની ખાણ સમાન છે. તેથી જ ફ્લોર ટેસ્ટના ઓર્ડર આપવા માટે કોર્ટ કાર્યવાહી કરી રહી છેપ ફ્લોર ટેસ્ટ જલ્દીથી કરાવવાનો વિચાર છે, જેથી ખરીદ વેચાણ ટાળી શકાય.

નિર્ભયા
પહેલા પાનાથી ચાલુ

ઉપસ્થિત રહ્યા. તમામ ૬ જજોએ પવનની અરજી પર સુનાવણી કરી અને બાદમાં તેને ફગાવી દીધી.

દોષિતના વકીલ એપી સિંહે જણાવ્યું કે, 'પ્રકૃતિ જણાવે છે કે જો ફાંસીએ લટકાવવા દોરડા ખરીદશું તો માસ્ક વધારવા પડશે. એક દિવસ એવો હશે કે માસ્કથી પણ સારવાર નહીં થઈ શકે. એટલા માટે કહું છું કે પ્રકૃતિનું માનો. આવું ના કરો. ૧૬ વર્ષના બાળકને ફાંસી ના આપો. અન્યાય થઈ રહ્યો છે. દબાણ હેઠળ આ બધું થઈ રહ્યું છે. મીડિયાનું દબાણ છે, રાજકીય દબાણ છે. આ કોઈ આતંકીનો નથી. કાયમી ગુનાહિત માનસિકતા પણ નથી ધરાવતો. આ સૌથી મોટી વાત છે જેને ધ્યાનમાં રાખવી જોઈએ.'

નિર્ભયાના ગુનેગારોની ફાંસીનું કાઉન્ટડાઉન શરૂ થયુ છે. શુક્રવારે વહેલી સવારે નિર્ભયાના દોષીઓને ફાંસીના માચડે ચડાવી દેવામાં આવશે. જોકે ફાંસી પહેલા ચારેય દોષીતોના પરિવારે તેમની સાથે તિહાર જેલમાં છેલ્લી મુલાકાત કરી. આ મુલાકાતમાં ગુનેગારો તેમના પરિવારજનોને બંધ રૂમમાં મળ્યા હતા.

જોકે અન્ય એક આરોપી અક્ષયના પરિવારના સભ્યો હજી તેને મળવા આવ્યા નથી. અક્ષયની પત્ની અને તેના માતા-પિતાને મળવા બોલાવવામાં આવ્યા છે. જોકે અક્ષયની પત્ની પુનિતાએ બિહારની ઓરંગાબાદની ફેમિલી કોર્ટમાં છૂટાછેડા માટે અરજી કરી હતી. પુનિતાએ કોર્ટને કહ્યું હતું કે તે અક્ષયની વિધવા તરીકે રહેવા નથી માંગતી.

તિહાર જેલમાં પ્રથમ વખત એવુ બનશે કે એક સાથે ચાર અપરાધીઓને ફાંસીએ લટકાવવામાં આવશે. જ્યારે દક્ષિણ એશિયાની સૌથી મોટી જેલોની સરખામણીએ પણ આવું પહેલી વખત થવા જઇ રહ્યું છે. ચારેય અપરાધીઓને પવન નામના જલ્લાદ ફાંસી આપશે, તેમના દાદાએ ઈંદિરા ગાંધીના હત્યારાઓ અને રંગા બિલ્લાને ફાંસીએ લટકાવ્યા હતા.

ફાંસીની સજાના અમલ માટે જેલ તંત્રએ ૧૦ અને કર્મચારીઓને વિવિધ જેલોમાંથી ફાંસી આપવા માટેની જેલ નંબર ત્રણમાં તાત્કાલિક અસરથી શિફ્ટ કરી દીધા છે. ૨૦ માર્ચ સુધી આ લોકોની ડ્યુટી અહીં રહેશે. બુધવારના ફાંસીનું રિહર્સલ પણ કરવામાં આવ્યું હતું. ચારેય દોષિતોને ફાંસી આપવા માટે અલગ સેલમાં શિફ્ટ કરી દેવાયા છે. ૧૯મીએ તેમને રાત્રે ઉંઘ પણ ના આવે તેવું બની શકે છે. ૨૦માર્ચના પરોઢીયે દોષિતોને સ્નાન કરવા તેમજ નાસ્તા માટે પૂછવામાં આવશે.

૧૬ ડિસેમ્બર, ૨૦૧૨ની રાત્રે દેશની રાજધાની દિલ્હીમાં ૨૩ વર્ષની એક વિદ્યાર્થિની પર છ પુરુષોએ એક ચાલુ બસમાં ગેંગરેપ કર્યો હતો. ચારેય દોષીતો સિવાયના એક મુખ્ય આરોપી રામસિંહે ટ્રાયલ દરમિયાન તિહાર જેલમાં આત્મહત્યા કરી લીધી હતી. એક બીજો આરોપી જે ઘટના સમયે સગીર હતો. તેને સુધારગૃહમાં મોકલવામાં આવ્યો હતો. તે સગીરને ઓગસ્ટ ૨૦૧૩માં ત્રણ વર્ષ સુધારગૃહમાં ગાળવાની સજા કરાઈ હતી. વર્ષ ૨૦૧૫માં તેને સુધારગૃહમાંથી છોડવામાં આવ્યો હતો. સગીર આરોપીનું નામ જાહેર કરવામાં આવ્યું નથી. ગુના સમયે સગીર હતો તે અપરાધી હવે વયસ્ક થઈ ગયો છે, વયસ્ક પરંતુ નિયમો અનુસાર તેણે પોતાની સજા પૂર્ણ કરી લીધી છે.

નિર્ભયાની માતા આશા દેવીએ પણ વિશ્વાસ વ્યક્ત કર્યો છેકેઆવતીકાલેચારેય દોષિતોને ફાંસીએ લટકાવી દેવાશે અને તેમની દીકરીને ન્યાય મળશે. નિર્ભયાની માતાએજણાવ્યુંકે કોર્ટે તેમને ઘણી તકો આપી છેએટલા માટે તેમને કોઈને કોઈ બહાનું બતાવવાની આદત પડી ગઈછે.

પોલીસે ૨૪ લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો

વિદેશી દારૂના નેટવર્કનો પર્દાફાશઃ ૧૦ કેરિયર ઝડપાયા

વડોદરા

વડોદરા શહેરના મકરપુરા જીઆઈડીસીમાં કુખ્યાત બુટલેગર લાલુ સિંધીના વિદેશી દારૂના નેટવર્કનો ક્રાઈમ બ્રાંચે પર્દાફાશ કર્યો હતો. જી.આઈ.ડી.સી.માં વિદેશી દારૂનું કટીંગ થતું હતું. તે જ સમયે પોલીસે દરોડો પાડી વિદેશી દારૂ લેવા માટે આવેલા ૧૦ કેરીયરોને ૨૪.૯૦ લાખ રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. તો બીજી બાજુ ભરૂચ ક્રાઈમ બ્રાંચે વડોદરાના કુખ્યાત બુટલેગર ઝુબેર મેમણનો રૂપિયા ૫૬.૮૮ લાખના મુદ્દામાલ સાથે ૪ કેરીયરોની ધરપકડ કરી હતી.

વડોદરા શહેર ક્રાઈમ બ્રાંચને મકરપુરા જીઆઈડીસીમાં લાલુ સિંધીનો દારૂ આવ્યો હોવાની માહિતી મળી હતી. જે માહિતીના આધારે દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી ત્રણ કાર, એક આઈસર ટેમ્પો તેમજ વિદેશી દારૂનો જથ્થો મળીને ૨૪.૯૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સાથે પોલીસે વિદેશી દારૂ લેવા માટે આવેલા કેરીયરો સહિત ૧૦ બુટલેગરોની ધરપકડ કરી હતી. જોકે, સુત્રધાર લાલુ સિંધી મુકેશ ધોબી હાથ લાગ્યા ન હતા.

મોડી રાત્રે ઝડપાયેલા બુટલેગરોમાં હેમંત ઉર્ફ બાબુ નાનકરામ સચવાણી (રહે. વારસીયા), ધર્મેન્દ્ર સંપતસિંહ ચૌહાણ (રહે. સવાદ ક્વાર્ટર્સ, હરણી રોડ), સતીષ ઓમપ્રકાશ પ્રજાપતિ (રહે. તરસાલી), દિનેશ ગીરધારીલાલ દલાણી (રહે. વારસીયા), રાજા અનવર મિરઝા (રહે. એકતાનગર, આજવા રોડ), આરીફ શેખ (રહે. લક્ષ્મીનગર), રઈસ હુસેન વાણીયાવાલા (રહે. રામરહીમ પાર્ક, આજવા રોડ), સદ્દામ મકબુલ મન્સુરી (રહે. નુરાની મહોલ્લો, આજવા રોડ), અંજુમ મુનીર શેખ (રહે. એકતાનગર, આજવા રોડ) મુકેશ નારાયણદાસ મખ્ખીજાની (રહે. તરસાલી)નો સમાવેશ થાય છે.

વડોદરા પોલીસનો મોટો નિર્ણયઃ સ્કૂલ ગાડીમાં સીસીટીવી કેમેરા ફરજિયાત

વડોદરા

આજે નાની બાળકીઓ પણ જાતીય સતામણી તથા દુષ્કર્મનો ભોગ બની રહી છે. ખાસ કરીને સ્કૂલ વાન કે બસમાં જતી બાળકીઓને ડ્રાઈવરો દ્વારા સતામણી કરવામાં આવતી હોય છે. આવામાં આ પ્રકારની સતામણી રોકવા માટે વડોદરા પોલીસ દ્વારા પ્રશંસનીય પગલુ લેવામાં આવ્યું છે. સ્કુલ વર્દીના વાહનોમાં વિદ્યાર્થીનીઓ સાથે થતી સતામણીના મામલામાં વડોદરા પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોતે જાહેરનામું બહાર પાડ્યું છે. જેમાં સ્કુલ વાન, રીક્ષા અને બસમાં ફરજિયાત સીસીટીવી કેમેરા લગાવવાના આદેશ કર્યા છે. સાથે જ કેમેરાની લાઈવ ફીડ કે લિંક બાળકોના માતાપિતા અને સ્કુલના પ્રિન્સીપાલને આપવા આદેશ કર્યો છે.

ઘરે બેઠા બેઠા વાલીઓ સ્કુલ વાહનોમાં પોતાના બાળકોને જોઈ શકશે. સમગ્ર રાજ્યમાં પ્રથમ વખત વડોદરામાં આ પ્રકારનો આદેશ કરાયો છે. તો સાથે જ જાહેરનામાનો અમલ ન કરનારા સ્કુલ વાહન ચાલકો સામે કડક કાર્યવાહી કરી શકાશે. આમ, માતાપિતા આરામથી પોતાના સંતાનોને કોઈ પણ ડર વગર સ્કૂલમાં મોકલી શકશે.

સમગ્ર ગુજરાતમાં માત્ર વડોદરામાં જ આ પ્રકારનું જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓની સલામતી તથા સુરક્ષાને ધ્યાનમાં રાખીને સ્કૂલ, વાન તથા બસના માલિકોએ હવેથી ફરજિયાત સીસીટીવી કેમેરા લગાડવાના રહેશે. આ કેમેરાની સાથે જ કોલેજ-સ્કૂલના પ્રિન્સીપાલ અને મેનેજમેન્ટને મોબાઈલ ફોન, કમ્પ્યૂટર અને લેપટોપ પર તેની લિંક મળી રહે તેવા પણ સૂચનો કરાયા છે.

માઉન્ટ આબુમાં હોટલો, મ્યૂઝિયમ, મંદિરો, ગુરુશિખર બંધ રહેશે

પાલનપુર

સમગ્ર દેશ અને રાજ્યમાં કોરોના વાયરસના કારણે ભયનો માહોલ છે ત્યારે રાજસ્થાન સરકાર દ્વારા કોરોના વાયરસને લઈ એક મોટી જાહેરાત કરવામાં આવી હતી. કોરોના વાયરસને લઈ માઉન્ટ આબુમા તંત્ર સતર્ક થયુ છે અને માઉન્ટ આબુની હોટલો, મ્યુઝિયમ, મંદિર, ગુરૂશિખર બંધ રાખવા નિર્દેશ આપવામાં આવ્યો છે.

આ ઉપરાંત સરકારે જાહેર મેળાવડા ન કરવાની અપીલ કરી છે. ત્યારે માઉન્ટ આબુ ફરવા જતા ગુજરાતી લોકો માટે આ નિરાશા સમાન સમાચાર છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, કોરોના વાયરસની મહામારીને ધ્યાને રાખી જાહેર જનતા માટે તથા પ્રવાસીઓ માટે પર્યટન સ્થળ માઉન્ટ આબુ બંધ કરી દેવામાં આવ્યું છે. માઉન્ટ આબુની હોટલો, મ્યુઝિયમ, મંદિર, ગુરૂશિખર બંધ કરી દેવામાં આવ્યા છે. ભોજનાલયો સહિતના સ્થળો બંધ કરવામાં આવ્યા છે. કોરોના વાયરસના કારણે પર્યટકોની સંખ્યામાં સતત ઘટાડો થતા આ નિર્ણય લેવામાં આવ્યો હોય તેવું માનવામાં આવી રહ્યું છે.

રાજ્યસભા ચૂંટણીમાં ભાજપની જીત પાક્કી, કોંગ્રેસ હજુ તુટશેઃ રૂપાણી

ગાંધીનગર

રાજ્યના સીએમ વિજય રૂપાણીએ રાજ્યસભાની ચૂંટણી અંગે કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા. તેમણે જણાવ્યુ હતુ કે, રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસની હાર નક્કી છે. કોંગ્રેસમાં આંતરિક જૂથવાદ છે. જેથી કોંગ્રેસ પોતાના ધારાસભ્યોને લઈ જયપુર ગઈ છે. કોરોનાની દહેશત વચ્ચે કોંગ્રેસના ધારાસભ્યો રિસોર્ટમાં ધુબાકા મારી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, રાજ્યસભામાં ભાજપના ત્રણેય ઉમેદવારની જીત નક્કી છે. કોંગ્રેસ કહે છે કે, ભાજપના ધારાસભ્યો કોંગ્રેસમાં ભળવાના છે. કોંગ્રેસમાં કલેહના કારણે આ પ્રકારના જુઠ્ઠા પ્રચાર કરવામાં આવી રહ્યા છે. ત્યારે જયપુર ગયેલા કોંગ્રેસના ધારાસભ્યો ભાજપમાં ભળી શકે છે. તો વળી છોટુ વસાવાની પાર્ટી પણ ભાજપને મત આપશે.

મુખ્યમંત્રી રૂપાણીના દાવાને બીટીપી નેતા મહેશ વસાવાએ ફગાવ્યો

રાજ્યસભાની ચૂંટણી પહેલા બીટીપીના મહેશ વસાવાએ પ્રતિક્રિયા આપી છે. તેમણે જણાવ્યું હતું કે, અમને સરકારના કામથી સંતોષ નથી. ચૂંટણીમાં કોને મત આપવો એ બીટીપીની કોર કમિટિ નક્કી કરશે. આગામી ૨૪મી તારીખે કોર કમિટિની બેઠક મળવાની છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમે પહેલાં અહેમદ પટેલને મત આપ્યો હતો. અત્યારે ભાજપ અને કોંગ્રેસના નેતાઓનો સંપર્ક કરી રહ્યા છે. મહત્વપૂર્ણ છે કે, સીએમ રૂપાણીએ દાવો કર્યો હતો કે, બીટીપી ભાજપના સમર્થનમાં મતદાન કરશે. જોકે, આ દાવાને મહેશ વાસાવામાં ફગાવ્યો છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગીની ૨૨ માર્ચની પરીક્ષાઓ અને સ્થાનિક સ્વરાજની પેટાચૂંટણી મોકૂફ

૧૩ તાલુકા પંચાયતોની ૧૭ બેઠકો અને ૧૩ નગરપાલિકાઓની ૨૯ બેઠકોની પેટાચૂંટણી મોકૂફ

ગાંધીનગર

કોરોના વાઈરસને પગલે સાવચેતીના ભાગરૂપે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજાનારી પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. આગામી રવિવાર એટલે કે ૨૨ માર્ચના રોજ યોજાનારી એડિશનલ આસિસ્ટન્ટ એન્જિનિયર-સિવિલ તથા એડિશનલ આસિસ્ટન્ટ એન્જિનિયર અને ઈલેક્ટ્રિકલ સંવર્ગની પરીક્ષાઓ હાલ મોકૂફ રાખવામાં આવી છે. તેમજ રાજ્ય ચૂંટણી પંચે ૧૩ તાલુકા પંચાયતોની ૧૭ બેઠકો અને ૧૩ નગરપાલિકાઓની ૨૯ બેઠકોની પેટાચૂંટણી મોકૂફ રાખવામાં આવી હોવાની જાહેરાત કરી છે. આ પેટાચૂંટણી માટે ૨૨ માર્ચના રોજ મતદાન અને ૨૪ માર્ચે મતગણતરી યોજાવાના હતા.

યુનિવર્સિટીની પરીક્ષા મોકૂફ

- ગુજરાત યુનિવર્સિટી : બીજા તબક્કાની પરીક્ષા હાલ પૂરતી મોકૂફ રાખવામાં આવી છે.
- ઉત્તર ગુજરાત હેમચન્દ્રાચાર્ય યુનિવર્સિટી : ૧૭ માર્ચથી શરૂ થતી સેમ-૪, ૬ની પરીક્ષા મોકૂફ
- અમદાવાદ યુનિવર્સિટી : આજથી શિક્ષણ બંધ
- જીટીયુ : શૈક્ષણિક કાર્ય બંધ.

૨૫૯ ઉત્તરવહીઓ ગુમ, વાલીઓ-વિદ્યાર્થીઓ ચિંતામાં

ધો.૧૦ની ઉત્તરવહીઓ લઈને નીકળેલી બસ પોલીસે કબ્જે કરી

ગોંડલ

ગાંધીનગરથી ધો.૧૦ની વિજ્ઞાન અને ટેકનોલોજી તથા ગુજરાતી ભાષાની ૧.૬૦ લાખ ઉત્તરવહી લઈને બસ નીકળી હતી. બજરંગ ટ્રાવેલ્સ નામની બસ હતી. આ બસમાંથી વીરપુર અને ગોંડલ પાસે ઉત્તરવહીઓ પડી ગઈ હતી. આથી જીજે ૦૨ ડબલ્યુ ૧૪૮૧ નંબરની બજરંગ ટ્રાવેલ્સની બસને કબ્જે કરવામાં આવી છે. બસને વીરપુર સ્વામિનારાયણ ગુરૂકુળમાં રાખવામાં આવી છે. હજુ ૨૫૯ ઉત્તરવહીઓ ગુમ હોવાથી વાલીઓ અને વિદ્યાર્થીઓ ચિંતામાં મુકાયા છે. ગાંધીનગરથી ઉત્તરવહીઓ લઈને વીરપુર, ઉપલેટા અને કેશોદ મૂલ્યાંકન માટે નીકળી હતી. વીરપુર સ્વામિનારાયણ ગુરૂકુળમાં એસએસસી બોર્ડના સચિવ બી.આર. ચૌધરી, રાજકોટ ડીઈઓ ઉપાધ્યાય, જેતપુર એએસપી સહિતનો સ્ટાફ હાજર છે. મીડિયાને કવરેજ માટે પોલીસે પ્રતિબંધ ફરમાવ્યો છે. માધ્યમિક પરીક્ષા બોર્ડના ઈન્ચાર્જ સચિવે વધુ તપાસ હાથ ધરી છે.

યુવાન ૪ દિવસ પહેલાં જ મક્કા મદીના ગયેલો

રાજકોટમાં યુવાનને શંકાસ્પદ કોરોના વાયરસઃ ૧૪ લોકો ક્વોરન્ટાઈન હેઠળ

રાજકોટ

શહેરના જંગલેશ્વર વિસ્તારમાં રહેતા અને મક્કાથી આવેલા યુવાનના સેમ્પલ જામનગર લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. પરંતુ ત્યાંનો રિપોર્ટ વધુ શંકાસ્પદ આવતાં સેમ્પલ પુનાની લેબોરેટરી ખાતે મોકલવામાં આવ્યા છે. તંત્રએ પોઝિટિવ કેસ સમજી તકેદારીના ભાગરૂપે યુવાનના પરિવારજનો અને અંગત મળી કુલ ૧૪ લોકોને કવોરન્ટાઈન કરી પથિકાશ્રમ ખાતે ખસેડી દીધા હતા. જેને લઈને આરોગ્ય વિભાગમાં ઉચાટ જોવા મળી રહ્યો છે અને રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. નાયબ આરોગ્ય અધિકારી પી.પી. રાઠોડે જણાવ્યું છે કે, રિપોર્ટ મોડી રાત્રે અથવા કાલે સવારે આવે તેવી શક્યતા છે.

જંગલેશ્વરમાં રહેતા ૪૩ વર્ષનો યુવાન મક્કા મદીના ગયો હતો અને ત્યાંથી ચાર દિવસ પૂર્વે જ રાજકોટ આવ્યો હતો. રાજકોટ આવ્યા બાદ તેમને શરદી અને તાવની તકલીફ થતાં મંગળવારે સાંજે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. કોરોનાની શંકાએ યુવાનના લોહી, કફના નમૂના લઈ જામનગર લેબોરેટરી ખાતે મોકલવામાં આવ્યા હતા. જામનગર લેબોરેટરીમાં સેમ્પલ પરથી નિદાન સ્પષ્ટ થયું નહોતું અને કોરોનાની શંકા દ્રઢ બનતા સેમ્પલ પુનાની લેબોરેટરી ખાતે મોકલી દેવાયા છે.

વૃદ્ધના પરિવારજનો અને તેના સંપર્કમાં આવેલા ૧૪ લોકોને કવોરન્ટાઈન કરી પથિકાશ્રમ ખાતે ખસેડવામાં આવ્યા છે. પથિકાશ્રમ અને સિવિલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડ પર પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે.

એક ધારાસભ્ય પાછળ ૧૫.૭૨ લાખનો વાર્ષિક ખર્ચ

બોલો...રાજ્યમાં મંત્રીઓ કરતાં અંગત સ્ટાફ પાછળ ચાર ગણો વધુ ખર્ચ થાય છે..!!

ગાંધીનગર

હાલ ચાલી રહેલા વિધાનસભામાં ગુજરાત સકરકારે રજૂ થયેલા બજેટ ૨૦૨૦-૨૧ના આંકડાઓ મુજબ, મંત્રીઓ કરતા તેમના અંગત સ્ટાફ પાછળના ખર્ચ વધારે છે. વર્ષ ૨૦૨૦-૨૧માં મંત્રીઓના ખર્ચ પેટે ૫.૮૬ કરોડની સામે તેમના જ અંગત કર્મચારીઓ માટેનો ખર્ચ ૨૩.૩૮ કરોડ અંદાજવામાં આવ્યો છે. જ્યારે વર્ષ ૨૦૧૯-૨૦માં મંત્રીઓ, નાયબ મંત્રીઓના ખર્ચ માટે ૪.૧૦ કરોડના બજેટની જોગવાઈ હતી. પરંતુ વર્ષના અંતે આ ખર્ચમાં ૧.૯૨ કરોડનું વધારાનો અંદાજ છે, જેથી વર્ષ ૨૦૧૯-૨૦માં ૧.૯૨ કરોડનો વધારાનો ખર્ચ થશે. તે જોતા વર્ષ ૨૦૧૯-૨૦માં સંભવિત ખર્ચ મંત્રીઓ માટે ૬.૦૨ કરોડ પહોંચશે.

વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્ર પ્રમાણે મંત્રીઓ પાછળ કુલ ખર્ચ માટે ૫.૮૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેની સામે તેમના અંગત સ્ટાફ માટે રૂ.૨૩.૩૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

જ્યારે ગુજરાત સરકાર એક ધારાસભ્ય પાછળ બજેટમાંથી મહિને રૂ.૧.૩૧ લાખ રૂપિયા ફાળવે છે અને વર્ષે અંદાજીત ૧૫.૭૨ લાખની રકમ ધારાસભ્યો માટે રાખવામાં આવે છે. ત્યારે ગુજરાત વિધાનસભામાં રજૂ થયેલા વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્ર મુજબ ગુજરાતના ૧૮૨ ધારાસભ્યો માટે વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ. ૧૮૨૬.૫૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જેની સામે વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૮૨ ધારાસભ્યો માટે અંદાજીત ૨,૫૦૮ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે, એની સામે વર્ષના અંતે ૨,૯૧૬ લાખનો ખર્ચ થવાનો અંદાજ આપવામાં આવ્યો છે. આમ, ૨૦૧૯-૨૦માં ધારાસભ્યો માટે ૪૦૮ લાખનો વધારાનો ખર્ચ થશે તેવો અંદાજ લગાવવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ધારાસભ્યો માટે અંદાજિત ૨,૮૬૨ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. આમ, એક ધારાસભ્ય તેની કામગીરી પ્રમાણે સાદી ગણતરી મુજબ વર્ષે અંદાજે ૧૫.૭૨ લાખ અને મહિને રૂ.૧.૩૧ લાખ ખર્ચ કરશે.

એસટી ડ્રાઈવરની દાદાગીરીઃ મહિલા કાર ચાલકને લોખંડની પાઈપથી ફટકારી

રાજકોટ

એસટી બસ ડ્રાઈવરની દાદાગીરી સામે આવી છે. અવારનવાર એસટી ડ્રાઈવરોની લાપરવાહી સામે આવે છે ત્યારે હવે એસટી ડ્રાઈવર લોખંડની પાઈપ લઈને ડ્રાઈવરને મારવા દોડી ગયો હતો. મહિલાને હાથે ઈજા થતા તેને સારવાર માટે હોસ્પિટલ ભેગી કરાઈ હતી.

રાજકોટમાં એસટી બસ ડ્રાઈવરની દાદાગીરીનો વીડિયો વાયરલ થયો છે. રાજકોટ-અમદાવાદ હાઈવે પરનો વીડિયો વાયરલ થયો છે. અમદાવાદ-પોરબંદર રૂટની બસના ડ્રાઈવરનો વીડિયો સામે આવ્યો છે.

બસ અને કાર ચાલક વચ્ચે બોલાચાલી થઈ હતી. બોલાચાલી ઉગ્ર બનતા એસટી બસના ડ્રાઈવરે કારમાં બેઠેલી મહિલાને માર માર્યો હતો. લોખંડના પાઈપથી મહિલાને ઈજા પહોંચાડી હતી. મહિલાને હાથમાં ઈજા થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાઈ છે.

કોસુમ પાટીયા પાસે દારૂ ભરેલી કાર ઝડપાઈઃ કાર ચાલક ફરાર

સંખેડા

છોટાઉદેપુર જિલ્લાના કોસુમ પાટીયા ત્રણ રસ્તા પાસેથી કરાલી પોલીસે દારૂ ભરેલી ફંટી કાર ઝડપી દારૂની ૧૫૨ બોટલ ઝડપી હતી. જેની કિંમત ૩૫૪૪૦ રૂપિયાના દારૂ સાથે કુલ ૮૦૪૪૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપાયો હતો અને ખેપિયો નાસી છૂટ્યો હતો.

કરાલી પોલીસ મથકના ભીંડોલ ગામ પાસે પેટ્રોલિંગમાં હતા ત્યારે એક ફંટી કાર પોલીસની ગાડી જોઈ નાસવા લાગતા પોલીસે તેનો પીછો પકડ્યો હતો. કાર ચાલક કોસુમ પાટીયા ત્રણ રસ્તા પાસે કાર મુકી નાસી જતા પોલીસે કારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેને ગણતા કુલ ૯૬ ક્વાટરીયા અને ૫૬ હોલ મળીને કુલ ૧૫૨ નંગ બોટલો મળી આવી હતી. ઝડપાયેલા દારૂની કિમત ૩૫૪૪૦ રૂપિયાની હતી. તેમજ ફંટી કારની કિમત ૪૫૦૦૦ મળીને કુલ ૮૦૪૪૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપાયો હતો.

રાજ્યસભા ચૂંટણી બાદ સનદી અધિકારીઓની બદલીનો દૌર શરૂ થશે..!!

ગાાંધીનગર

અત્યારે રાજ્યસભા ચૂંટણી માટેનો જંગ ગુજરાતમાં કશમકશ પર છે. બીજીતરફ સચિવલાય સહિત રાજ્યમાં આઈએએસ અધિકારીઓની બદલીની કવાયત ચાલી રહી છે. ઉચ્ચસ્તરીય સૂત્રોના જણાવ્યા અનુસાર રાજ્યસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ ગમે ત્યારે વરિષ્ઠ સનદી અધિકારીઓની બદલી થઈ શકે છે. આ વખતે બદલીના રાઉન્ડમાં સચિવાલયમાં લાંબા સમયથી ફરજ બજાવી રહેલા અધિકારીઓને ખસેડવામાં આવશે. આ ઉપરાંત જિલ્લા સ્તરે ફરજ બજાવતા કલેક્ટર-ડીડીઓ ઉપરાંત મ્યુનિ. કમિશનરોમાં પણ બદલીનો રાઉન્ડ આવશે તે લગભગ નિશ્ચિત છે.

જિલ્લા સ્તરે છેલ્લા ૫ વર્ષ કે વધુ સમયથી અલગ-અલગ સ્થળે ફરજ બજાવી રહેલા આઈએએસ અધિકારીઓની સચિવાલયમાં બદલી થઈ શકે છે. આ યાદીમાં વડોદરાના કલેક્ટર શાલિની અગ્રવાલ, રાજકોટ કલેક્ટર રમ્યા મોહન ઉપરાંત અમદાવાદ કલેક્ટર કે કે નિરાલા અને સુરતના કલેક્ટર ધવલ પટેલનો પણ સમાવેશ થઈ શકે છે. ઉચ્ચ સ્તરીય સૂત્રોના જણાવ્યા અનુસાર મહેસાણાના કલેક્ટર એચ કે પટેલને પણ સચિવાલયમાં બદલી અપાઈ શકે છે.

કેન્સરથી અમદાવાદમાં સૌથી વધુ મોત

'અસ્વચ્છ ગુજરાત': રાજ્યમાં દરરોજ ટીબીથી ૧૪,કેન્સરથી ૩,એઈડ્સથી બેના મોત

ગાંધીનગર

વિશ્વભરમાં હાલ કોરોનાનો કેર ચાલી રહ્યો છે, ત્યારે ગુજરાતમાં હજુ સુધી એકપણ કોરોનાનો કેસ પોઝિટીવ આવ્યો નથી. પરંતુ ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં કેન્સરથી ૨,૨૫૦, એઈડ્સથી ૧૫૫૭ અને ટીબી(ક્ષય)થી ૧૦૧૨૦ દર્દીઓના મોત નિપજ્યાં છે. તે જોતા રાજ્યમાં દરરોજ કેન્સરથી ૩, એઈડ્સથી બે અને ટીબીથી ૧૪ લોકોના મોત થાય છે. આ અંગે વિધાનસભામાં આજે ધારાસભ્યએ પૂછેલા પ્રશ્નના લેખિત જવાબમાં રાજ્યના આરોગ્યમંત્રીએ માહિતી આપી હતી કે, રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કેન્સરના ૩૪,૭૩૩, એઈડ્સના ૧૮૦૯૧ તથા ટીબીના ૨,૨૫,૨૧૨ દર્દીઓ નોંધાયા છે. રાજ્યમાં અમદાવાદમાં ૧૦૮૦૧ કેન્સરના દર્દીઓ, એઈડ્સના ૩૩૪૨ દર્દીઓ અને ટીબીના ૯૦૧૯ દર્દીઓ છે. જેમાંથી કેન્સરને કારણે ૧૦૬૨ના, એઈડ્સથી ૧૯૬ અને ટીબીથી ૨૪૭ના મોત થયા છે. જ્યારે વડોદરામાં કેન્સરના ૯૪૦ દર્દીઓ, એઈડ્સના ૧૧૮૮ દર્દીઓ અને ટીબીના ૮૮૮૭ દર્દીઓ છે. જેમાંથી કેન્સરને કારણે ૫ના, એઈડ્સથી ૧૦૩ અને ટીબીથી ૫૭૪ના મોત થયા છે. સુરતની વાત કરીએ તો કેન્સરના ૧૮૪૬ દર્દીઓ, એઈડ્સના ૨૨૩૦ દર્દીઓ અને ટીબીના ૮૦૨૬ દર્દીઓ છે. જેમાંથી કેન્સરને કારણે ૨ના, એઈડ્સથી ૧૮૫ અને ટીબીથી ૪૫૪ના મોત થયા છે. તેમજ રાજકોટમાં કેન્સરના ૧૬૫૮ દર્દીઓ, એઈડ્સના ૧૦૮૫ દર્દીઓ અને ટીબીના ૬૫૩૧ દર્દીઓ છે. જેમાંથી કેન્સરને કારણે ૧૧૨ના, એઈડ્સથી ૮૮ અને ટીબીથી ૩૬૨ના મોત થયા છે.

આરોગ્ય વિભાગ દ્વારા વિરમગામ તાલુકામાં કોરોના વાયરસ અંગે જનજાગૃતિ સહિતની કામગીરી હાથ ધરાઈ



વિરમગામ કોર્ટ ખાતે ઈન્ફારેડ થર્મોમીટરથી ટેમ્પરેચર માપવામાં આવ્યું અને વિવિધ સ્થાનો પર આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરાયુ

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ દ્વારા

વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસના પોઝીટીવ કેસ વધી રહ્યા છે ત્યારે કલેક્ટર અમદાવાદ અને જીલ્લા વિકાસ અધિકારી અમદાવાદની સુચના અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.સતીષ મકવાણા અને જીલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો.ચિંતન દેસાઈના માર્ગદર્શન મુજબ વિરમગામ તાલુકામાં આરોગ્ય વિભાગ દ્વારા કોરોના વાયરસ અંગે જનજાગૃતિ સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે. વિરમગામ તાલુકાના લાયઝન અધિકારી એ. ડી. એમ. ઓ શિલ્પા પટેલ, તાલુકા હેલ્થ ઓફિસર ડો. વિરલ વાઘેલા, તાલુકા સુપરવાઈઝર નીલકંઠ વાસુકિયા, ડો.જીગર દૈવિક, ડો.ઉર્વિ ઝાલા, ડો.મયુરેશ ગઢવી, ડો.વિપલ મોરડીયા, ગૌરીબેન મકવાણા, જયેશ પાવરા સહિતના આરોગ્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ દ્વારા કોરોના અસરગ્રસ્ત દેશમાંથી આવેલા પેસેન્જરની ગૃહ મુલાકાત લઈને પરિવારજનો ને આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું અને પેસેન્જર હોમ ક્વોરન્ટાઈન જ રહે તેવી સૂચના આપવામાં આવી હતી. વિરમગામ એસટી બસ સ્ટેન્ડ ખાતે નોવેલ કોરોના વાયરસ અંગે જનજાગૃતિ કરવામાં આવી અને એસટી બસ ઉપર સ્ટીકર લગાડવામાં આવ્યા હતા. ડેપો મેનેજર સાથે મિટિંગ કરી કોરોના વાયરસ અટકાયતી પગલા ભરવા માટે જણાવવામાં આવ્યું હતુ. વિરમગામ કોર્ટ ખાતે ઈન્ફારેડ થર્મોમીટરથી ટેમ્પરેચર માપવામાં આવ્યું અને કોરોના વાયરસ અટકાયતી પગલાં અંગે સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત હેન્ડ વોશિંગનુ મહત્વ સમજાવવામાં આવ્યું હતુ. વિરમગામ શહેરના વિવિધ વિસ્તારો અને ગામ્ય વિસ્તારો ખાતે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું અને લોકોને કોરોના વાયરસથી બચવાના ઉપાયો સમજાવવામાં આવ્યા હતા. વધુમાં વિરમગામ ખાતે વાહકજન્ય નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત પોરાનાશક કામગીરી વેરિફિકેશન કરવામાં આવ્યું હતુ.અત્રે ઉલ્લેખનિય છે કે,. હવા દ્વારા ચેપી વ્યક્તિના સંપર્કમાં આવવાથી કોરોના વાઈરસનો ચેપ લાગી શકે છે. તાવ, ખાંસી, કફ, વહેતું નાક, ગળાનો દુખાવો, શ્વાસની તકલીફ, શ્વાસ લેવામાં મુશ્કેલીધ્રુજારી આ બધા કોરોના વાયરસના લક્ષણો છે. જો થોડી સાવચેતી રાખવામાં આવે તો કોરોના વાઈરસના ચેપથી ચોક્કસ બચી શકાય તેમ છે. કોરોના વાયરસથી બચવા માટે વારંવાર સાબુથી હાથ ધોવા, ખાંસી કે છીંક ખાતી વખતે રૂમાલથી મોઢા ઢાંકવુ, હાથ મિલાવવા ના બદલે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ નમસ્કારનો ઉપયોગ કરવો, જાહેરમાં થૂકવું નહીં અને ખાસ ભીડભાડવાળી જગ્યાઓથી દૂર રહેવું જોઈએ.

પાલનપુરમાં ૧૧૯ કિલો ગાંજાના છોડના જથ્થા સાથે ખેડૂતની ધરપકડ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં ગાંજાની ખેતી કરતા તત્વોની સંખ્યા વધી રહી છે. તેની સામે તંત્ર પણ સાબદું બનીને કાર્યવાહી સમયાંતરે કરતી હોય છે. થરાદ તાલુકાની પોલીસ એ આવી જ એક કાર્યવાહી કરતાં ગાંજાની ખેતી કરતાં ખેડૂતને પકડી પાડવામાં સફળતા મળી છે.

થરાદ તાલુકાના સેદલા ગામેથી ગાંજાના ૧૧૯.૯૬૦ કિલો છોડ પકડવામાં આવતાં પોલીસ તંત્ર પણ ચોંકી ગયું છે. આટલા મોટા જથ્થામાં ગાંજાના છોડનો જથ્થો પકડાવવો તે ચિંતાનું કારણ બન્યું છે. પોલીસે છોડ સહિત કુલ ૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ગાંજાની ખેતી સેદલા નામના ખેડૂત માવાભાઈ ખીમાભાઈ કરતાં હતાં. પોલીસે ખેડૂત માવાભાઈની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

નોંધનીય છે કે, બનાસકાંઠા જિલ્લામાં એક જ સમાહમાં ગાંજાની ખેતીની ૪ ફરિયાદ નોંધાઈ છે. પોલીસ પણ ગાંજાની ખેતી કરતાં તત્વો સામે તવાઈ બોલાવતાં દરોડા પાડી રહી છે. ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠાના અંતરિયાળ વિસ્તારોમાં અને રાજસ્થાન સરહદ પાસેના વિસ્તારોમાં ગાંજાની ખેતી કરનારા અનેક વખત પકડાતા હોય છે.

સચિવાલયના તમામ પ્રવેશદ્વાર પર મુલાકાતીનું હેલ્થ ચેકઅપ કરાશે

ગાંધીનગર

સચિવાલયની કચેરીઓમાં કોરોના વાયરસ ન ફેલાય તે માટે પુરતી તકેદારી રાખવા ગઈકાલે રાયના સામાન્ય વહીવટી વિભાગ દ્વારા એક સૂચના જારી કરવામાં આવી છે. સચિવાલયના સંકુલના દરેક પ્રવેશદ્વાર પર હેન્ડ સેનિટાઈઝરનો ઉપયોગ ન કરવા અને ફુલ જેવા લક્ષણ ધરાવતા કર્મચારીને તાત્કાલિક સેલ્ફ ક્વોરોન્ટાઈન માટે રજા મંજુર કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

રાજયના સામાન્ય વહીવટી વિભાગ દ્વારા કરવામાં આવેલા આદેશ મુજબ નોવેલ કોરોના વાયરસનો ફેલાવો અટકાવવા ૯ જેટલા તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે. જેમાં અધિકારીઓ વધુને વધુ કામ વીડિયો કોન્ફરન્સીંગથી કરે તેવી તાકિદ કરવામાં આવી છે.

બિનજરૂરી સરકારી પ્રવાસો ટાળવાની સાથે રજિસ્ટ્રીના પ્રિમાઈસીસમાં બિનજરૂરી આવનજાવન અટકાવાયું ફલુ જેવા રોગના લક્ષણ ધરાવતા કર્મચારી અને અધિકારીઓને સેલ્ફ ક્વોરન્ટાઈન માટે તાત્કાલિક મંજૂરી આપવા જણાવવામાં આવ્યું છે.

આઠ દિવસના બાળકને શ્વાને ફાડી ખાતા મોતઃ અરેરાટી વ્યાપી

વેરાવળ

ગીર સોમનાથના વેરાવળમાં શ્વાનનો રીતસરનો આતંક સામે આવ્યો છે. વેરાવળમાં ભીડીયામાં ૮ દિવસના બાળકને શ્વાને ફાડી ખાધું હોવાની ઘટના સામે આવતા વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. શ્વાસે ઘોડિયામાં સુતેલા બાળકને બચકાં ભર્યા હતા.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, વેરાવળના ભીડીયા બંદર ઉપર ૯ દિવસનું બાળક ઘોડીયામાં સુતુ હતુ. ત્યારે રખડતા કુતરાએ આવી પીખી નાંખતા તેનું મોત નીપજ્યું છે. આ બનાવથી આ વિસ્તારમાં અરેરાટી મચી છે. વેરાવળની બાજુમાં આવેલા ભીડીયા બંદરના વોર્ડ નં-૪માં નવાતરા વિસ્તારમાં રહેતા ઉમાબેન કમલેશભાઈ સીકોતરીયાની ત્યાં એક પુત્રનો જન્મ થયો હતો. આ પરિવાર બીજા માળે રહેતા હતા ત્યારે આ કેવલ નામનું બાળક ઘોડીયામાં સુતુ હતુ. એવા સમયે ત્યાં એક રખડતું કુતરૂ આવી પહોંચ્યુ હતુ અને નવજાત બાળકને પીંખી નાંખ્યું હતું. આ અંગે જ્યારે પરિવાર નીચે ઉતર્યો ત્યારે તેના નવજાત બાળકને લોહીલુહાણ હાલતમાં જોતા તેને હોસ્પિટલમાં ખસેડયો હતો. ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ લાવતા હતા ત્યારે રસ્તામાં જ તેનું મોત નીપજ્યું હતું. રખડતા કુતરાએ બાળકને પીંખી નાંખવાની ઘટનાથી અરેરાટી મચી જવા પામી છે.

વૃદ્ધને મગરે ખેંચી જતાં યુવાનોએ જીવના જોખમે મહિલાને બચાવી

વડોદરા

વાઘોડિયા તાલુકાના ગોરજ ગામે દેવ નદીમાં કપડા ધોવા માટે ગયેલી વૃધ્ધાનો પગ પકડી મગર મહિલાને નદીમાં ખેંચી ગયો હતો જો કે વૃધ્ધાએ હિમત દર્શાવી મગરના મુખમાંથી પોતાની જાતને બચાવી હતી. પ્રાપ્ત માહિતી મુજબ ગોરજ ગામમાં રહેતા ૬૫ વર્ષના જવેરીબેન લક્ષ્મણભાઈ પરમાર આજે બપોરે સાડા ત્રણ વાગ્યાની આસપાસ ગોરજ ગામે દેવ નદીના કિનારે કપડા ધોવા માટે ગયા હતાં.

તેઓ એક પગથિયા નીચે પાણીમાં મુકીને કપડા ધોતા હતા ત્યારે મહાકાય મગરે નદીમાંથી અચાનક હુમલો કરી વૃધ્ધાનો પગ પકડી વૃધ્ધાને નદીમાં ખેંચી ગયો હતો જો કે વૃધ્ધાએ મગરનો હિમતપૂર્વક મુકાબલો કરી મગરનાં મોંઢામાંથી પોતાનો પગ છોડાવ્યો હતો. દરમિયાન આ ઘટના સ્થાનિક લોકોના ધ્યાનમાં આવતા કેટલાંક લોકોએ નદીમાં ઝંપલાવ્યું હતુ અને જવેરીબેનને નદીમાંથી બહાર લઈ આવ્યા હતાં. ઈજાગ્રસ્ત જવેરીબેનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતાં. મગરના હુમલાને પગલે ગ્રામજનોમાં ગભરાટ ફેલાયો હતો.

તા.૨૦મી માર્ચે દિવસ અને રાત એક સમાન હશેઃ વિજ્ઞાન જાથા

શુક્રવારે ૧૨ કલાકનો દિવસ ૧૨ કલાકની રાત્રિ અદ્ભૂત ખગોળીય ઘટના

અમદાવાદ

સૂર્યનો ક્રાંતિવૃત્ત અને આકાશી વિષુવવૃત્ત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદન બિંદુને સંપાત દિવસ કહેવામાં આવે છે. તા. ૨૦ મી માર્ચ શુક્રવાર દિવસ અને રાત ૧૨-૧૨ કલાકના સરખા જોવા મળશે. તા. ૨૧ મી શનિવારથી દિવસ ક્રમશઃ લંબાતો જાય છે. આ ખગોળીય ઘટનાને અનુભવ કરવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે તા. ૨૦મી માર્ચ શુક્રવાર દિવસ ૧૨ કલાક ને ૦૪ મિનિટનો, રાત્રિ ૧૧ કલાક ને ૫૬ મિનિટ રહેશે. સૂર્યોદય સવારે ૬ કલાક ૪૫ મિનિટ અને સૂર્યાસ્ત ૬ કલાક ૪૯ મિનિટે થશે. તા. ૨૧ મી માર્ચથી ઉત્તરોતર દિવસ ક્રમશઃ સેકન્ડની ગણતરીએ લંબાતો જશે. દેશના પ્રમુખ શહેરોમાં સરખા દિવસમાં પાંચ-સાત મિનિટનો સમયાનુસાર ફેરફાર તફાવત જોવા મળશે. આ દિવસ પછી સૂર્ય ઉત્તર તરફ ખસતો જતા ઉત્તર ગોળાર્ધની દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત ટૂંકી થતી જાય છે.

વધુમાં જાથાના પંડયાએ જણાવ્યું કે તા. ૨૦-૨૧ માર્ચને વસંત સંપાત દિવસ તરીકે ઓળખવામાં આવે છે. જયારે તા. ૨૧ મી સપ્ટેમ્બરના દિવસને શરદસંપાત તરીકે ઓળખાય છે. તા. ૨૦ મી માર્ચે સૂર્યની આકાશી વિષુવવૃત્તને છેદવાની પ્રક્રિયા શરૂ થતાં તે દિવસ રાત-દિવસ સરખા થાય છે. આ દિવસ પછી ગરમીનું પ્રમાણ વધતું જાય છે. વિષુવવૃત્ત એકબીજાને વર્ષમાં બે વખત છેદે છે. સૂર્ય ખસતો ખસતો આકાશી વિષુવવૃત્તને છેદે છે તેને વસંત સંપાત કહે છે.

વિશેષમાં જયંત પંડયાએ જણાવ્યું કે વસંત સંપાત દિવસ પછી ગરમી શરૂ થાય છે કારણ કે પૃથ્વી પોતાની ધરી ૨૩.૫ ને ખૂણે નમેલી હોય છે. હવે પૃથ્વીનું ઉત્તર તરફનું માથું સૂર્ય તરફ તેટલા ખૂણે નમેલું જોવા મળશે. આપણે ઉત્તર ગોળાર્ધમાં વસવાટ કરતા હોવાથી સૂર્યના સીધા કિરણો આપણા વિસ્તારમાં આવતા હોવાને કારણે ગરમીનું પ્રમાણ વધે છે. જયારે ૨૧ મી જૂન પછી સુર્ય પુનઃ દક્ષિણ દિશા તરફ વળે છે તેથી તેને દક્ષિણાયન કહે છે.

કોરોના વાયરસને પગલે બજારોમાં મંદીનો માહોલઃ વેપારીઓને મોટું નુકસાન

વડોદરા

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાઈરસની વડોદરા શહેરના કાપડ, વાસણ, સોના-ચાંદી સહિતના બજારોમાં માઠી અસર પડી છે. હોળી બાદ લગ્નની મોસમ શરૂ થઈ છે. પરંતુ વડોદરા શહેરના બજારોમાં કોરોના વાઈરસના કારણે ઘરાકી ન હોવાથી વેપારીઓને ૭૦ ટકા જેટલો આર્થિક ફટકો પડ્યો છે. જોકે, વેપારીઓ કહે છે કે, ભલે વેપાર નથી. પરંતુ કોરોના વાઈરસમાં કોઈનો જીવ ન જોવો જોઈએ.

વડોદરા શહેરના મંગળ બજારમાં આવેલા એક વેપારીએ જણાવ્યું હતું કે, હોળી બાદ લગ્નસરાની મોસમ શરૂ થઈ જાય છે. જે વૈશાખી પૂનમ સુધી ચાલુ રહે છે. હોળી બાદ તુરંત જ બજારોમાં લગ્નની ખરીદી શરૂ થતી હોય છે. અત્યારે બજારો કાપડ, વાસણ, સોના-ચાંદીની ચિજવસ્તુઓ સહિત વિવિધ ચિજવસ્તુઓની ખરીદી કરવા આવતા લોકોથી ઉભરાતા હોય છે. પરંતુ કોરોના વાઈરસના કારણે બજારો સુમસામ ભાસી રહ્યા છે. ન છૂટકે લગ્ન સહિત શુભપ્રસંગો લઈને બેઠેલા લોકો ખરીદી કરવા માટે આવી રહ્યા છે.

કોરોના વાઈરસ પહેલા આર્થિક મંદીનો વેપારીઓ સામનો કરી રહ્યા હતા. ત્યારે કોરોના વાઈરસને પગલે પડતા ઉપર પાટુ જેવો ઘાટ થયો છે. જોકે, વેપાર-ધંધો નથી તેનું અમને દુઃખ નથી. પરંતુ વડોદરા સહિત દેશના લોકો કોરોના વાઈરસથી સલામત રહેવા જોઈએ. વડોદરામાં ૩૫૦થી વધુ કાપડની દુકાનો છે. અને માત્ર ૩૦ ટકા ઘરાકી છે. કોરોના વાઈરસના કારણે છેલ્લા ૧૫ દિવસથી વેપાર ઠપ્પ થઈ ગયો છે.

કોંગ્રેસ ધારાસભ્યો જયપુરમાં પણ અસુરક્ષિત..!, છત્તીસગઢ ખસેડાય તેવી શક્યતા

ગાંધીનગર

રાજયસભાની ચૂંટણી જીતવા હોર્સ ટ્રેડિંગની શક્યતાને જોતાં કોંગ્રેસે તેના ધારાસભ્યોને રાજય બહાર તો જયપુરમાં ખસેડ્યા છે. પરંતુ ત્યાં પણ પોતાના ધારાસભ્યો સુરક્ષિત દેખાઈ રહ્યા નથી જેથી રાજયસભાની ચૂંટણીને હાલ એક મોટા સમાચાર મળી રહ્યા છે. રાજસ્થાનના જયપુરમાં રહેલા કોંગ્રેસના તમામ ધારાસભ્યોને હવે ત્યાંથી પણ ખસેડવાનો નિર્ણય કર્યો છે. જેથી જયપુરમાં રહેલા તમામ ધારાસભ્યો ને છત્તીસગઢ ખસેડાય તેવી શક્યતા દેખાઈ રહી છે.

કોંગ્રેસના તમામ ધારાસભ્યો (૬૮ ધારાસભ્યો) અને નેતાઓને જયપુરમાં આમેર રોડ પર આવેલા શિવ વિલાસ રિસોર્ટમાં રોકાયા છે. કોંગ્રેસના તમામ નેતાઓ ૨૫મી માર્ચ સુધી આ રિસોર્ટમાં રોકાશે તેવા વાવડ મળ્યા હતા, પરંતુ ફરી એકવાર પ્રોગ્રામમાં ચેન્જ આવ્યો છે. ત્યારે હાલ એક મોટા સમાચાર મળી રહ્યા છે. કોંગ્રેસ ગુજરાતના ધારાસભ્યોને જયપુરથી ખસેડી છત્તીસગઢ લઈ જવાની વાત સામે આવી રહી છે. તેની જવાબદારી ગુજરાતના સહપ્રભારી જીતેન્દ્ર બઘેલને સોંપાઈ છે. જેના કારણે એક – બે દિવસમાં તમામ ધારાસભ્યોને છત્તીસગઢ ખસેડાશે.

જોકે કોંગ્રેસના ધારાસભ્યોને રાજય બહાર લઈ જવા અંગે પાર્ટીના વરિષ્ઠ નેતાઓ આખરી નિર્ણય કરશે. એટલું જ નહીં, કોંગ્રેસ પોતાના ધારાસભ્યોને રાજસ્થાન, છત્તીસગઢ અને મહારાષ્ટ્ર લઈ જવાની ચર્ચા છે. ક્યારે અને કેટલા ધારાસભ્યોને ક્યાં ખસેડવા તે અંગે ચર્ચા થઈ છે.

ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘનઃ અમદાવાદીઓ રોજ ૫.૮૭ લાખનો દંડ ભરે છે..!

અમદાવાદ

નવા મોટર વ્હીકલ એક્ટ મુજબ આપણે ત્યાં ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારને ભારે દંડ ચૂકવવો પડે છે. પરંતુ ગુજરાત વિધાનસભામાં ચાલી રહેલા સત્ર દરમિયાન જે આંકડા સામે આવ્યા છે તેના પરથી તેવું કહી શકાય કે લોકો દંડ ભરવા તૈયાર છે પરંતુ નિયમ પાળવા નહીં. આ આંકડા પ્રમાણે અમદાવાદીઓ રોજનો સરેરાશ ૫.૮૭ લાખ રૂપિયાનો દંડ ભરે છે. જ્યારે બીજા નંબર પર સુરત છે, જ્યાં લોકો રોજનો સરેરાશ ૫.૫૩ લાખ રૂપિયાનો દંડ ભરે છે. વડગામના અપક્ષ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ પૂછેલા સવાલનો જવાબ આપતાં રાજ્ય સરકારે કહ્યું કે, છેલ્લા બે વર્ષમાં અમદાવાદમાંથી ૪૨.૮૯ કરોડ રૂપિયાનો ટ્રાફિક દંડ વસૂલાયો છે. આ જ સમયગાળા દરમિયાન સુરત શહેરમાં ૪૨.૬૨ કરોડ રૂપિયા એકઠા થયા હતા.

સરકારે તેમ પણ કહ્યું કે, ૨૦૧૮ અને ૨૦૧૯માં અમદાવાદ ગ્રામીણમાંથી ૫.૬૬ કરોડ રૂપિયા અને સુરત જિલ્લામાંથી ૨.૧૬ કરોડ રૂપિયા ટ્રાફિક નિયમોના ભંગ પેટે વસૂલવામાં આવ્યા હતા.

સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે, અમદાવાદ અને સુરતમાં ટ્રાફિક જંક્શન પર સીસીટીવી કેમેરા લગાવવાના કારણે બંને શહેરોમાંથી વધુ કલેક્શન મળ્યું છે.

સામાન્ય બોલાચાલીમાં કર્મચારીએ સાથી કર્મચારીની હત્યા કરી

ભાવનગર

રાજયમાં અવારનવાર સામાન્ય બાબતે હત્યા કરવામાં આવતી હોવાના કિસ્સાઓ સામે આવતા રહે છે. ત્યારે વધુ કે ભાવનગરથી કિસ્સો સામે આવ્યો છે, જેમાં બે કર્મચારીઓ વચ્ચે બોલાચાલી થતા એક કર્મચારીએ બીજા કર્મચારીની હત્યા કરી નાખી છે.

આ મામલે મળતી માહિતી અનુસાર, ભાવનગર સિહોરની સર્વોત્તમ ડેરીમાં બે કર્મચારીઓ વચ્ચે કામની બાબતને લઈને થોડી બોલાચોલી થવા લાગી. આ સામાન્ય બોલાચાલીમાં એક કર્મચારીએ તેના ગુસ્સા પરથી કાબુ ગુમાવ્યો અને બીજા કર્મચારીની તિક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા કરી નાખી હતી.

આ ઘટનાની જાણ ડેરીના સંચાલકને થતા તેઓ ઘટનાસ્થળ પર દોડી આવ્યા હતા અને આ મામલે પોલીસે જાણ કરી હતી. પોલીસે ઘટના સ્થળ પર આવી તપાસ હાથ ધરી છે.

ઈતિહાસમાં પહેલીવાર સાબરમતી આશ્રમ ૨૯ માર્ચ સુધી બંધ રહેશે

અમદાવાદ

૧૯ માર્ચ, ૨૦૨૦ના સવારે નવ વાગ્યા સુધી દેશમાં કોરોના વાયરસના કુલ ૧૬૬ પોઝિટિવ કેસ નોંધાયેલા છે. જેમાંથી ૧૪૧ ભારતીયો અને ૨૫ વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે. દેશમાં અત્યાર સુધી કોરોનાને કારણે ત્રણ લોકોનાં મોત થઈ ચુક્યા છે. કોરોના વાયરસના પગલે અગમચેતીના ભાગરૂપે ગુજરાતમાં સ્કૂલ-કોલેજો, સિનેમાગૃહો તેમજ પર્યટન સ્થળો બંધ કરાવી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત સરકારે જાહેર મેળાવડા ન કરવાની અપીલ કરી છે. ત્યારે અમદાવાદ ખાતે આવેલા સાબરમતી આશ્રમને પણ ૧૯મી જાન્યુઆરીથી ૨૯મી જાન્યુઆરી સુધી એટલે કે ૧૦ દિવસ માટે જાહેર જનતા માટે બંધ કરી દેવામાં આવ્યો છે.

અમદાવાદમાં સાબરમતી નદીના કિનારે બનેલા સાબરમતી આશ્રમને પણ કોરોના વાયરસની મહામારીને ધ્યાને રાખી જાહેર જનતાની મુલાકાત માટે ૧૯ માર્ચ ગુરુવારથી ૨૯ માર્ચ સુધી બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. નાગરિકોની સલામતીને ધ્યાનમાં રાખીને ગાંધી આશ્રમ બંધ નિર્ણય લેવામાં આવ્યો છે.

સાયણ રોડ પર મોટર સાયકલ સવાર શિક્ષકને આંતરી લૂંટ

મોબાઈલ લોકેશનના આધારે ત્રણને ગણતરીના સમયમાં પકડી પાડ્યા

સુરત

ઓલપાડના સાયણ વિસ્તારમાં લૂંટારુ ટોળકી સક્રિય બની છે. સાયણ રોડ પર બાઈક પર જતાં શિક્ષકનો પીછો કરીને લાકડીના ફટકા વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. શિક્ષક પાસેથી મોબાઈલ ફોન અને રોકડ રકમની લૂંટ ચલાવી હતી. લૂંટની ઘટના બાદ હરકતમાં આવેલી પોલીસે ગણતરીના કલાકમાં લૂંટારુને ઝડપી પાડી ગુનો ઉકેલ્યો હતો.

ઓલપાડ તાલુકાની કરંજ ગામે આવેલી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા અને મૂળ કામરેજ તાલુકાના કઠોર ગામની શિવમ પાર્ક સોસાયટીમાં રહેતા જીતેશભાઈ હરકીશનભાઈ ચૌહાણ (૫૦) એ રાબેતા મુજબ પોતાની બાઈક લઈને સ્કૂલે ગયા હતાં. દરમિયાન ઘરે પરત ફરતા હતા. ત્યારે ઓલપાડ સાયણ રોડ સાંધિયેર ગામની સીમમાંથી બાઈક લઈને પસાર થતા હતા. ત્યારે તેમનો એક બાઈક પર આવેલા ત્રણ યુવાનોએ પીછો કરી હેવેન ૪૪૪ નજીક આવી જીતેશભાઈને પાછળથી માથાના ભાગે લાકડીનો ફટકો મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. બાઈક ઉભી કરવા સાથે લૂંટારુઓએ તેમની પાસેનું પાકીટ અને મોબાઈલ ફોન લૂંટી લેવાની કોશિશ કરતા જીતેશભાઈએ પોતાનો બચાવ કરવાનો પ્રયાસ કર્યો હતો. લૂંટારુઓએ તેમના હાથમાં લાકડીના ફટકા મારી ગંભીર ઈજા પહોંચાડી લોહી લુહાણ કરી મોબાઈલ તથા પેન્ટના ખિસ્સામાં મુકેલ પાકીટમાં રાખેલી રોકડ રકમ તથા ખભામાં ભેરવેલું મોટું પાકીટ લૂંટીને બાઈક લઈને ભાગી છુટ્યા હતાં.

લૂંટનો ભોગ બનેલા શિક્ષકને ઓળખીતા લોકો હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. ઘટના બાબતે સાયણ ચોકીના એએસઆઈ નીતેશ. બી. પણડાને જાણ થતા તેમણે ઘટનાની ગંભીરતા જાણી ચોકીના સ્ટાફ સાથે મળીને તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. લૂંટારુઓ લઈ ગયેલા મોબાઈલ ફોનના લોકેશન સાથે સીસીટીવી ફૂટેજને આધારે તપાસ કરી ત્રણ લૂંટારુઓને ગણતરીના કલાકમાં ઝડપી પાડ્યા હતાં. લૂંટનો ગંભીર ગુનો ઉકેલવામાં સફળતા મેળવી હતી. જ્યારે લૂંટનો ભોગ બનનાર શિક્ષકને લૂંટારુઓએ ગંભીર ઈજા પહોંચાડતા હાથમાં બે ફ્રેકચર થતાં સાયણની ખાનગી હોસ્પિટલમાં ઓપરેશન કરી સારવાર હેઠળ રાખવામાં આવ્યા હતા.

સાંધિયેર ગામ નજીક શિક્ષકને લૂંટી લેવાની ઘટનાની ગંભીરતા જાણી ચોકીના એએસઆઈ નીતેશ પણડાએ ફરિયાદ લેવાની કામગીરી બાજુ પર રાખી પહેલા આરોપીને ઝડપી પડવાનું વિચારી સ્ટાફ સાથે તાત્કલિક તપાસમાં લાગી ગણતરીના કલાકોમાં લૂંટારુને ઝડપી પાડ્યા હતા. બાદ તેમણે ફરિયાદ નોંધવાની કામગીરી કરી હતી. ફરિયાદ નોંધ્યા પહેલા લૂંટના આરોપીને ઝડપી પાડવાની જિલ્લા પોલીસની સરાહનીય કામગીરી રહી હતી.શિક્ષકને લૂંટી લેવાની ઘટનાને અંજામ આપનાર મુખ્ય સુત્રધાર સાગર ઉડિયા માલી રીઢો ગુનેગાર છે. જે આગાઉ વાહન વાહનચોરી, લૂંટ અને રાયોટીંગના ગુનામાં પોલીસના હાથે ઝડપાયો હતો. આજે ફરી લૂંટ કરતા ઝડપાતા કુલ ચાર ગુના ઉકેલાયા છે. ત્યારે આટલુંજ નહી પણ બીજા અન્ય ગુના પણ ઉકેલવાની શક્યતા છે.

કોરોના વાયરસ અંગે સર્તકતા

નવસારી કલેકટર અગ્રવાલ દ્વારા ખાનગી તબીબો સાથે બેઠક

સાવચેતી દાખવવા શ્રીમતિ આદ્રા અગ્રવાલની અપીલ

નવસારી

કોરોના વાઈરસનાં સંક્રમણને નવસારી જિલ્લામાં અટકાવવા તેમજ સાવચેતીના ભાગરૂપે કલેકટર કચેરીના સભાખંડ ખાતે ખાનગી ડોકટરો સાથે કલેકટર શ્રીમતિ આદ્રા અગ્રવાલે બેઠક યોજી માર્ગદર્શન આપ્યુ હતું. તકેદારીના ભાગરૂપે દરેક ખાનગી હોસ્પિટલોમાં આઈસોલેટ રૂમ, વેન્ટીલેટર, સોનોગ્રાફી મશીન, પોર્ટેબલ એક્ષ-રે મશીન સહિતના સાધનો સાથેની સુવિધાઓ ઉપલબ્ધ રાખવા કલેકટરશ્રીએ બેઠકમાં ઉપસ્થિત ડોકટરશ્રીઓને અનુરોધ કર્યો હતો.

કોરોના વાઈરસના સંક્રમણને નવસારી જિલ્લામાં ફેલાતો અટકાવવા માટે જિલ્લા તંત્રની સાથે ખાનગી ડોકટરોએ સહયોગ પુરૂ પાડવો આવશ્યક છે. કોરોના વાયરસથી કોઈએ ગભરાવાની જરૂર નથી. તકેદારી, સાવચેતી રાખવાની જરૂર છે.

નોવેલ કોરોના વાયરસ અન્વયે રોગ અટકાયતી પ્લાનને એકશન ટેકન રીપોર્ટ, કંટેનમેન્ટ મેઝર્સ-ઈંફેંઢ-૧૯ અન્વયે તૈયાર કરેલ છે, કોરોના વાઈરસનાં રોગ અટકાયતી પગલા રૂપે લોજીસ્ટીકની ડીમાન્ડ, વિદેશથી આવતા પ્રવાસીઓનાં સ્કીનીંગની વ્યવસ્થા માટે ટીમ કાર્યરત છે. સીવિલ હોસ્પિટલ ખાતે કોરોના અંતર્ગત આઈસોલેશન વોર્ડ કાર્યરત છે, કોરોના વાઈરસ અંતર્ગત જન જાગૃતિ માટે આરોગ્ય કાર્યકર દ્વારા ઁઈઝ પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ છે. બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રી કે.જે.રાઠોડ, પ્રાંત અધિકારીશ્રી જાની, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ભાવસાર સહિત ખાનગી હોસ્પિટલોના ડોકટરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કોરોનાઃ સુરતમાં ટ્યૂશન ક્લાસિસના શિક્ષણ કાર્ય પર ૨૯ માર્ચ સુધી પ્રતિબંધ

સુરત

કોરોનાના વાયરસને લઈને સુરત શહેરમાં લેવાઈ રહેલા સાવચેતીના પગલાં બાદ સુરત જિલ્લામાં પણ ટ્યૂશન કલાસિસ પર અધિક કલેકટરે ૨૯મી માર્ચ સુધી પ્રતિબંધ મૂકી દીધો છે. ભારત સરકાર અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની વખતો વખતની માર્ગદર્શિકાઓને ધ્યાનમાં લઈ કોરોના વાઈરસનો ચેપ ગુજરાતમાં ફેલાય નહિ તેની વિશેષ કાળજી લેવા ગુજરાત સરકાર તરફથી જરૂરી સુચનાઓ પાઠવવામાં આવેલ છે. કોરોના વાયરસનો ચેપ માનવ જીવન, નાની ઉંમરના બાળકો, વિદ્યાર્થીઓના જીવ અત્યંત ભયજનક પરીસ્થિતિમાં ન મુકાય તેની ખાસ તકેદારી રાખવાની છે.

અધિક કલેકટરે જણાવ્યું હતું કે, સુરત જિલ્લા (ગ્રામ્ય)માં કોરોના વાઈરસનો ચેપ ફેલાય નહીં અને અટકાવવા માટે વ્યાવસાયિક અને રહેણાંક વિસ્તારોમાં ચાલતા તમામ ટ્યૂશન-કોચિંગ ક્લાસિસના શૈક્ષણિક કાર્ય ઉપર ૧૯મીથી ૨૯ માર્ચ સુધી સંપુર્ણ પણે પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. આ સમય દરમિયાન રાજ્ય સરકારની સુચનાઓનું સંપૂર્ણપણે પાલન કરવાનું રહેશે. આગામી રાજ્ય સરકારની સુચનાઓ પછી તેઓને કાર્યરત થવા દેવામાં આવશે. ઉપરોકત હુકમનો ઉલ્લંઘન કરનાર ઈ.પી.કો. કલમ - ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

વકીલોએ બાર લાયબ્રેરીમાં ઉપયોગ ટાળવોઃ પક્ષકારો ગેરહાજર રહી શકે

કોરોના વાયરસને ફેલાતા અટકાવવા નવસારી જિલ્લા કોર્ટે માર્ગદર્શિકા જાહેર કરી

નવસારી

ડિસ્ટ્રી કટ કોર્ટ નવસારી તથા તેના તાબા હેઠળની તમામ કોર્ટોમાં કોરાના વાયરસના સંક્રમણના ફેલાતા અટકાવવા હેતુસર માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

માર્ગદર્શિકામાં પક્ષકારોએ અનિવાર્ય સંજોગો સિવાય કોર્ટમાં વ્યાકિતગત રીતે હાજર રહેવું નહિ. જયુડીશયલ ઓફિસરશ્રીઓ, વકીલશ્રીઓ, પક્ષકારો તથા તમામ સ્ટાફ કર્મચારીઓએ એકબીજાનું અભિવાદન, હસ્ત,ધૂનની જગ્યા,એ નમસ્તેથ થી કરવું ઉપરાંત પોતાના હાથ વ્યનવસ્થિત રીતે સાફ કરવા. કોર્ટમાં હાજર રહેનાર તમામ વ્યવકતિઓના સ્કિનનીંગ માટે જરૂરી સંખ્યાોમાં ટેમ્પિરેચર ગન/ થર્મલ સ્કેનિર મેળવવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. કોર્ટો દ્વારા વકીલો તથા પક્ષકારોની ગેરહાજરી બાબતે કોઇ ગંભીર કે આકરા પગલાં/નોંધ લેવા નહિ. કોરાના વાયરસ ફેલાય નહિ તેની સાવચેતીના ભાગરૂપે કોર્ટ સંકુલમાં કોર્ટ સ્ટાંફ, વકીલો, પક્ષકારો તેમજ પોલીસ કર્મચારીઓએ સામૂહિક રીતે એક જ જગ્યાપએ ભેગા થવાનું/ ટોળામાં ઉભા રહેવાનું ટાળવું. તમામ વકીલશ્રીઓએ બાર લાયબ્રેરીનો ઉપયોગ ટાળવો તથા એડવોકેટ બાર રૂમમાં લાંબા સમય સુધી બેસી ન રહી, જરૂરી કામ પુરતું જ કોર્ટ સંકુલમાં હાજર રહેવું. તમામ કોર્ટ કર્મચારીઓને તા.૩૧/૦૩/ ૨૦૨૦ સુધી બાયોમેટ્રીક હાજરી પુરવામાંથી મુકિત આપવામાં આવેછે. તેમ નવસારીના મુખ્યી જિલ્લાઉ ન્યાયાધીશ શ્રી બી. એન. મકવાણાની યાદીમાં જણાવાયું છે.

ઉધના ઝોને વધુ આઠ મિલકતોને સીલ માર્યા

સુરત

મ્યુનિ. કમિસનરના આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન (ઉધના) આકારણી અને વસૂલાત વિભાગે વિવિધ વિસ્તારમાં સઘન વેરા વસૂલાતની ઝુંબેશ અંતર્ગત તા.૧૮-૩-૨૦૨૦ના રોજ ખટોદરા, ઉધના, પાંડેસરા, ભેસ્તાન, ઉન, બમરોલી, ગભેણી, સોનારી, ભેદવાડ, વડોદ વગેરે જુદા જુદા વિસ્તારોમાં કુલ ૦૮ મિલ્કતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. સદર કાર્યવાહી દરમ્યાન કુલ ૦.૩૮ લાખ રોકડા તથા એડવાન્સ ચેકની વસૂલાત કરવામાં આવેલ છે. આજરોજ મિલકતવેરા પેટે કુલ રૂા.૪૦.૪૪ લાખ જેટલી વસૂલાત કરવામાં આવેલ છે. વધુમાં જમીન મિલકત વિભાગ દ્વારા વડોદ આવાસ વિસ્તારમાં કુલ ૪૨ મિલકતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ જે પૈકી રૂા.૦.૭૫ લાખ રોકડા તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે અને રૂા.૨.૫૦ લાખ જેટલી વસૂલાત કરવામાં આવેલ છે.

જલાલપોર અબ્રામા ગામ પાસે કાર ચાલકે ઉડાવી દેતા વૃદ્ધનું મોત

ઘટના સ્થળે વૃદ્ધના મોટા દિકરાનું આઠ વર્ષ પૂર્વે અને નાના દિકરાનું ચાર વર્ષ પૂર્વે અકસ્માતમાં મોત થયું હતું

સુરત

નવસારીના જલાલપોર નજીકના અબ્રામા ગામે હિટ એન્ડ રનમાં એક વૃધ્ધનું કરુણ મોત નીપજ્યું હતું. બુધવારની રાત્રે ઈકો કાર ચાલકે વૃધ્ધ મનુદાદાને અડફેટે ચઢાવી લગભગ ૫૦ ફૂટ દૂર સુધી ઘસડી નાસી ગયો હતો. ઈજાગ્રસ્ત મનુદાદાને તાત્કાલિક સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યાં હતાં. જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું હતું. લોકોમાં નવાઈ એ વાતની છે કે ૮ વર્ષ અગાઉ મોટા દીકરાનું અને ગત ૪ વર્ષ પહેલા નાના દીકરાનું જે જગ્યાએ અકસ્માતમાં મોત થયું હતું તે જ જગ્યા પર બન્ને અકસ્માત બાદ વૃધ્ધનું મોત થતાં લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

પરિવારે જણાવ્યું હતું કે, મનુભાઈ ચીમભાઈ હળપતિ (ઉ.વ. ૭૦) વાંસના કરસાતા બનાવી પોતાની અને બે બે વિધવા વહુ અને એમના બાળકોનું ગુજરાન ચલાવતા હતા. બુધવારની રાત્રે રસ્તો ઓળંગતી વખતે એક ઈકો કારનો ચાલક મનુદાદાને અડફેટે લઈને ૫૦ ફૂટ દૂર ફેંકી ગયો હતો. ઘટના બાદ લોકો દોડી આવ્યા હતા અને દાદાને નજીકની હોસ્પિટલ બાદ નવસારી અને ત્યારબાદ સુરત સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. જ્યાં તેમનું મોત નીપજ્યું હતું.મનુદાદાના ૪૦-૪૫ વર્ષના બે પુત્રો અજિત અને સંજયનું પણ આ જ ઘટના સ્થળે રોડ અકસ્માતમાં મોત નીપજ્યા હતાં. ૮ વર્ષમાં આ પરિવારના બે પુત્રો અને આખરે પિતાનું પણ અકસ્માતમાં થયેલું મોત વિધાતાનો અજીબો ગરીબ લેખ હોવાનું પરિવારજનોએ વધુમાં ઉમેર્યું હતું.

એનએમએમએસ પરીક્ષામાં શાળા સમિતિ જિલ્લામાં અગ્રેસર

સ્કુલના ૩૨૦ વિદ્યાર્થીઓ મેરીટમાં સામેલ

સુરત

દર વર્ષે રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા ધોરણ-૮માં ભણતાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહક શિષ્યવૃત્તિ વાર્ષિક ૧૨૦૦૦ લેખે ૪ વર્ષ સુધી કુલ ૪૮૦૦૦ની માતબર રકમ શિષ્યવૃત્તિ મળે તે હેતુસર ચાલુ વર્ષે યોજાયેલ એન. એમ. એમ. એસ.-૨૦૧૯ની પરીક્ષામાં સુરત કોર્પોરેશનમાંથી કુલ ૬૮૧૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ હતી. તેમાંથી સુરત કોર્પોરેશનમાં ૩૮૯૦ વિદ્યાર્થીઓ ક્વોલિફાઈડ થયા હતા. જેમાંથી સુરત જિલ્લાના કુલ ક્વોટા ૪૫૧માંથી ૩૨૦ વિદ્યાર્થીઓ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતના મેરીટમાં સ્થાન મેળવેલ હતા. જેમને એમ.એચ.આર.ડી. દ્વારા આ તમામ વિદ્યાર્થીને કુલ ૪૮૦૦૦ જેટલી માતબર રકમ મળવા પાત્રા થશે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન હસમુખભાઈ પટેલ તેમજ શાસનાધિકારી વિમલ ભાઈ દેસાઈ દ્વારા મેરીટમાં સ્થાન પામનાર તમામ વિદ્યાર્થીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

માસ્ક અને સેનેટાઈઝરના ઉત્પાદકો અને વેપારી માટે જાહેરનામુ પ્રસિદ્ધ

ઉત્પાદકો તથા વેપારીઓએ વસ્તુઓનો વધારે ભાગ વસુલી શકશે નહીં

નવસારી

હાલમાં વિશ્વમાં ચીન સહિત ૧૦૦ થી વધુ દેશોમાં નોવેલ-કોરોના વાયરસ-૨૦૧૯ COVID-૧૯ થી વ્યાનપક પ્રમાણમાં જાનહાનિ થયેલ છે. વિશ્વી આરોગ્યા સંસ્થા એ આ રોગને વૈશ્વિરક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ આ રોગોનો કેસ નોંધાયેલ છે. ગુજરાતમાં આ રોગનો ફેલાવો ન થાય તે માટે આગમચેતીના પગલાં લેવાના થાય છે. આ રોગના મુખ્યે લક્ષણોમાં ભારે તાવ, કફ, શરદી, શ્વાતસ લેવામાં તકલીફ વગેરે જોવા મળે છે. આ લક્ષણો રેસ્પેકરેટરી ઈન્ફે કશનને મળતાં હોઈ આ રોગનો ફેલાવો ઝડપથી થાય છે. આ રોગને અટકાવવા માટે ફેસ માસ્કા અને હેન્ડક સેનેટાઈઝરોનો વ્યાશપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. જે અન્વાયે નવસારી જિલ્લા મેજીસ્ટ્રે ટ શ્રીમતી આદ્રા અગ્રવાલને મળેલી સત્તાઝની રૂએ નવસારી જિલ્લાવમાં માસ્કા (૨ પ્લાટઈ, ૩ પ્લાસય સર્જિકલ માસ્કર, એન ૯૫ માસ્કહ) અને હેંડ સેનેટાઈઝરના તમામ જથ્થાાબંધ તથા છુટક વિક્રેતાઓ , સંગ્રહકર્તાઓ, ઉત્પા દકોએ શરતોનું પાલન કરવા જાહેરનામું ફરમાવવામાં આવ્યું છે.

જેમાં ધંધાના સ્થંળે ઉઘડતો સ્ટોક અને ભાવ યાદી પ્રદર્શિત કરવાની રહેશે. વ્યાપારીઓએ નકકી કરેલા અથવા દર્શાવેલ ભાવ કરતા વધુ ભાવે આવશ્યમક ચીજવસ્તુરઓ વેચવી નહિ. નિયત કરતાં વધુ નફાનો ગાળો રાખી શકાશે નહિ. સટ્ટાખોરી કરવી નહિ. વેચાણમાની આવશ્કકયક ચીજ વસ્તુીઓ આપવાની ના પાડી શકશે નહિ. ફરજીયાતપણે બીલ આપવાનું રહેશે. હિસાબો રાખવાના રહેશે. (દૈનિક સ્ટોક રજીસ્ટવર નિભાવવાના રહેશે.) આવશ્યેક વસ્તુહઓના સ્ટોસકની જાળવણી, સંગ્રહ, વેચાણભાવ વિગેરેને લગતાં આવશ્યવક ચીજવસ્તુફ અધિનિયમની તમામ જોગવાઈઓનું ચૂસ્તસપણે પાલન કરવાનું રહેશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંવઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

સુરત જિલ્લાના ૭૨ ગામો માટે વધુ સાત એમ્બ્યુલન્સો ફાળવાઈ

સુરત કલેકટર ડો. પટેલે એમ્બ્યુલન્સોની ચાવી પાયલોટોને આપી

સુરત

રાજ્ય સરકારના ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ વિભાગના ઉપક્રમ એવા ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન, સુરત દ્વારા પ્રધાનમંત્રી ખનિજ ક્ષેત્ર કલ્યાણ યોજના અંતર્ગત રૂ.૧.૬૩ કરોડના ખર્ચે ખરીદવામાં આવેલી સાત એમ્બ્યુલન્સોને જિલ્લા કલેકટરશ્રી ડો.ધવલ પટેલે જિલ્લા સેવા સદન ખાતે એમ્બ્યુલન્સના પાઈલોટસને ચાવી અર્પણ કરી પ્રસ્થાન કરાવ્યું હતું.

સુરત જિલ્લાના સાત તાલુકાના ૭૨ ખનિજ અસરગ્રસ્ત ગામો પૈકી ઉમરપાડા, માંડવી, માંગરોળ અને મહુવા તાલુકાના વાડી, વલવાડા, કમલપોર, પાતાલ, તડકેશ્વર, કડોદ, નાની નરોલીના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેમાં ઉમરપાડાના ત્રણ, માંડવીના ૨૮, માંગરોળના ૨૦ અને મહુવાના ૦૭, બારડોલીના ૦૪, પલસાણાનું એક, અને કામરેજના ૦૯ ગામોને સાત એમ્બ્યુલન્સ દ્વારા ગ્રામજનોને આરોગ્ય સુવિધા મળશે.

નોંધનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા વર્ષ-૨૦૧૯-૨૦ માટે સાત એમ્બ્યુલન્સ સહિત ૧૦ સેલ કાઉન્ટર વિથ કીટ, ૧૦ ઓટો એનાલાઈઝર વીથ કીટ અને ૦૩ લેબર ટેબલ સહિત અંદાજિત રૂ.૧.૬૭ કરોડનું અનુદાન મંજૂર કરવામાં આવ્યું છે. જે સંદર્ભે પ્રથમ તબક્કામાં સાત એમ્બ્યુલન્સનું લોકાર્પણ સંપન્ન થયું છે.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે. કોયા, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી હસમુખ ચૌધરી, જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી શ્રીમતી સુનિતાબેન અરોરા, જિલ્લા આયોજન અધિકારીશ્રી વી.સી.માંડવીયા, એપિડેમિક મેડિકલ ઓફિસરશ્રી પિયુષ શાહ, જિલ્લા તિજોરી અધિકારીશ્રી મ્હાલા સહિત આરોગ્ય વિભાગ અને કલેકટર ઓફિસના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

લોક રીપેર કરવા આવેલો કારીગર તિજોરી સાફ કરી ગયો

સુરત

પાંડેસરા ગુ.હા. બોર્ડ હરિઓમ નગરના એક ઘરની તિજોરીનું તાળુ રિપેર કરવા આવનાર સરદારજી જેવા લાગતા વ્યક્તિએ તિજોરીમાંથી રૂપિયા ૪૩૦૦૦ની મતાની ચોરી કરી ગયો હતો.પાંડેસરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પાંડેસરા ગુ.હા. બોર્ડ હરિઓમ નગરમાં રહેતાં કવિતાબેન ઉમાશંકર ગુમાએ તિજોરીનું લોક રિપેર કરવા માટે એક અજાણ્યા સરદારજી જેવા લાગતા વ્યક્તિને બોલાવ્યો હતો. આરોપીએ તિજોરીનું લોક રિપેર કરવાના નામે તિજોરીમાંથી સોનાના જુમખા, મંગળસૂત્ર, ચેઈન, વીંટી, નથની, રોકડા ૫૦૦૦ મળી કુલ રૂા.૪૩૦૦૦ની મતા ચોરી કરી ગયો હતો. ઘર માલિક કવિતાબેને પાંડેસરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSC) ની પરીક્ષાને અનુલક્ષી પરીક્ષા કેન્દ્રોથી ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ/ફેકસ પર પ્રતિબંધ

નવસારી

કેન્દ્રિય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSC) દ્વારા તાત્કાલિક અસરથી તા.૩૦/૦૩/૨૦૨૦ દરમિયાન ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાનું સરળ અને સુચારુ સંચાલન થાય, જાહેર પરીક્ષાની ગુણવત્તા અને વિશ્વસનીયતા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ શાંત અને સ્વસ્થચિતે પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ આદ્રા અગ્રવાલે મળેલી સત્તાની રૂએ નવસારી જિલ્લાના પરીક્ષા કેન્દ્રોની અને બિલ્ડીંગની હદથી ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યકિતઓને ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા, કોઈપણ વ્યકિતએ (પરીક્ષાર્થી સહિત) હથિયાર, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ સ્માર્ટ બેન્ડ લઈ જવા ઉપર કે લાઉડ સ્પીકર વગાડવા કે અવાજ મોટો કરવાનું કોઈ યંત્ર વગાડવા ઉપર તથા પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ/ ફેકસ સેન્ટરો પર તાત્કાલિક અસરથી તા.૩૦/૦૩/૨૦૨૦ ના રોજ સવારે ૭-૦૦ થી ૧૯-૦૦ કલાક દરમિયાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર ગણાશે.

કામરેજના તલાટી વતી રૂા.૭૧ હજારની લાંચ લેનાર વચેટીયો ઝડપાયો

કોન્ટ્રાક્ટરનું બિલ પાસ કરવા તલાટી ધારાબેન ઠેસીયાએ લાંચ લેવા વચેટીયાને મોકલ્યો હતો

સુરત

સરથાણા ગણેશ ડેરી એન્ડ સ્વીટ દુકાનની સામે તક્ષશીલા આર્કેટ નજીક ACBએ કામરેજના મહિલા તલાટી કમ મંત્રીના વાઉચરને ૭૧ હજારની લાંચ લેતા રંગે હાથે ઝડપી પાડ્યો છે. આજે સવારે કરાયેલા આ ઓપરેશનમાં ACB બન્ને વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સીમાડી ગ્રામ પંચાયત કચેરીનું બાંધકામ તથા આંગણવાડી રીનોવેશનનો કોન્ટ્રાક્ટ પૂર્ણ કર્યા બાદ બાકી નીકળતી ૧.૬૦ લાખની રકમ મજૂર કરાવવા ૭૧ હજારની લાંચ માગવામાં આવી હતી.

મદદનીશ નિયામક એ ન . પી . ગો હિલ ,એ.સી.બી. સુરત એકમ એ જણાવ્યું હતું કે, કામરેજ સીમાડી ગ્રામ પંચાયતની કચેરી અને આંગણવાડીનું રીનોવેશન કામગીરી કરાઈ હતી. જેતે સમયે એટલે કે ઓગષ્ટ-૨૦૧૯માં રૂપિયા ૧૦.૬૦ લાખના પૈકી કોન્ટ્રાક્ટરને રૂ. ૯ લાખ ગ્રામ પંચાયતમાંથી ચૂકવી દેવાયા હતા અને ૧.૬૦ લાખ બાકી રખાયા હતા. જેને લઈ કોન્ટ્રાક્ટર વારંવાર બાકી નીકળતી રકમને લઈ કચેરીના ધક્કા ખાતા હતા. જોકે, આ રકમ મંજુર કરાવવા કચેરીના તલાટી કમ મંત્રીએ ૭૧ હજાર માગ્યા હતા. જેથી કોન્ટ્રાક્ટરે નવસારી ACBમાં ફરિયાદ કરી હતી. તપાસ અધિકારીએ મોબાઈલ ફોન ઉપર વાતચિત કરી લાંચની રકમની માંગણી કરનાર ઈસમના રેકોર્ડિંગ પુરાવાને આધારે છટકું ગોઠવ્યું હતું. કિશન મહેશભાઈ લાખાણીને ૭૧ હજારની લાંચ લેતા રંગેહાથે ઝડપી પાડ્યો હતો. જ્યારે આ લાચના મુખ્ય આરોપી ધારાબેન ગોબરભાઈ ઠેસીયા હોદ્દો, તલાટી કમ મંત્રી સીમાડી ગ્રામ પંચાયત તા.કામરેજ જી. સુરત. રહે. એ- ૧૧, અશ્વિન સોસાયટી વિભાગ- ૧, ધરમનગર રોડ, હિરાબાગ સર્કલ, સુરત ધરપકડ કરવાની બાકી હોવાનું જણાવ્યું હતું.

લો બોલો કોરોના ના કારણે રાજપીપળા એસટી ડેપોના અધિકારીઓ પણ કડક બન્યા



રાજપીપળા એસટી ડેપોમાં જાહેરમાં થૂંકનારા ૫ વ્યક્તિ ઓને દંડ કરાયો રાજપીપળા ડેપો અને ડેપોની આસપાસ કાયમ ગંદકી જોવા મળે છે પરંતુ થૂંકનાર પાસે વસુલાય છે દંડ..?!

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા એસટી ડેપોમાં પણ હાલ કોરોના ને લઈ અધિકારીઓ સતર્ક થઈ ગયા છે. ડેપોમાં શૌચાલય સહિત ની જગ્યાઓ એ ભલે ગંદકી હોય પરંતુ હાલ કોરોના ના કારણે જો કોઈ જાહેરમાં થૂંકે તો તેની આવી બને છે.બુધવારે રાજપીપળા એસટી ડેપોના પ્લેટફોર્મ અને આસપાસ જાહેરમાં થૂંકનાર ૫ વ્યક્તિઓ પાસે વ્યક્તિ દીઠ ૧૦૦/- રૂપિયા લેખે દંડ વસુલ કરવામાં આવ્યો હતો તેમ ડેપો મેનેજર પી.પી.ધામા એ જણાવ્યું હતું.

ધામા એ વધુમાં જણાવ્યું કે અમારી સુપરવિઝન ટિમ ડેપો પર હોય છે એ સતત ધ્યાન આપતી હોય બુધવારે દિવસ દરમિયાન જાહેરમાં થૂંકનાર પાંચ વ્યક્તિઓને ઝડપી તેમની પાસે વ્યક્તિ દીઠ ૧૦૦/- રૂપિયા મુજબ દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

નર્મદા જિલ્લા પંચાયતનું ૧૪૩ કરોડના પૂરાંત વાળુ બજેટ સર્વાનુમતે મંજુર

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



નર્મદા જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ- બિટીપી નું શાસન છે.નર્મદા જિલ્લા પંચાયતના સભાખંડ માં પ્રમુખ દામુ વસાવા તથા નર્મદા જિલ્લા વિકાસ અધિકારી જીનસી વિલિયમ્સની ઉપસ્થિતિમાં વર્ષ ૨૦૧૯-૨૦ નું સુધારેલું તથા ૨૦૨૦-૨૧ નું મૂળ અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હતું.તમામ ચર્ચા વિચારણાઓ બાદ વર્ષ ૨૦૧૯- ૨૦ નું ૨૭૭ કરોડની આવક અને ૧૩૪ કરોડની ઉઘડતી સિલક મળી ૧૪૩ કરોડ રૂપિયા પૂરાંતનું કુલ ૪૧૨ કરોડનું બજેટ સર્વાનુમતે મંજુર કરાયું હતું.અત્રે એ ઉલ્લેખનીય છે કે આ બજેટમાં નર્મદા જિલ્લા પંચાયત ઉપપ્રમુખ વનિતાબેન વસાવા ગેરહાજર રહ્યા હતા.

નર્મદા જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન બહાદુરભાઈ વસાવાએ જણાવ્યું હતું કે નર્મદા જિલ્લા પંચાયત પાસે સ્વભંડોળની આવક ન હોવાથી જિલ્લા પંચાયતનો વહીવટ કરવો મુશ્કેલ પડે છે,ભરૂચ જિલ્લા માંથી નર્મદા જિલ્લો છૂટો પડ્યો એનો કોઈ મતલબ રહેતો નથી. સ્વભાંડોળ ન હોવાથી ચૂંટાયેલા પ્રતિનિધિઓને એમના વિસ્તારના વિકાસ માટે પૂરતી ગ્રાન્ટ નથી મળતી.નર્મદા જિલ્લા પંચાયત પ્રમુખની ગાડી બિલકુલ ચાલી શકે એવી હાલતમાં નથી અને નવું વાહન લેવાના પણ જિલ્લા પંચાયત પાસે પૈસા નથી.

ગુજરાતના નર્મદા અને દાહોદ જિલ્લાને આકાંશી જિલ્લા તરીકે સરકારે જાહેર કર્યો છે, ઉપરથી નર્મદા જિલ્લામાં પેસા એક્ટ લાગુ છે છતાં ડિસ્ટ્રીકટ પ્લાનિંગ કમિશનના વિશેસ અનુદાન માંથી નર્મદા જિલ્લા માટે વિશેસ બજેટ ફાળવવામાં આવતું નથી,સરકાર આ બાબતે અસંવેદન શીલ છે.નર્મદા જિલ્લાના પ્રભારી મંત્રી બચુ ખાબડને આ બાબતે અગાઉ રજૂઆત કરી હતી તે છતાં કોઈ પગલાં નથી ભરાયા, નર્મદા જિલ્લાના વિકાસ માટે સરકારને કોઈ ઈચ્છા લાગતિ નથી. આ તમામ બાબતે અમે બજેટની બેઠકમાં ચર્ચાઓ કરી ઉચ્ચ કક્ષાએ ધ્યાન દોરવા જણાવ્યું હતું.

સુરત શહેર અને જિલ્લામાં ઓબ્ઝર્વેશનમાં રખાયેલા ૧૦૦૦ પૈકીના ૫૩૬ લોકો મુક્ત

બાકીના લોકોને ૧૪ દિવસ પૂર્ણ થયા બાદ ઓબ્ઝર્વેશન મુક્ત થશે : કોરોના વાયરસના ત્રણ શંકાસ્પદ કેસનો રિપોર્ટ પેન્ડિંગ

સુરત

કોરોના વાયરસની સામે સુરત શહેર જિલ્લાનું આરોગ્ય તંત્ર બરોબર ઝીંક ઝીલી રહ્યું છે. સુરત શહેર અને જિલ્લામાં ૧૦૦૦થી વધુ લોકોને ઓબ્ઝર્વેશનમાં રખાયા હતા. જે પૈકી ૫૩૬ લોકોનો ૧૪ દિવસનો સમય પૂર્ણ થતાં ઓબ્ઝર્વેશનમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. તેમજ તેઓને તકેદારી રાખવા માટેની સૂચના પણ આપવામાં આવી હતી.

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી ડૉ. આશિષ નાયકના જણાવ્યા મુજબ અત્યાર સુધી ૯૨૫થી વધુ લોકોને ઓબ્ઝર્વેશનમાં રખાયા હતા. જેમાંથી ૫૦૦ જેટલા વ્યક્તિને ૧૪ દિવસનો સમય પૂર્ણ થતા ઓબ્ઝર્વેશનમાંથી મુક્ત કરી જરૂરી સૂચનાનું પાલન કરવાનું જણાવવામાં આવ્યું છે. હાલ સુરત શહેરમાં ૪૨૯ લોકો ઓબ્ઝર્વેશનમાં છે. તેમજ દાખલ ત્રણ લોકોના રિપોર્ટ હજુ પેન્ડિંગ છે.

જ્યારે સુરત જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના ડૉ. પિયુષ શાહના જણાવ્યા મુજબ ૧૦૨ જેટલા લોકોને ઓબ્ઝર્વેશન હેઠળ રખાયા હતા. જેમાંથી ૩૬ જણાને ૧૪ દિવસ બાદ ઓબ્ઝર્વેશનમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. હાલ ૬૬ જેટલા લોકો ઓબ્ઝર્વેશન હેઠળ છે.

આમ, સુરત શહેર અને જિલ્લાનું આરોગ્ય તંત્ર સતત દોડતુ રહી દિવસ-રાત સાંભવિત કોરોના વાયરસને હરાવવા માટે એલર્ટ રહે છે.

અડાજણમાં ઘરને નિશાન બનાવી તસ્કરો દાગીના સહિત રોકડ લઈ ગયા



સુરત

અડાજણ વિસ્તારમાં આવેલા સંગમ ટાઉનશીપમાં આવેલા ઘરને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. જેમાં તસ્કરો ઘરમાંથી સોના ચાંદીના ઘરેણા તેમજ રોકડા રૂપિયા મળી કુલ ૯૭ હજારની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ સંદર્ભે ઘર માલિકે અડાજણ પોલીસ મથકમાં ફરિયાદ નોધાવી હતી

સુરતના અડાજણ સ્થિત આવેલા સંગમ ટાઉનશીપમાં રહેતા હર્ષદભાઈ અંબુભાઈ પટેલના ઘરને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું જેમાં તસ્કરો ઘરમાં પ્રવેશ કરી ઘરમાં રહેલા કબાટના લોકરમાંથી સોનાની ચેઈન, બુટી, વીટી તેમજ રોકડા રૂપિયા ૨૦ હજાર મળી કુલ ૯૭ હજારની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા ઘરમાં ચોરી થઈ હોવાની જાણ થતા ઘર માલિકે અડાજણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે આ મામલે અડાજણ પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધી તપાસ શરુ કરી છે

સમરસ હોસ્ટેલ કોરોન્ટાઈન વોર્ડમાં ત્રણ નિરીક્ષણ હેઠળ

શારજાહથી આવેલા મુસાફરોના આરોગ્યની તપાસ બાદ ઘરે મોકલી દેવાયા

સુરત

કોરોના વાયરસ સામે સતર્કતા અને વધુ ફેલાતા અટકાવવા વિદેશથી આવનારા પ્રવાસીઓ માટે કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. કેમ્પસમાં આવેલ સમરસ બોઈઝ હોસ્ટેલમાં ૫૦૦ બેડની કોરોન્ટાઈન ફેસિલિટી સેન્ટર ઉભુ કરાયું છે.

સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિ. ડૉ. આશિષ નાયકના જણાવ્યા અનુસાર ગતરાત્રે શારજહાથી આવેલી ફ્લાઈટના તમામ યાત્રીઓનું આરોગ્ય વિભાગની ટીમ દ્વારા થર્મેલ સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. જે યાત્રીઓમાં સર્દી ખાંસી, તાવના લક્ષણો ન દેખાતા તેઓને ઘરે આઈસોલેશન (હોમ કોરોન્ટાઈન) હેઠળ રાખવાની સૂચના આપવામાં આવી હતી. ૬૦ વર્ષથી વધુ ઉંમરના અશક્ત એવા ત્રણ દર્દીઓને કોરોન્ટાઈન ફેસિલિટી સેન્ટર ખાતે નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે. મનપાની હેલ્થ ટીમ સતત તેમનું નિરીક્ષણ કરી રહી છે. જો તેઓમાં કોઈ શંકાસ્પદ લક્ષણો દેખાય તો તેમને તાત્કાલિત સિવિલ અથવા સ્મીમેરના આઈસોલેશન વોર્ડમાં ખસેડવામાં આવશે.

સુરતમાંથી અત્યાર સુધી કોરોના વાયરસના શંકાસ્પદ દર્દીઓ મળી આવ્યા છે. જે પૈકી ૮નો રિપોર્ટ નેગેટીવ આવ્યો છે. જ્યારે ૩નો રિપોર્ટ પેન્ડિંગ છે.

મહારાષ્ટ્રમાં ટ્રીપ મારતી બસ સેવા બંધ કરવા એસટી નિગમે કરેલો નિર્ણય

કોઈપણ એસટી બસ મહારાષ્ટ્ર તરફ ઉપડે નહીં : કોરોના વાયરસથી બચવા અગમચેતીના પગલાં

સુરત

કોરોના વાઈરસને કારણે ગુજરાત સરકારે અગમચેતી પગલાના ભાગરૂપે ગુજરાત એસટી ડેપોની મહારાષ્ટ્ર તરફ જતી તમામ બસો આજે બપોરથી જ્યાં સુધી બીજો કોઈ નિર્ણય ન લેવાય ત્યાં સુધી સંચાલન બંધ કરવાનો નિર્ણય અમદાવાદ મધ્યસ્થ કચેરી તરફથી લેવામાં આવ્યો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર વિશ્વના ૧૬૨ દેશોમાં નોવેલ કોરોનાએ પગપેસારો કર્યા બાદ મહારાષ્ટ્ર સહિત સમગ્ર ભારતમાં ત્રણેક વ્યક્તિઓના કરૂણ મોત નીપજયા હતા. જયારે ઘણાં વ્યક્તિઓ શંકાસ્પદ કોરોના હેઠળ હોસ્પિટલો તેમજ આઈસોલેશન વોર્ડમાં અંડર ઓબ્ઝરવેશનમાં રાખવામાં આવ્યા છે. અંડર ઓબ્ઝરવેશનમાં રાખવામાં આવ્યા છે. જોકે, ગુજરાતમાં આ લખાય છે ત્યાં સુધીમાં એક પણ કોરોનાનો પોઝીટીવ કેસ નથી. ત્યારે ગુજરાત સરકાર દ્વારા અગમચેતી તથા સાવધાનીના પગલાના ભાગરૂપે અમદાવાદ એસટીની મધ્યસ્થ કચેરી તરફથી એવી આપેલી સૂચના મુજબ આજે બપોરથી ગુજરાત એસટીની જે બસો મુંબઈ, પુણે, ઔરંગાબાદ, શીરડી, નાશિક, એજન્ટા, શાહદા તરફ જતી બસોનું સંચાલન સદ્ંતર બંધ કરી દેવામાં આવ્યું છે. આ સૂચનાનો અમલ બીજી કોઈ સૂચના ન આપે ત્યાં સુધી રહેશે એવું પણ સૂત્રો દ્વારા જાણવા મળ્યું ચે. જોકે, સુરત એસટી ડેપોમાંથી અંદાજે ૨૦થી ૨૫ બસો મહારાષ્ટ્ર તરફ દોડતી હોવાનું પણ જાણવા મળ્યું છે.

માસ્ક-સેનેટાઈઝરની વધુ કિંમત વસુલનાર વેપારીને ૧૦ હજારનો દંડ

ઉઘાડી લૂંટ શરૂ થતા ગ્રાહક સુરક્ષા વિભાગ સક્રિય

વલસાડ

વિશ્વ આરોગ્ય સંસ્થાોએ નોવેલ કોરોના વાયરસને મહામારી તરીકે જાહેર કર્યો છે. ત્યા રે રાજય સરકાર દ્વારા આગમચેતીના ભાગરૂપે સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે. જેને અનુલક્ષીને વલસાડના મદદનીશ નિયંત્રણ કાનુની માપ અને ગ્રાહક સુરક્ષા અધિકારી જે. આર. ગરાસીયાના માર્ગદર્શન હેઠળ માસ્કષ અને સેનીટાઈઝરના વેચાણમાં નાગરિકો પાસેથી એમઆરપી કરતાં વધુ ભાગ ન લેવાય તે બાબતે વિભાગીય નિરીક્ષકો દ્વારા ૨૮ જેટલા એકમોની તપાસણી કરતાં આઠ એકમો એમઆરપી કરતાં વધુ ભાવ લેતા ઝડપાયા હતા. આ એકમો સામે કાયદેસરની કાર્યવાહી કરી કુલ ૧૦ હજારનો દંડ વસુલ કરાયો હતો. આ અંગે તપાસણીનો દોર રોજે-રોજ ચાલુ રાખવામાં આવ્યોવ છે,એમ કાનુની માપ અને ગ્રાહક સુરક્ષા અધિકારી, વલસાડ દ્વારા જણાવાયું છે.

ધરમપુરનું જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર તા. ૩૧મી માર્ચ સુધી બંધ

વિશ્વ આરોગ્ય સંસ્થાએ નોવેલ કોરોના વાયરસને મહામારી તરીકે જાહેર કર્યો છે. જેને અનુલક્ષીને નોવેલ કોરોના વાઈરસના ફેલાવાની સંભાવના ધ્યાને લઈ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના પરિપત્ર મુજબ જાહેર હિતમાં તકેદારીના ભાગરૂપે વલસાડ જિલ્લાના ધરમપુર સ્થિત જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર તાત્કાલિક અસરથી તા.૩૧/૩/૨૦૨૦ સુધી બંધ રાખવાનો નિર્ણય કરાયો છે. જેની સંબંધિતોને નોંધ લેવા જિલ્લા વિજ્ઞાન અધિકારી આઈ.એ.ઢાલાઈ દ્વારા જણાવાયું છે.

હેલ્થ ક્લબ, ટેનિસ, બેડમિન્ટન કોર્ટ બનશે

સુરત સ્ટેડિયમમાં ૮ હજાર ક્ષમતાવાળુ પેવેલિયન બનશે

સુરત

પીપલોદ ખાતે આવેલા લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમમાં નોર્થસ્ટેન્ડ પેવેલિયન બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ પેવેલિયન બનાવવા માટે ૧૨ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. હાલ સ્ટેડિયમમાં ૭ હજારની બેઠક વ્યવસ્થા છે નોર્થ સ્ટેન્ડ પેવેલિયનમાં ૮ હજારની બેઠક વ્યવસ્થા હશે. બંને મળીને સ્ટેડિયમમાં ૧૫ હજારની બેઠક વ્યવસ્થા થશે. ૨૦૨૨ સુધીમાં આ સ્ટેડિયમની કામગીરી પુર્ણ થશે. ૧૨ કરોડના ખર્ચે ૨૩ હજાર સ્ક્વેરફૂટમાં બનાવાશે પેવેલિયન. જેમાં મિડિયા બોક્સ, લાઈવ મિડિયા બોક્સ, વીઆઈપી બોક્સ અને લાઈવ કોમેન્ટ્રી બોક્સ પણ હશે. સંપૂર્ણ પેવેલિયન બીસીસીઆઈની ગાઈડલાઈન પ્રમાણે તૈયાર કરાશે. ખેલાડીઓ બેટમિન્ટન અને ટેનિસની તૈયારી કરી શકે તે માટે જૂના પેવેલિયનની બાજુમાં ૩ ટેનિસ કોર્ટ અને ૨ બેડમિન્ટન કોર્ટ તૈયાર કરવામાં આવશે. આ બંને વસ્તુઓ તૈયાર કરવા પાછળ ૩ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. પેવેલિયન બન્યા પછી પાર્કિંગની કરવાની સમસ્યા ઉભી ન થાય ત માટે ૨૫ હજાર સ્કવેર ફૂટ વિસ્તારમાં પાર્કિંગ બનાવવામાં આવશે. જેમાં ક્રિકેટ મેચ જોવા માટે આવતા દર્શકો વાહનોનું પાર્કિંગ કરી શકશે.



કોરોના વાયરસ ફેલાવાના ભયને પગલે અગમચેતી દાખવવા માટે ફેસ માસ્ક અને સેનેટાઈઝરનો વ્યાપક ઉપયોગ શરૂ કરાયો છે. ત્યારે જૈન સોશ્યલ ગ્રુપ નક્ષત્રના ઉપક્રમે સુરતના અઠવાગેટ વિસ્તારમાં માસ્ક તથા સેનેટાઈઝરનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

દક્ષિણ ગુજરાતના તાપમાનમાં ઘટાડો : સુરતમાં ૩૧ ડીગ્રી

ગઈકાલ કરતા બે ડીગ્રી ઓછુ તાપમાન નોંધાયું

સુરત

શહેર સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે દિવસથી તાપમાનમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આજે ગતરોજની સરખામણીએ ૨ ડિગ્રી ઓછુ તાપમાન નોંધાયું છે. સાંજ સુધી સરેરાશ તાપમાન ૩૫ ડિગ્રીની આસપાસ રહે તેવી શક્યતા છે. આગામી બે દિવસ શહેરીજનોને ગરમીથી રાહત મળે તેવી શક્યતા છે. સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે બપોરે શહેરનું અધિકતમ તાપમાન ૩૧ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ બપોરે ૨૩ ડીગ્રી નોંધાયું હતું. આજેસાંજ સુધી ગરમીનો પારો અધિકતમ ૩૫ ડીગ્રીની આસપાસ પહોંચે તેવી શક્યતા છે. સવારના સમયે વાદળછાયા વાતાવરણ બાદ બપોરે તડકો નીકળ્યો હતો. હવામાન વિભાગના સૂત્રો દ્વારા વધુમાં મળતી માહિતી મુજબ આગામી બે ત્રણ દિવસ ગરમીથી રાહત મળી રહે તેવી શક્યતા છે. અધિકતમ તાપમાન ૩૩ ડીગ્રીની આસપાસ રહેશે.

તિલકવાડાના અગર ગામે ધારિયા અને કુહાડી વડે હુમલો કરનાર ત્રણને સજા ફટકારતી કોર્ટ

જુના ઝગડાની અદાવત રાખી કૌંટુંબિક ભાઈઓએ ભાઈ પર જીવલેણ હુમલો કર્યો હતો.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

તિલકવાડા ના અગર ગામે જુના ઝગડા ની અદાવત રાખી કૌંટુંબિક ભાઈઓ એક ભાઈ પર ધારિયા કુહાડી અને લાકડા વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી જેમાં પોલીસે ત્રણ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.ત્રણયને કોર્ટમાં રજુ કરતા જીલ્લાના પ્રિન્સીપાલ સેશન્સ જજની કોર્ટમાં કેશ ચાલી જતા સરકારી વકીલ પ્રવીણ પરમાર ની દલીલ ને ધ્યાનમાં રાખી ત્રણેયને અલગ અલગ સજા કરી છે દંડ ફટકાર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તિલકવાડાના અગર ગામના પુનાભાઈ જીવણભાઈ ભીલ ૧૬ ઓગસ્ટ ૨૦૧૮નારોજ સવારના ૭ વાગ્યે પોતાના ખેતરે ગયો હતો.ત્યાં ખેડાણ કરતો હતો તે વખતે તેનો કુટુંબીક ભાઈ રામદાસ નારણ ભીલ અગાઉના ઝઘડાની રીસ રાખી તેના ખેતરમાં હાથમાં કુહાડી લઈ ગેરકાયદેસર પ્રવેશ કરી ગમેતેમ અપશબ્દો બોલી ઝઘડો કરવા લાગ્યો હતો તેનું ઉપરાણું લઈ ઈશ્વર નારણ ભીલ પણ ધારીયુ લઈ આવ્યો અને તેની સાથે નારણ જીતા ભીલ પણ લાકડી લઈને આવેલો આ ત્રણે ભેગા થઈ કુહાડી અને ધારિયું માર્યા બાદ છાતીના ભાગે તથા પેટના ભાગે લાકડીના સપાટા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. દરમ્યાન પુના વસાવાની પત્ની બચાવ માટે બુમો પાડતા બીજા માણસો આવી ગયા હતા.ત્યારે આ ત્રણેય ત્યાંથી ભાગી ગયા હતા.

આ ત્રણેય એક સંપ થઈ પુનાભાઈ ભીલને જાનથી મારી નાખવાની કોશિશ કરતા ત્રણ સામે તિલકવાડા પોલીસમાં ગુનો નોંધી નોંધાયો હતો જે અંગે જીલ્લાના પ્રિન્સીપાલ સેશન્સ જજ જે.પી.ગઢવીની કોર્ટમાં આ કેશ ચાલી જતા સરકારી વકીલ પ્રવિણકુમાર એચ.પરમારે ધારદાર દલીલો કરતા કોર્ટે ત્રણેય હુમલા ખોરોને કસૂરવાર ઠેરવી અલગ અલગ સજાઓનો હુકમ કર્યો છે.જેમાં રામદાસ નારણ ભીલ ને ત્રણ વર્ષેની કેદની સજા તથા ૫૦૦૦ નો દંડ,ઈશ્વર નારણ ભીલને ચાર વર્ષેની કેદની સજા તથા ૫૦૦૦ નો દંડ જયારે નારણ જીવા ભીલને એક માસની કેદની સજા તથા ૧૦૦૦ નો દંડ કરવામાં આવ્યો છે. સાથે સાથે આરોપીઓ એ ભરેલ દંડની રકમ પૈકી ૧૦,૦૦૦ ફરીયાદીને વળતર પેટે ચુકવવાનો પણ હુકમ કર્યો છે.

કોરોના ઈફેક્ટ : રાજપીપળાથી નાસીક જતી એક માત્ર એસટી બસ નાસીક જતી બંધ :ફક્ત સાપુતારા સુધીજ દોડે છે

રાજપીપળા એસટી ડેપો પર સફાઈનો અભાવ હોય આ ST ડેપો કે શ્વાનો નું ઘર..?! પ્લેટફોર્મ પર મુસાફરો પાસે ફરતા શ્વાન જોખમરૂપ..?



હાલ મહારાષ્ટ્ર તરફ કોરોનાનો હાઉ હોય ઘણી ટ્રેનો,બસો સહિત અનેક ટ્રાવેલ્સ પણ બંધ હોય એસટી બસ પણ બંધ હોવાથી નાસીક બસ પણ મહારાષ્ટ્ર માં દાખલ ન કરવા હુકમ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સમગ્ર વિશ્વમાં કોરોના એ પગ પેસારો કર્યો હોય ચારે તરફ તેનો હાઉ જોવા મળી રહ્યો હોય માટે આ વાયરસ ગુજરાતના અમુક જિલ્લાઓ માં હજુ નથી ઘૂસ્યો ત્યારે સુરક્ષાના હેતુસર કયાંક બહાર થી આ વાયરસ દાખલ ન થાય એ બાબતે ખાસ તકેદારી લેવાઈ રહી છે તેથી ગુજરાત માંથી મહારાષ્ટ્ર તરફ જતી ટ્રેનો,એસટી બસો સહિત ની ટ્રાવેલ્સ બંધ કરાઈ હોય રાજપીપળા થી નાસીક(મહારાષ્ટ્ર) જતી એક માત્ર એસટી બસ પણ હાલ નાસીક સુધી ન મોકલી ફક્ત સાપુતારા સુધીજ ચાલુ રાખવામાં આવી છે.

એક તરફ ગુજરાત એસટી તંત્ર તકેદારીના ભાગરૂપે રાજપીપળા થી નાસીક (મહારાષ્ટ્ર)જતી બસનું અંતર ઘટાડી મહારાષ્ટ્ર તરફ જતી બસો અટકાવે છે,ડેપોમાં સેનેટાઈઝર ઉપલબ્ધ રાખી તેનાથી હાથ ધોવા સ્ટાફને સુચના પણ આપે છે જ્યારે બીજી તરફ સફાઈ બાબતે ખાસ કાળજી લેવાતી નથી તદુપરાંત રખળતા શ્વાનો પણ પ્લેટફોર્મ પર ફરતા હોય ત્યારે કોરોના ની સુરક્ષા બાબતે અનેક સવાલ ઉભા થઈ રહ્યા છે.

રાજપીપળા આયુર્વેદ દવાખાના ખાતે આખરે આયુર્વેદ ઉકાળા વિતરણ શરૂ કરાયું...કોરોના વાયરસમાં આ ઉકાળો લાભદાઈ : ૩ દિવસ વિતરણ થશે

નર્મદામાં ૧૬ આયુર્વેદ દવાખાના સામે માત્ર ૩ જ આયુર્વેદ ડોક્ટર હોય જાયે તો જાયે કહા જેવો ઘાટ ના અહેવાલ બાદ બીજા દિવસથી જ ઉકાળા વિતરણ શરૂ થતાં રાહત



નર્મદા જિલ્લામાં સરકારી આર્યુવેદીક દવાખાનાઓમાં ડોક્ટરોની ઘણી જગ્યા ખાલી હોય તો ઉકાળા વિતરણ કોણ કરે..? તેવા અહેવાલ બાદ ગુરુવાર થી ૩ દિવસ માટે વિતરણ ચાલુ થયું.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા માં ૧૬ આર્યુવેદ સરકારી દવાખાના ખુલ્લા જરુરુ મુકાયા છે પરંતુ હાલ જાણે એ શોભાના ગાંઠિયા સમાન લાગી રહ્યા છે કેમકે ૧૬ દવાખાના સામે માત્ર ૩ જોવાજ ડોક્ટર હોય એમને પણ અન્ય તાલુકાનો ચાર્જ સોંપયો છે જેથી જાયે તો જાયે કહા જેવો ઘાટ થઈ રહ્યો છે.

રાજપીપળા સહિત જીલ્લાના આયુર્વેદ દવાખાનાઓ પર અગાઉ જ્યારે પૂરતા ડોક્ટરો હતા ત્યારે સમયાંતરે આયુર્વેદ ઉકાળાનું વિતરણ થતાં લોકોને મોટી રાહત હતી અને આ ઉકાળો હાલ કોરોના જેવા વાયરસ સામે પણ ખાસ લાભદાયી હોવા છતાં ઉકાળાનું વિતરણ જિલ્લાના વડા મથક રાજપીપળાના દવાખાના ખાતે પણ શરૂ ન થયુ હોવાના અહેવાલ બાદ આ વિભાગની ઊંઘ ઉડી અને બીજા દિવસે જ ગુરુવાર થી દરબાર રોડ લાઈબ્રેરી સ્થિત આયુર્વેદ દવાખાના દ્વારા ઉકાળા વિતરણ ચાલુ કરાયું હતું.આ ઉકાળાનું વિતરણ ૩ દિવસ થશે જેમાં પહેલાજ દિવસે કોરોના ના હાઉ વચ્ચે ઉકાળો પીવા લોકોની પડાપડી જોવા મળી હતી.આયુર્વેદ વિભાગ દ્વારા ઉકાળો પીવા આવતા લોકોને કોરોના વાયરસ સંક્રમણ સામે રક્ષણાત્મક ઉપાયોની જાણકારી આપતા પેમ્પ્લેટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

સ્ટેચ્યુ ઓફ યુનિટી અને અન્ય પ્રોજેકટ ૨૫ માર્ચ સુધી પ્રવાસીઓ માટે બંધ હોય પ્રવાસીઓને રિફંડ અપાયુ

રાજપીપળા

રાજય સરકારનાં આદેશ મુજબ કેવડિયા સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સંલગ્ન તમામ પ્રવાસીય દર્શનીય સ્થળો તા.૧૮ થી ૨૫ માર્ચ સુધી પ્રવાસીઓ માટે બંધ રાખવાની સુચના મળતા હાલ આ તમામ પ્રોજેકટ બંધ હોય સ્ટેચ્યુ ઓફ યુનિટીનાં મુખ્ય વહીવટદાર અને જીલ્લા કલેકટર, નર્મદા,મનોજ કોઠારી દ્વારા ગત તારીખ ૧૭ માર્ચે માધ્યમો સમક્ષ બંધ રાખવા સંબંધે જાહેરાત કરાઈ હતી.જે અનુસંધાને સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ તરફથી મળેલ માર્ગદર્શન મુજબ અહિયાની કચેરી ખાતે ઉપલબ્ધ ટિકીટીંગ સિસ્ટમ દ્વારા જે પ્રવાસીઓએ એડવાન્સ ઓનલાઈન બુકીંગ કરાવ્યું હતું તેવા લગભગ ૨૦૦૦ જેટલા પ્રવાસીઓને ૨૪ કલાક માંજ રીફંડ આપી દેવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, રીફંડ બાબતે પ્રવાસીઓ પાસેથી કોઈ પણ પ્રકારનો ચાર્જ લેવામાં આવ્યો નથી. આ ૩૫૦૦ પ્રવાસીઓનાં ૮૦૦ જેટલા બુકીંગ બાબતે તાત્કાલીક તમામનો ટેલીફોનિક તેમજ ઈ-મેઈલ દ્વારા સંપર્ક કરીને તરત આ અંગે જાણ કરી રીફંડ આપ્યા બાદ પણ અહીયા ની કચેરી દ્વારા આ અંગે પ્રવાસીઓ સાથે ખાતરી કરવામાં આવી હતી.

તેમ છતા કોઈ પણ પ્રકારની સમસ્યા હોય તો કચેરી દ્વારા કાર્યરત ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર-૧૮૦૦-૨૩૩-૬૬૦૦ પર સવારે ૮.૦૦ થી સાંજના ૬.૦૦ દરમ્યાન(સોમવાર સિવાય) સંપર્ક કરી શકાશે.તેમ વહીવટદાર કચેરી તરફથી જાણવા મળ્યું છે.

રાજપીપળા કોર્ટ કમ્પાઉન્ડમાં આવેલા વૃક્ષ પર એક બગલો ફસાઈ જતા ઈજાગ્રસ્ત :પાલીકા ટીમે બચાવ્યો



વન વિભાગની ટિમ સ્થળ પર આવી પરંતુ વૃક્ષની ઊંચાઈ પર બગલો ભેરવાયો હોય આખરે પાલીકા ફાયર ટીમે નીચે ઉતાર્યો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા કોર્ટ માં હાલ કોરોના ના કારણે લોકોની ખાસ અવર જવર નથી તેવામાં બુધવારે કોર્ટની અંદર આવેલા વૃક્ષ પર બગલો ફસાઈ જતા તડફડીયા મારી રહ્યો હોય ગુરુવારે વન વિભાગના કર્મચારીઓ તેને બચાવવા દોડી આવ્યા પરંતુ બગલો વૃક્ષની ઊંચી ડાળ પર દોરા સાથે લપેટાયેલો હોવાથી બચાવવો મુશ્કેલ હોય આખરે રાજપીપળા નગરપાલિકા ફાયર ટીમને જાણ કરાતા ફાયર ટીમે ૨ દિવસ થી જીવન મરણ વચ્ચે તડફડીયા મારતા બગલાને બચાવી લેતા સૌએ રાહત મેળવી હતી.આમ કોર્ટ કમ્પાઉન્ડના વૃક્ષ પર ફસાયેલા બગલા ને પાલીકા ટિમ મોત ના મુખ માંથી બચાવી આ ઈજાગ્રસ્ત બગલાની સારવાર કરાવી છોડી મુક્યો હતો.

જાણવા મળ્યા મુજબ કોર્ટમાં આવેલુ આ વૃક્ષ નકામું હોય તેને ઉતારી લેવા અરજી પણ આપી છે પરંતુ હજુ સુધી એ જમીનદોસ્ત ન થતા એક બગળાનો જીવ જતો ઉગારી લેવાયો હતો.



રાજ્ય સરકારના આદેશને પગલે શાળાઓ વિદ્યાર્થીઓ માટે બંધ કરી દેવામાં આવી છે. પરંતુ શિક્ષકો તથા કર્મચારીઓએ શાળામાં આવવું ફરજીયાત છે. એક શાળામાં કોરોના વાયરસ અંગે શિક્ષકો તથા કર્મચારીઓને માર્ગદર્શન આપવામાં આવતુ હોવાનું તસ્વીરમાં નજરે પડે છે.

કોરોના બાબતે રાજપીપળાની લારીઓ પર સ્વચ્છતાનો અભાવ જણાતા પાલીકા ટીમે ૧૦ થી વધુને દંડ ફટકાર્યો: કુલ ૭ ને જાહેરમાં થૂંકવા બદલ દંડ કરાયો



પાલિકાના ચીફ ઓફિસર દ્વારા કોરોના બાબતે દરેક પ્રકારની કડક કાર્યવાહી કરવા બાબતે સતત મોનીટરીંગ કરાતા ટિમો એલર્ટ,લોકોમાં ફફડાટ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોના ના કારણે રાજપીપળા નગર પાલીકાના ચીફ ઓફિસર જયેશ પટેલ દ્વારા આ બાબતે ટીમોને કડક સૂચના અપાઈ હોય આ કામગીરી પર ચીફ ઓફિસર સતત મોનીટરીંગ રાખી રહ્યા છે જેથી પાલીકા ટિમો પણ શહેરમાં સતત ફરતી થતા અત્યાર સુધી કુલ- ૭ વ્યક્તિઓને જાહેરમાં થૂંકવા બદલ દંડ ફટકારતા શહેરમાં બેફામ થૂંકતા લોકો સાવધાન થઈ ગયા છે.સાથે સાથે કોરોના બાબતે સ્વચ્છતા પણ જરૂરી હોય પાલીકા ટિમોની બાઝ નજર માં આવેલી શહેરની ખાણી પીણીની લારીઓ પૈકી ૧૦ થી વધુ લારીઓ પર સ્વચ્છતા નો અભાવ જણાતા પાલીકા ટીમે આવી તમામ લારીના સંચાલકોને પણ દંડ ફટકારી હવે થી સ્વચ્છતા જરૂરી હોવાના પાઠ ભણાવી કડક સૂચના આપી હતી. ત્યારે કામગીરીનું સતત નિરીક્ષણ કરી રહેલા પાલિકાના ચીફ ઓફિસર જયેશ પટેલ દ્વારા કોરોનાને લગતી કોઈ પણ બાંધછોડ સાંખી લેવામાં નહિ આવે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

નવસારીના નહેરુ નગરમાં રહેતા યોગીતાબેન ગુમ

નવસારી ટાઉન પોલીસ સ્ટે:શનની યાદીમાં જણાવ્યાં અનુસાર યોગીતાબેન સંજયભાઈ ગુટે રહે- નહેરૂનગર જૂની પાણીની ટાંકી, માઈનોર શાખાની ગલીમાં નવસારી તા.૧૧/૦૩/૨૦૨૦ ના રોજ સવારના આશરે ૮-૦૦ કલાકે કોઈને કહયા વગર કયાંક ચાલી ગઈ છે. ગુમ થનાર યોગીતાબેનની ઉ.વ.આશરે -૨૨, શરીરે સફેદ અને બ્લેયક લાઈનીંગવાળી ટોપી, શોર્ટ ટી શર્ટ અને કમરે કાળા કલરનું પેન્ટટ પહેર્યુ છે. ગુમ થનારની ભાળ મળ્યે નજીકના પોલીસ સ્ટેકશન અથવા નવસારી ટાઉન પોલીસ સ્ટેંશનનો સંપર્ક જણાવાયું છે.



પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO







૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત
MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટરઃ** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટરઃ** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટરઃ** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટરઃ** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)